

સતી શિચલવતી.

સંભવ સુખદાતા નમી,
નમી હર્ષ ગુરૂપાય;
વાર્ત્તા રૂપે શીલવતી,
ગાશું દેવી પસાય.

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય સાધુના સમુદાયરૂપ પંચ પરમેષ્ઠિના ચિન્હરૂપ ૐકાર સહીત કોઈપણ ગુણીપદને નમસ્કાર કરતાં સર્વ પાપ નાશ થાય છે. જેથી આ જગતમાં તેનાથી અધિક કંઈ પણ નથી અને તેનું ધ્યાન કરતાં સંત પુરૂષો મોક્ષ મેળવે છે; અને તેનું આઠે પહોર સ્મરણ કરતાં કરતાં પ્રમાદનો નાશ કરી, છદ્મસ્થ અવસ્થા દૂર કરી, કેવળજ્ઞાન પામી, જ્યોતિરૂપ સિદ્ધપણું પામી સમતામાં મહાલે છે.

સામાન્ય પુરૂષે પણ પંચપરમેષ્ઠિના ૐકારમાં રહેલા ગુણમાં લીન થઇ પોતાના અંતરાત્માને ઓળખી આઠ કર્મરૂપ ઘાતી અઘાતીના બંધને દૂર કરી દીધાં છે જેથી પાપનાશક જેના ચરણકમળ છે અને નિર્મળ લક્ષ્મીના વધારારૂપ છે તેવા અવીનાશી અલવેસર પરમાત્માને પ્રણામ કરી તેમની સ્તવના કરાય છે.

સિદ્ધાંતની અધિષ્ટાયિકા શ્રુતદેવી સમકીતની દેવાવાળી છે અને જેનાવડે તત્વ અતત્વની જ્ઞાનવડે પરીક્ષા થાય છે તેવા સદ્‌ગુરૂના પદપંકજ નમીને મોક્ષ માર્ગે સાનિદ્ધ (સહાય) કરવાના તેમના ઉત્તમ ગુણને યાદ કરી તેમના પ્રસાદવડે પંડીત કવીરાજશ્રી નેમવિજય મુનિરાજે પૂર્વાચાર્યોના ગ્રંથોથી ઉદ્ધરેલા શ્રી શીલવતી રાસરૂપ રત્ન ગુણાકરને બાળજીવોના ઉપકારાર્થે ગદ્યબંધ કથાથી હર્ષમુનિ પન્યાસ ખડતરગચ્છના વિષે જે રત્નરૂપ છે તેના પ્રસાદવડે હું કહીશ. કારણ કે જેણે પતિના ઉપર પરમેશ્વર સમાન ભાવ કરી તેના દુર્ગુણ ધ્યાનમાં ન લેતાં ફક્ત પોતાના કર્મના દોષજ દીલે ધારી શીળવૃતને પાળેલ છે તે સતિઓમાં અગ્રેસર પદ પામનાર આ શીલવતીના ગુણ સમુહરૂપ કથાને સાંભળનાર, લખનાર બંને શીલ પાળી ભવ પાર પામશે. ધર્મના ચાર સ્થંભમાં મુખ્ય શીલ છે. પાળનારજ દાન દેછે, તપ કરે છે, અને ઉત્તમ ભાવ રાખે છે. તેમાં પણ જે પરવશ અનાથ નિરાધાર એવી સ્ત્રીવર્ગ તેને શીલરૂપ રત્ન સાચવવું ઘણું મુશ્કેલ છે. માટેજ નરનારીઓ તે સતિના ગુણ ગાવામાં પોતાનું કલ્યાણ છે તેવું જાણી એક ચિત્તે શ્રવણ કરજો. એવું માણેકમુનિ નામે છતાં ગુણે નહિ હોવાથી ગુણી થવા શ્રી સંઘની સેવા બજાવવા શક્તિ નહી છતાં કથા કહેવા સાહસ કરે છે.

જે શીલના પ્રભાવે જળનું સ્થળ, જંગલમાં મંગળ અને અગ્નિમાં શીતળતા થાય છે તથા વાઘ બકરી સમાન વર્તે છે, શત્રુમિત્ર રૂપ થાય છે તે શીલગુણધારક સતિ સતીયાને દેવતા

વારંવાર પ્રણામ કરે છે; અને તેમનું જીવન ધન્ય છે કે જે આ લોકમાં શ્રીજિનેંદ્ર પ્રભુની ભક્તિ અને અંતઃકરણે પ્રેમ ધરાવાનું છે. સંસારમાં દુર્મતિ રૂપ શિલાને દૂર કરનાર તથા અંગમાં શંકા કરી રહેલા અપારે રોગ, ભગંદર, શ્વાસ, જ્વર, ખાંસી, ક્ષય, વિગેરે રોગને નાશ કરનાર, દારિદ્રયને દહન કરનાર, જન્મ મરણની બીકને તોડનાર અને જીવનો [illegible] સૌભાગ્યપણું આપનાર છે. એવું શ્રી વીતરાગદેવ શ્રી જિન શાસનમાં શીલના કર્ત્તવ્યરૂપ આગમમાં ચાલે છે અને સો-ધીમે જિનવર તેના ગુણોને વખાણી શીલવ્રતની પરિપાલના કરે છે; તે સતિના ઘરમાં નીતિની લક્ષ્મી વધે છે પતિને તે માનનીય થાય છે; તેનો પ્રતાપ ભયંકર સિંહ, વાઘ, સાપ, વરૂ, હિંસક, પશુપક્ષીને પણ સેવા કરવા રૂપ થાય છે; ગમે તેટલાં કષ્ટ પૂર્વના પાપના ઉદયે આવે તો પણ છેવટે શીલ ગુણ સહાયકારી સાચો મિત્ર બની સંકટ ટાળી શિવપદ આપે છે, માટે હે ગુણગ્રાહક સાંભળનાર! ચિત્ત રાખી સાંભળજો.



અગ્ર પદ પામી છે; જે કિલ્લા, મઠ, પોળો, કોટવડે મનોહર લાગે છે. સ્ત્રીઓનાં રૂપ દેખતાં દેવાંગનાજ માણસરૂપે આવી વસેલી લાગે છે; અનુકુળ વરસાદવડે જમીન કસવાળી હોવાથી છએ રૂતુ અનુક્રમે ખીલી શોભાવડે લોકનાં કલેશ દુઃખને શાંત પમાડે છે.

આ ચંપાનગરી તથા અંગદેશનાં વન, આરામ, બગીચાની શોભા નંદનવન સમાન હોવાથી તેમાં યૌવનવયનો ઉપભોગ કરી રાત્રદીવસ દેવ સમાન નરનારીઓ રમણતા કરે છે; જેમાં કુવા વાવ તળાવાદિ જળસ્થાનો ઉનાળાની ઉષ્ણતાને શાંત રાખે છે; જેથી સ્વર્ગની અમરાપુરીનોજ અહીં ભાસ થાય છે; તેવી શ્રેષ્ઠ નગરીમાં સિંહસેનરાજાના શૌર્યથી શત્રુઓ શીયાળસમ હારી શાંત પડેલા છે, અને ન્યાયના આધારવડે પ્રજા જેને પિતા પ્રમાણે અવલંબી રહી છે તે રાજાને સૌભાગ્યસુંદરી-ગુણના સમુહવડે ગૌરી સમાન સુખદાતા-પટરાણી પતિ સેવામાં લીન થયેલી-પતિને સદા સુખ આપતી રહી છે. રાજ્યમાં શાંતિ અને પ્રજામાં ભક્તિ અને પુણ્યની પ્રબળતાથી નીરોગી કાયા વિગેરે સઘળું બંનેને સાથે મળવાથી તે દેવ દેવી માફક પરસ્પર ચાહી એકબીજાને યોગ્ય આચરણવડે આનંદ આપતાં હતાં. કામદેવ ને રતિ પ્રત્યક્ષરૂપ અને ગુણવડે જોવાતાં હતાં; જો કે પાંચે ઇંદ્રી મળેલી તેનો ઇચ્છાનુસાર ઉપયોગ થવા છતાં ને સઘળું સુખ હોવા છતાં પણ સંતતિ વિના સતિના દીલમાં રાત્ર દીવસ ખેદ રહેતો હોવાથી પતિ આગળ નિઃશાસા નાંખતી તે હમેશાં-ગદગદ સ્વરે કહેતી હતી કે હે સ્વામીનાથ !

પુત્ર વિના પ્રભુતા કશી ? પુત્ર વિના કશી લાજ ?
પુત્ર વિના ધન કંચના, પુત્ર વિના કશું રાજ ?
પ્રભુતાને પરીવાર આ, પુત્ર વિના મહારાજ;
પર તાબે નિશ્ચે થશે, એવો લોક અવાજ.
પુત્ર રમે નવ આંગણે, સુનાં મંદીર માળ,
નારીને સુનું બધું, નહી રમાડે બાળ.
હૃદયવેધક વચનો સુણી, રાય તેડે મંત્રીશ;
સુત માટે સાલ્યજ તણે, (ઉપાય) યત્ન કરૂં દીનનીશ.
મંત્રી કહે વીનંતી સુણો, આરાધો કુળ દેવ;
ભક્તિથી પુત્રો થશે, સાંચી કરતાં સેવ.

કારણ કે દેવતાની ગતિ અગમ્ય છે એક ક્ષણમાં ગમે તેવો ફેરફાર કરે છે, તેનાથી કંઈ છાનું નથી, સ્મરણ કરતાં આવી લાગે છે; તેની એટલી બધી શક્તિ છે કે જંબુદ્વીપને છત્ર કરી મેરૂપર્વતનો દાંડો કરી હાથમાં ઝાલી શકે તેવું શાસ્ત્રમાં કહે છે; વળી દેવતાઓ વાંઝીયાને પુત્ર, નિર્ધનને ધન આપી સર્વ ઇચ્છા પૂરે છે માટે તે સારી નિર્મળ મતિ પ્રમાણે આરાધો તો આપ તેને આરાધો. એવી રીતનાં મંત્રીના વચનને સુધાસમ [illegible] [illegible] [illegible] [illegible] બોલી કે—

દેવી—ત્રુઠી હું રાજા તને, માગો ઇચ્છિત વર;
રાજા—આપો માતા સુતને, શોભે જેથી ઘર.

દેવી તે વચન સાંભળી અંતરાય થઇ બોલી કે હે ભૂપ! મારી વાત સત્ય માની અંગીકાર કરી વીચાર કે તારા નશીબમાં પુત્ર નથી તે દેવી ક્યાંથી આપશે. માટે શોક તજીને ધૈર્ય ધારણ કર; કારણ કે પૂર્વનાં કરેલાં કર્મજ સુખદુઃખરૂપ આ ભવમાં ભોગવાય છે. જે વખતે મોહથી અજ્ઞાન દશામાં નરનારી હોય છે તે વખતે અકૃત્યો આદરી કે ઓછું પુન્ય કર્મ કરી બીજા ભવમાં પુત્રાદિ સુખથી રહિત થાય છે; તેમાં પણ ઘણા દુષ્ટ વીચારવડે પાપો કરીને સજ્જડ બંધ બાંધ્યા હોય તેને ભોગવ્યા વીના સમર્થ પુરૂષ તરીકે ગણાતા વિષ્ણુ, બ્રહ્મા, શિવ, ચક્રવર્તી, તીર્થંકર, વાસુદેવ વિગેરે પણ છુટયા નથી અને દેવતા પણ કર્મને આધીન થઈ સુખદુઃખ પામે છે તો કર્મની રેખા ટાળવા કોણ સમર્થ છે? કહ્યું છે કે—

कृत कर्मणः क्षयो नास्ति, कल्प कोटी शतैरपि;
अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम्

ભૂજંગીવૃત.

કીધાં કર્મ વાણી અને મન, કાયે;
મરે કાળ હાથે સ્થિતિ પૂરી થાયે;
નવો જન્મ પામી પછી ભોગવાયે,
લખ્યા લેખ તે કેમ મિથ્યાજ થાયે?

રાજા નીરાશાનાં વચન સાંભળી ઉદાસ થ ધીરજ રાખી બોલ્યા કે—

ભૂજંગીવૃત.

કદી કર્મમાં જો લખ્યો પુત્ર મારે,
પછી દેવી સેવા દિલે કોણ ધારે;
કહી શાસ્ત્રમાં દેવની પૂર્ણ શક્તિ,
દિઓ પુત્ર મારી ગણો સાચી ભક્તિ
ખરા દુઃખમાં દાઝ હૈયે ધરીને,
દીયે સહાયતા મિત્ર મૈત્રી કરીને;
પછી દાસ સ્હામી ન દ્રષ્ટિ કરોજો,
વિના આપ મારે નથી આશરો તો.

મોર પીછાંવડે શોભે છે, વન સિંહવડે શોભે છે, ઘર દીવાવડે શોભે છે, અને દેવો ભક્તવડે શોભે છે તો પછી આપની અતુલ્ય શક્તિ છતાં પણ જો કુળદીપક પુત્ર નહીં આપો તો તમારી સેવા કોણ કરશે અને અમારી પૂજા શું નિષ્ફળ જશે? દેવ દર્શન પણ ફળદાયક હોય છે તો દેવે આપેલો વર શું નિષ્ફળ જશે? માટે કૃપા કરીને શીતલ વાણી સુણાવો કે હૃદયનો દાહજ્વર શીતળ થાય, અને આપણા બંનેનો પ્રયાસ સફળ થાય. દેવી અવધિજ્ઞાન વડે જોઈ બોલી કે—

દોહરો.

પુત્ર તુજ કર્મે નથી, થાશે પુત્રી એક,
સતિ શિરોમણી રૂપવતી, ધરશે વિનય વિવેક.

પુત્રને ઉત્પન્નકારીણી, ... દુઃખ હરે,
આશ પાર્યું ... કરે, ... પુરૂ.

કેટલાંક વખત વીતે અતિશય ... ... સુખથી
રાજ્ય કરતો હતો —

... ...,
... ...

કેટલો અતિશય થયું અને ... ... રાજાની ... ... નિદ્રામાં પડેલી રાણીએ ... ..., પછી પૂરા માસ થયે રાણીએ લક્ષ્મીના સરખી સુંદર, સૂર્ય સમ ... કાંતિવાળો, સર્વ અંગે પૂર્ણ, ચાર આંખનું દર્શન સુંદર પુત્રને જન્મ આપ્યો. જે વખતે પુત્રનો જન્મ થયો તે વખતે રાજાના ઉપર ... પ્રજા પણ પૂર આનંદમાં આવી રમતાં ફેર ફેર ઓચ્છવ થયો, વાજાં વાગ્યાં, પ્રભાતીયાં ગવાયાં, બારણે બારણે તોરણ બંધાયાં, દેરાસરમાં પૂજા થઈ, ભાગ્યના મનોરથ ... ... પૂરાયા. ... ... ગુણ ગાવામાં ને બંદીજનોને બીરૂદ બોલાવવામાં અને કવીઓને કાવ્ય કરવાની કલ્પનાનો માર્ગ શોધવામાં રાજના તથા ભાગ્યશાળી પુત્રીના ગુણો કામ લાગતા હતા. બીજના ચંદ્રની ચંદ્રિકાસમ શરૂઆત કરતી કાંતિમાં ધીમે ધીમે વધારો થતાં પૂર્ણિમાના ચાંદસમ શોભીત વિકસિત કમળસમ નેત્રને ધારણ કરનાર

બાળકુમારીના મીઠા બોલો માબાપને સુખદાયી થતા હતા, નાનપણમાંજ દેખનારના મનને મનોહરતા પમાડનાર તે બાળાને સાત વરસની બાળવયમાં શાળામાં મુકવામાં આવી. પંડીતની પંડીતાઈનો પૂરો ઉપયોગ થવા ઉત્તમ પાત્ર સમાન આ શિયળવતી નામે બાળીકા થોડા વખતમાં બાળક્રીડા વિગેરેમાંથી ચિત્તને દૂર કરી, શિક્ષકની સેવાવડે તેનું મન પ્રસન્ન કરી અક્ષર, આંક આદિ ગણિત, છંદ, વ્યાકરણ, વાંચન, લેખન વીગેરેમાં પ્રૌઢ થઈ અને પ્રશ્નોત્તરમાં પ્રવીણતા ધરાવી વિદ્વાનોના મનને આશ્ચર્ય પમાડતી હતી. કાવ્યકળામાં કેળવાઈ શ્લોકના સ્પષ્ટ મધુરા ઉચ્ચારવડે ગીતો ગાઈ જનસમાજને આનંદ આપતી હતી; જેથી વિદ્યામાં સરસ્વતી, રૂપમાં–રતિ, ગુણમાં ગુણાવલી તરીકે વિશ્વમાં તે વખાણપાત્ર થઇ. લાયક ઉમ્મર થતાં પહેલાં તો નવી નવી વિદ્યા શીખવતાં શિક્ષકને હોંસ વધતી હતી જેથી પરલોકના તથા આલોકના બંને સુખને આપનાર મૂળબીજ રૂપ જીવવીચાર, નવતત્વ કર્મગ્રંથ વિગેરે શીખવી જૈન ધર્મમાં પૂર્ણ પ્રવીણ કરી સદગુરૂ સેવા, મોક્ષ, માર્ગ, વીતરાગદેવની પૂજા, શીળવૃત રક્ષણની વાડ, સાતક્ષેત્રમાં ધન ખરચવાનો વિવેક, અને ધર્મમાં શ્રદ્ધા કરતાં શીખી, અજાણતાં પણ થયેલાં પાપને દૂર કરવાં, પ્રતિક્રમણ કરવું, પર્વતિથિએ પૌષધવૃત કરવું, સંસાર ત્યાગેલી સાધ્વીઓની ઉપાસના કરવી, ત્રણે કાળ દ્રવ્ય ભાવવડે જિનરાજનું પૂજન કરવું, અને અરિહંતાદિ નવપદનો જાપ કરવો, એ ગુણોનું તે

સ્થાનકે બની જિનરાજના ગુણોને ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિવડે ગાઈ, હૃદયમાં લાવી, ગુણી થવામાં, સંસારની અસારતા વીચારવામાં, પુદ્ગલીક વસ્તુનો સડનપડન સ્વભાવ જાણવામાં, તીવ્ર અભિલાષ રાખી અહંકારને હણી પરોપકાર કરવામાં પ્રયાસમાન બની સર્વ પ્રાણીમાત્રની પ્રતિપાલક થઈ હતી.

દોહરા.

ઉમર નાની બાળ પણ, ગુણ માંહે વિશાળ;
માત તાત હરખે ઘણું, જાણે જન્મ ખુશાલ.
વય યૌવનમાં આવતાં, સુંદરી સુંદર વેશ;
સ્મરકેરા અનુચર હવે, અંગે કરે પ્રવેશ,

સરખી વયની સાહેલીની સોબતમાં વસંતરૂતુમાં વનની સુંદરતા નીહાળવા નીકળતાં માર્ગમાં કામી પુરૂષોના ચિત્તની ચાતુર્યતાને હરણ કરતી આંખોવડે દર્શનમાંલાવણ્યના સરોવરમાંથી ઈચ્છાનુસાર પીયૂષ પાન કરાવતી, વિધાતાએ યથાયોગ્ય અંગભાગો ગોઠવી મનુષ્યલોકમાં અપ્સરા ઉત્પન્ન કરી લોકમાં પ્રશંસા પામવા માટેજ પ્રયાસ કર્યો જણાય છે એમ લોકના મુખવડે સ્તુતિ કરાવતી, પરીવાર સહીત વનમાં આવી ગીત ગાઈ અરસપરસ મધુરા આલાપ સંલાપવડે તે વખત ગુંજારતી હતી. પળમાં વાજીંત્ર વગાડતી અને બીજી પળેજ અંગની સુગંધીથી સુંદર ફુલોની શોભા તથા સુગંધી કરતાં પણ શીલવતીની શોભા તથા સુગંધી વધારે જોઈ મધુકરોનો સમુહ તેના સમાગમમાં આવી ડંખ મારવાનો સ્વભાવ ભૂલી દીનપણે તેની સુગંધીની યાચના

કરતાં ઝણુકાર શબ્દવડે તેની સ્તુતિ કરતા દેખાતા હતા, તેને
ડંખના ભયથી દૂર કરવા પણ દૃષ્ટિ રાખતી હતી. રસ્તામાં
ચાલતાં દૃષ્ટિ પડતાં સુધી એક દૃષ્ટિએ તાકી રહેતાં પણ સં-
તોષ ન પામેલા ફરી ફરી દર્શનની ઈચ્છા કરી ગુપ્તપણે વનના
ભાગોમાં કેટલાક પુરૂષો છુપા રહી, રૂપ નીહાળી, મનોહર
વાજીંત્ર તથા સખીઓના મધુર આલાપ સાંભળી મનુષ્યપણું
સફળ માનતા હતા; તેના રૂપથી આકર્ષાયલા દેવતા પણ દેવાં-
ગનાના રૂપથી અસંતુષ્ટ થઈ તેને જોવા માટે સ્થિર દૃષ્ટિ કરેલા
જણાતા હતા; આવી રીતે શીલવતી તથા સખીઓના દીવસો
આનંદમાં જતા હતા; તેમજ લોકો પણ કાને સાંભળેલી દેવ-
લોકની રંભા સ્વરૂપે તેને જોતા હતા.

ઉમર લાયક પુત્રીનો વિવાહ કરવાની પિતાને હવે ચિંતા
થવા લાગી. યોગ્ય ગુણવાળો અને પુત્રીને રૂપગુણે યોગ્ય પતિ
શોધવા પુત્રીની જન્મપત્રીકાના ઉત્તમ ગ્રહોને મળતી દેશવીદે-
શના રાજ્યપુત્રોની જન્મ કુંડળીઓ મંગાવી રાજા જોવરાવવા
લાગ્યો પણ સરખા ગુણમાં સ્પર્ધા કરનાર કે પુત્રીના ગ્રહસાથે
પતિના ગ્રહ અનુકુળતામાં આવે તેવા એક પણ ન આવવાથી
તે સઘળાં ટીપ્પણાં નિરર્થક જણાવાથી તે કંટાળી ગયો. રાજાને
કંટાળી નિરાશ થતો તથા યોગ્ય જમાઈ વિના દુઃખ ધરતો
જોઈ દીલાસો આપવા મંત્રી કહેવા લાગ્યો કે ચિંતા કરવા
કરતાં યોગ્ય ઉપાયવડેજ કાર્ય સાધી શકાશે માટે મહારાજ!
પ્રથમ રાજપુત્રો પછી મંડળીક પુત્રો વિગેરે શોધતાં કોઈક

ભાગ્યશાળી વર મળી જશે. આ જન્મે છે ત્યારે યથાયોગ્ય વસ્તુ મળવી પણ આપણે કર્મના લેખમાં લખાઈ ગયેલી છે; માટે પુત્રી પણ નશીબમાં જે લખાવી લાવી હશે તેજ પતિને પામશે; આપણે તો ફક્ત તેના લેખણમાં નિમિત્તમાત્ર હોઇએ અને તેના લખાયેલા લેખમાં કિંચિત ફેરફાર કરવાને સમર્થ નથી; ત્યારે ચિંતા કરવાથી શું. આ પ્રમાણે રાજા મંત્રીની વાતચીત થયા બાદ એક સમયે વિદેશથી વિપ્ર આવી રાજસભામાં પ્રવેશ કર્યો.

તે વિદ્વાન વિપ્રની યથોચિત સેવા કરી યોગ્ય આસને બે-સાડી ફળફુલ ભેટ ધરી જ્યોતિષ શાસ્ત્રની અભિજ્ઞતાથી વા-ર્તાલાપ કરતાં રાજા કહેવા લાગ્યો કે હે ગુરુ? અમારા મનની ચિંતા ટાળવા પુત્રીનો વર કોણ અને ક્યારે મળશે તે પ્રશ્ન મૂકી કરો. લગ્ન એ સંસારમાં નીતિથી વર્તવાનું મુખ્ય સાધન છે; જેની પ્રૌઢ દશા સર્વથા નષ્ટ થઈ નથી તેમણે યોગ્ય ઉમરે ગુણવાન કન્યા પસંદ કરી, તેની સાથે લગ્નમાં જોડાયું, તેમાંજ સંતોષ રાખી, દુષ્ટ વાસનાને દૂર કરી દેવી. જેવી રીતે લાયક ઉમ્મરના પુરૂષે સ્ત્રીના ગુણ તપાસવા તેમજ કન્યાએ પણ પતિના ગુણ તપાસવા; તેમાં પણ કન્યાના માબાપે કન્યા પરવશ પડી ન પીડાય માટે વરના તથા તેમના માતપીતાના ગુણો જોવા તથા જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે ગ્રહ જોઈ કન્યા દેવાથી ભવિષ્યમાં કુટુંબ સુખી નીવડે છે; એમ ધારી વિદ્વાન નિમિત્તીઆએ શાસ્ત્ર તપાસી નિમિત્ત મૂકી કહ્યું કે હે નૃપવર!

શીજ નમાવે જગત સા, તેવો મળે ભરથાર;
પછી સુખ બહુ ભોગવે, વિયોગ વર્ષજ બાર.

સાર્વભૌમરાજા સમાન જમાઈ મળવો જાણી હર્ષ થયો પ
બાર વરસ પુત્રીને પોતાના પતિ સાથે વિયોગ જાણી ઉદાસ
પણું સાથે થવાથી રાજા બોલ્યો કે—

હે દૈવજ્ઞ! કારણ તેનું મુજ કહો, જેથી થાય ઉપાય;
નિમિત્તક—વળતું જ્યોતિષી વદે, કેવળીથી કહેવાય.

કન્યાના ગ્રહ તથા રૂપ ગુણ જોઈ આશ્ચર્ય પામી આશીર્વા
આપી. વળી બોલ્યો કે—

નિમિત્તક—ચંદ્રગુપ્ત નરવર ભલો, થાશે નંદની નાથ;
પુત્ર રત્ન કુખ ધારશે; ભોગવતાં સુખ સાથ
રત્નગુપ્ત નામે ભલો, એક છત્ર જગનાથ;
વર્ણન શું તેનું કહું, લક્ષ્મી જેને હાથ.

વિપ્ર સન્માન પામી દ્રવ્ય લેઈ આશીષ દેતો રસ્તા માર્ગ
નીકળ્યો પણ રાજા તો પુત્રીની યુવાન વય થઇ જવાથી યોગ્ય
જમાઇ મેળવવાની ચિંતામાં રાત્ર દીવસ નિર્ગમન કરવા લાગ્યો.
તેમ મંત્રીને પણ વર શોધવા તાકીદ કરી જેથી મંત્રી બોલ્યો કે—

નાકેદાર પીડા કરે, જેથી થાય નુકશાન;
વિદેશી આવે નહિ, વેપારે થાય હાણ.

જેથી ભૂપતિએ વિદેશી વેપારીને સુખ થવા જુના દાણીને
ઉઠાડી નવા મૂકી જેમ પરદેશી વાણીયા વેપાર માટે આવે
તેમ સવડ કરી કે જેથી વિદેશના રાજાઓ તથા રાજકુમારોના

સમાચાર મળે વળી નાકેદારને તાકીદ કરી કે વિદેશી વેપારીના સમાચાર હમેશાં આપ્યા કરવા.

પાણીની નીક જેમ બગીચાના ઝાડપાનને રસ સીંચી ફળફુલ પાન ઝાડ વેલની વૃદ્ધિ કરી જનસમાજને ગ્રીષ્મરૂતુમાં શીતળતાવડે શાંત કરી આશ્રય આનંદ આપે છે તેમ દેશપરદેશના વેપારીઓને વેપારની સવડતા તથા નફો મળવાથી ઘણા વેપારી ત્યાં આવી વેપારના સંબંધે વિદેશના સમાચાર પણ આપી રાજાને સંતોષ કરતા હતા; છ માસ થતામાં ખબર મળી કે—

દેસ તિલંગના વાણીયા, સાથે બહુ સમુદાય;
આવ્યા વેપાર કારણે, જાણી દાણી જાય.
આદરથી વિદેશીની, સુખ શાતા પૂછાય;
કરજોડી પછીથી કહે, કયાંથી પગલાં થાય?

વેપારી બોલ્યા કે—

તિલંગદેશ તિલકાપુરી, સિંહરથ નરનાથ;
તે નગરથી નીકળ્યાં, શ્રીધર શ્રીદત્ત સાથ;

બંને વેપારીને રાજા પાસે દાણી લઇ ગયો રાજાએ તેમને યોગ્ય આસન તથા આદરસતકાર આપી પૂછ્યું કે તમારા દેશના રાજાના તથા કુટુંબના સમાચાર કહો; વેપારી બોલ્યા કે—

દેસ તિલંગ છે શોભતો સિંહરથ જ્યાં રાય;
નગરી છે તિલકાપુરી, રહેતાં આનંદ થાય.
પટરાણી રત્નાવલી, સુંદર ગુણ ગણીમાળ;
કુખ સરોવર હંસસમ, પુત્ર ધરે સુકુમાર.

હર સુંદરી ન મળવાથી નિરાશ થયેલા યુવકો આશા છોડી કાળના ફાંસામાં તાકીદે ફસાવાનું પસંદ કરે છે, કાચખાની માફક પગ છે ઉંચા જેના, વળી તેની ચાલે કરી હંસનેસરોવરમાં શરમાઈરહેવું પડે છે, હાથીને ધુળ માથા ઉપર નાંખવી પડે છે, પગમાં પહેરેલાં ઝાંઝરની ઘુઘરીના ઝણઝણાટથી કામદેવનો જપ ત્રણલોકમાં વિસ્તાર્યો છે, જંઘા કેળના સ્થંભ સાથે તુલના કરે છે, ઉરૂ કદળી ફળ સાથે, કંચન કુંભ સાથે પીઠનો ભાગ સ્પર્ધા કરે છે, બેસવાના બે ભાગ સરખા સોહામણા ઉન્નત છે જેના, કમર ભાગ કેસરી સરખો હોવાથી સ્ત્રી સાથે સરખામણીમાંજ લજવાઇ વનવાસ સિંહે કરેલ છે, માછલાં સરખું પાતલું પેટ છે જેનું, કંચન કળશસમ બે સ્તનને ધારણ કરવાથી મેરૂ પર્વત પાંચ શીખરના બે કરી પોતેજ સ્ત્રી રૂપે આવ્યો છે એમ ધારી કલ્યાણના ગ્રાહક કામીઓ તેના ચાહક બની રહ્યા છે; છાતી વિશાળ છે જેની, તળાવની પાળ સરખાં છે પાસાં જેનાં, કંઠે કોકીલને શરમાવાથી ફક્ત ગ્રીષ્મ રૂતુમાંજ દેખાવ દે છે, શુરવીર પણ કામદેવથી કાયર બની તેના વખાણજ રાત દીવસ કરી રહ્યા છે, નાકમાં પહેરેલી વાળીના મોતીમાં શુકની ચાંચ સમાન નાક શોભા ધારી રહ્યું છે, હોઠ પરવાળાં જેવાં છે, ગાલો રંગમાં ગુલાબને, પ્રકાશમાં સૂર્યને અને શીતળતામાં ચંદ્રને લજવે છે; નેત્રો કમળસમ છતાં પણ કામીને હ્રદયમાં બાણસમ ખાંચ્યા કરે છે, કામદેવની ક્રીડાના કુંજ સરખી તેણે વિકસ્વર વિશાળ આંખોને ધારણ કરવાથી લજ-

વાઇ મૃગો જ્યાં ત્યાં વનમાં ફલંગો મારી નાસભાગ કરી રહ્યાં છે, અર્ધ ચંદ્રકારે લલાટ ધારી તેને જોતાં અષ્ટમીનો ચંદ્ર શરમાઇ અડધી રાતમાંજ અસ્ત થઈ જાય છે; પૂર્ણિમાનો ચંદ્ર પોતાનું રૂપ તેના વદન સરખું છતાં પણ પોતાનામાં લંછનજ વિશેષ નિંદનીક હોવાથી, દીવસે દીવસે કળામાં હીણ થઇ અમાવાસ્યાએ તો તદ્દન મર્ણ હાલતે પહોંચી, સૂર્યના શરણે જઈ પાછો ટટાર થાય છે, વેણીના અતિ કાળાશને કોમળપણાથી કંટાળેલો નાગ મદારીના કરંડીયામાં દાંત પડાવી કેદી બની, મોરલીના અવાજથી સંતોષ પામી નાચીને લોકને રીઝાવે છે; એવી સાક્ષાત રૂપે રંભા અપ્સરા સરખી જગતને મોહીત કરી માબાપના લાડથી ઉછરેલી લલના યૌવન વયમાં આવેલી અન્ય નારીને દાસીપણું પમાડી, ગુણની ઓરડી સમાન પીતાના મંદીરમાં મહાલે છે; ભાગ્યશાળી નરનેજ તે પ્રમદા મળવાનું જણાય છે. ચંદ્રવદની છતાં પણ ચોસઠકળાને ધારી બેઠી છે, શરદના નિર્મળ ચંદ્ર માફક કાંતિ છતાં પણ વર્ણે સોવર્ણ વર્ણી છે, તેના સરખી જોડી મેળવવા અન્ય કન્યા પૃથ્વીમાં મળવી મુશ્કેલ છે; તેવી મનમોહન સુગધાની સાંસારિક દુગ્ધા ટાળવા તેનો પીતા યોગ્ય પતિની પ્રતિપાલના કરવા તત્પર થયેલ છે તો હે કૃપાનિધાન! તે કન્યાના પીતા તરફથી આવેલ મંત્રીનો આદર કરી મુદ્રામાં હીરો જોડવા ઉચિત વખતનો લાભ લેવા અમારી વીનંતી છે—

જો મન માને આપનું, તો સ્વીકારો આજ;
પ્રેમ વધે જે કારણે, તેવું કરવું કાજ.

[illegible] જે [illegible] તે [illegible] [illegible] બતો જોઈ તથા [illegible] [illegible] જોઈ [illegible]

[illegible] નહિ [illegible], લીધું [illegible];
[illegible] નહિ [illegible], નિર્મળ [illegible].

[illegible], મિત્ર, કુટુંબ [illegible] ગયો, [illegible] [illegible]

[illegible]

વાટે સરવર તીરમાં, સૈના લે વિશ્રામ;
યોગ્ય સમય એ માનીને, વીનવે ગુણનો ધામ.

રાજકુમાર—વા'લા તુમ વેપારીયા, ખરા મિત્રને ભ્રાત;
દેડ દીતને આણીને, ચાલો મારી સાથ.

વેપારી—કુંવર દેડ કટારી લો, પરો સુભટનો વેષ;
વહાલી નાર મિળાવશું, થાશે સુખ હમેશ.

રાજકુમાર તેમનું વચન સ્વીકારી વેપારીઓની સાથે કોઇને પણ જણાવ્યા વિના બહીતાઓને સંકેત કરી કામનું બાનું બતાવી પ્રથમથી નીકળી ગયો.

વેપારી બે સાથમાં, ત્રીજો રાજકુમાર;
ચાલ્યા ગાલ વાયુ સમી, મળવા વહાલી નાર.

વદન વિલોકવાને ઉત્સુક થયેલો છતાં પણ અંજાણી ભૂમીમાં પ્રવેશ કરવાનું મુશ્કેલ હોવાથી ફુલની માળા દેવાના બહાને જતી માળણથી રાજકુંવરીની ખબર મળવી જાણી માળીને ત્યાં જઈ ઉતારો મુસાફર તરીકે લીધો.

દામ હોય જો હાથમાં, દુનિયા થાય ગુલામ;
મહોરજ માળી પામતાં, નમી નમી કરે સલામ.

આદરસત્કારથી ઉતારો આપી માળી વિચારવા લાગ્યો કે દર્શનમાં મહોર આપનાર પ્રસન્ન થતાં શું બાકી રાખશે? તેમ ધારી નવી ઓળખાણમાંજ ઘરના માણસ સમ મળી જતો હતો; જેથી કુમારે રાજ્ય કુટુંબની તથા નગરની ચર્ચા પૂછતાં તેમને સુભટ જાણી માળી બોલ્યો કે અહીંના રાજાની શીલાદ

ગુણે શોભતી શીલવતી કુમારિકાનું લગ્ન નજીકમાં આવેલું હોવાથી રાજ્ય દરબારમાં લગ્નની ધામધુમની તૈયારી થઈ રહી છે. વળી કુંવરીને યોગ્ય વર ચંદ્રગુપ્ત મળેલો છે તેની જાન પણ થોડા વખતમાં આવવાની છે. તેમની સરખી જોડી હોવાનું જાણી લોક તેને જોવાને ઉત્સુક થઇ રહેલા છે એમ ત્યાં સમાચાર મેળવતાં એકદા ખબર મળી કે રાજકુમારી સખીઓ સાથે અશોકવાડીમાં ક્રીડા કરવા જાય છે; તેથી કુમારને પાછો કામનો ઉભરો આવતાં સ્ત્રીને મળવા સ્ત્રીનો વેષ ધરી આભુષણ યથાયોગ્ય પહેરી ક્રીડા કરવાની વાડીની કુંજમાં છુપાઇ રહેલ છે. થોડા વખ્તમાં શીલવતી ગજગામીની ચાલે ચાલી સખીઓના સમુદાય સાથે અશોક વાડીમાં પ્રવેશ કરી પોતાના વિકસ્વર થયેલા અંગના ભાગોવડે કુંવરનું મન આકર્ષણ કરતી સખીઓ સાથે આલાપ કરવા લાગી. વેપારીએ કહેલ રૂપ કરતાં પણ ચડીયાતું સૌંદર્ય જોઈ નજરથી વારંવાર જોવા છતાં પણ ધરાતો નહોતો જેથી કુંવરીની વાતચીત શીવાય તેને બધુ વિશ્વ શુન્ય થયેલું લાગતું હતું તેવામાં સખીઓનો હાસ્યવિનોદ સાંભળી ચમકી ઉઠયો—

એક કહે બાઈ વર રૂડો, પામીશ તું ગુણવાન;
સૌભાગી તેથી થશો, જગમાં મળશે માન.
બીજી કહે બાઈ વર ઘણા, જગમાં અધિકા હોય;
ત્રીજી કહે તે મ્હાંયથી, ગુણે વીરલા કોય.
ચોથી કહે સુણયો ખરે, નિરૂપમ ઉપમા નાથ;

ખરેખરૂં જેવું મળ્યું, સુખ ભોગવશો સાથ.
સ્તુતિ કરે કોઈ કુંવરની, કરે નિંદા કોઈ આપ;
સખી કૌતકમાં માનતા, શીલવતી નિષ્પાપ.

શીલવતી નિંદકને વારતી નહિ જાણી કુમારના મનમાં સખીઓના અંતરંગ અભિપ્રાયનો અવળો અર્થ ભરાતાં તથા પરસ્પર હસતી હસતી સખીઓ વારંવાર નિંદાને સ્તુતિ મીશ્રપણે કરતી સાંભળી ચિંતવવા લાગ્યો કે શું શીલવતી મારા તરફ પ્રેમરહિત તો નથી? તેવામાં વળી સાંભળ્યું કે—

પરણી વિદેશે જશે, મળશે કયારે એહ;
સેંકડો કોશ દૂરે પશે, શાને રહેશે સ્નેહ.
બીજી મુખથી બોલતી, ભલે દૂર હોય સેંણુ;
આવી—એ નિશ્ચે મળે, પાળે બોલ્યું વેણ.
સ્નેહ વિના સંગે રહે, તેહ વિદેશી જાણ;
મનમાં આવી જે મળ્યા, સોંપે તન મન પ્રાણ.
શીલવતી અંતે વદે, ના કરશો તમે રોષ;
નિજ કર્મે જે પતિ મળે, અન્ય નહિ જે દોષ.

પ્રથમની સખીઓની નિંદા ગર્ભીત સ્તુતિ, પછવાડેથી પ્રેમનો વિયોગ, અને છેવટે હર્ષ ન બતાવતાં ફક્ત નિજકર્મના આધારે મળેલો પતિ એવો ઉદાસવૃત્તિ જેવો અર્થ રાજકુમારને હૃદયમાં ઉતરતાં કામદેવના બાણો તેના રૂપથી લાગેલાં હતાં તે દૂર થયાં. પોતાનું અપમાન થયેલું માની મનમાં અતિશે ક્રોધ ઉત્પન્ન થતાં કુંવરનાં નેત્ર લાલચોળ થઈ ગયાં, સુખનું

તો સ્વપ્ન થઈ ગયું, દુઃખ સાગરમાં તે ડુબી જવા લાગ્યો. કહ્યું છે કે—

વાતે વેર વધે ઘણું, વાતે વસ્તુ વિનાશ;
પરનિંદા વાતે થતી, હાની કરતું હાસ્ય.

જો કે મિત્રો પરસ્પર વાતો કરતાં દુઃખમાં દીલાસો આપે છે, ગુંચવણના માર્ગનો રસ્તો બતાવે છે તેવી વાતો ફાયદો પણ કરે છે; પણ મુખ્યત્વે આત્મનિંદા અને પરસ્તુતિ કરવી તે વીરલાજ પુરૂષ જાણે છે, ત્યારે સ્ત્રી જાતિ તેમાં પણ બાળક્રીડા અને નવી પરણતી સખી જેવી હાથમાં આવેલ તે રમકડા સમાન ગણી ગમે તેવાં નિર્ભયપણે કોઈ પુરૂષ નજીક નહિ જાણી ઉચ્ચારેલાં વચનો તેમને તો તે વખતે હાંસી કરતાં હાસ્યનો અતીશે આનંદ થયો, પણ રાજપુત્રને એક એક સાદા વચને પણ કટાક્ષરૂપ લાગી ઝેર પાયેલા તીરની માફક હૃદયમાં પેશી વીંધી નાંખ્યું: તો પછી પોતાના પતિની નિંદા કરતી સખીઓ ઉપર જરા પણ ક્રોધ ન કર્યો તથા મોન રહી ઉલટું છેવટે નશીબનો પ્રભાવ માન્યો, જેથી રાજપુત્રને શક ઉત્પન્ન થયો કે તેની ચાહના શું અન્ય વર ઉપર છે કે કેમ? અથવા તે વ્યભિચારિણી તો નથી? ઇત્યાદિ અનેક તુરંગો હૃદયમાં ઉછળવા લાગ્યા. પ્રેમનો ઝરો પ્રથમ વહેતો હતો તેના બદલે તો ક્રોધની જવાળા ભભુકવા લાગી: અંતરનો ધુમો અંદર ન માવાથી આખા અંગમાં વ્યાપેલો ક્રોધ વધતાં પોતાની અર્ધાંગનાના જીવતરને ન પરખ્યું અથવા દુરાચરણી ન થાય તેવા વહેમી તુરંગથી ઝુપાવેલી

તલવાર કાઢી મારવા તૈયાર થયો; બુદ્ધિ વ્યવહારથી અજ્ઞાન અને ક્રોધાંધ કુમાર રખેને બાળહત્યા ન કરે માટે બંને વેપારી વિનયથી કહેવા લાગ્યા કે હજુ તમારી સ્ત્રી થઈ નથી જેથી જગતમાં હાંસી પાત્ર થવા જેવું અકાર્ય કરતાં અટકી શાંત થાઓ. ઘેર ગયા પછી ચાહે તે કરજો, એવામાં પછવાડે રહેલી જાન પણ તે રસ્તે આવતાં સેનાના વાજીંત્રનો અવાજ તથા ઘોડા હાથી રથનો ઝણુંઝણાટ તથા ધુળ ઉડતી જોઇ કુમાર પણ લજા પામી શાંત થઇ ગયો; વેષ બદલી સેનામાં ચુપચુપ મળી ગયો. પણ સખીઓનાં નિંદાનાં વચન તથા શીલવતીની માનતા તથા કર્માધીનપણાનાં વચન હૃદયમાંથી જરા પણ વીરમતાં નહોતાં, જેથી મોઢેથી પ્રગટપણે કહ્યું કે મારે તો પરણવાની ઇચ્છાજ નથી. વાત ખુલ્લી થતાં રાજા મંત્રી તથા મિત્રમંડળ આવી મળ્યું જેથી ખુલાસો કરવો પડયો કે,—

મનમાં જો પ્રીતિ નહીં, કેમ સુખી સંસાર;
તેથી તો મરવું ભલું, સદા થતાં ધિક્કાર.
છાશ બાકલા ખાય જો, બે દ્વિજ હણાય;
જુદા તે ખાતાં; ભલા ગુણ દેનારા થાય.
મિત્ર વદે વીસરી જવી, થતી હાસ્યની વાત;
નિવર્તનથી લાજ નહિ, સુખનો થાય વિઘાત.
કુંવર કહે પરણું નહિ, ઇચ્છી કુશળ તન;
માટે વાત સુણો તમે, વિરૂધું મારૂં મન.
એક દીવસ દુઃખ કારણે, સઘળું ટળતું દુઃખ;

ઇને કન્યાદાન સાથે રાજ્ય રિદ્ધિની સાહેબી પ્રમાણે ૫૦૦ હાથી, ૫૦૦ ઘોડા, ૫૦૦ ગાડાં દાસ દાસી, આભુષણ વસ્ત્ર તથા રોકડ કેટલા કોટી દ્રવ્ય, જવાહીર આપવામાં આવ્યું, જો કે સસરાના સત્કારથી જમાઇની ચિંતા દુર થઇ હતી અને સાસુએ પોંખવાસાંવધારે હર્ષિત કરવા છતાં પણ જ્યારે કન્યાને પણ નવડાવી વસ્ત્રાભુષણો શણગારી જોડે બેસાડી હસ્તમેલાપ કરાવ્યો ત્યારે હુપને બદલે પાછો પૂર્વનો સંબંધ તેને યાદ આવ્યો ને ઉદાસ થઇ ગયો જેથી દાયજામાં અનેક પ્રકારનું ઉત્તમ જવાહીર તથા આભુષણ વસ્ત્ર વિગેરે આપતાં જોનારને આનંદ દેતાં હતાં, પણ જમાઇને તો સઘળું શુન્યજ હતું. લોક લજ્જા માટેજ આ વિધિ ઇચ્છા વિના-કંઇ પણ લાગણી વિના કરવી પડી હતી; તે વખતે લગ્ન કરાવનાર ગોરે શાસ્ત્ર વિધિ પ્રમાણે બંનેનો સંબંધ જીંદગી સુધીનો જોડી સુર્ય ચંદ્ર અગ્નિ તથા બંને પક્ષના સગાં સમક્ષ બંનેના મોંમાંથી હા પડાવી હતી. તેથી શીલવતી શાસ્ત્રની જાણ છતાં પણ ભોગાવલી કર્મ ભોગવવા વિના છુટતાં નથી, તેવું ધારી લગ્નથી સંતોષ પામી હર્ષીત થઈ પતિને હળવેથી કહેવા લાગી કે—

મન મનોરથ મુજ ફળ્યા, તુમ પસાયે આજ;
ચોરીમાં આ કર ગ્રહ્યો, સિધ્યાં વાંછિત કાજ.

લગ્ન થયા પછી પણ તુરત વિદાય ન કરતાં, દૂર દેશાવરથી જમાઇ તથા દીકરીનું મુખ દેખવું દુર્લભ જાણી એક

મહા આનન્દથી આદર કરી ગયા. અને રહેવા સારૂ યોગ્ય સગવડ કરવામાં આવી.

આંદરની વાતથી વાકેફ થતા બીજાના જમાઈના સંબંધમાં આવતા સઘળા માણસોથી તથા સમસ્તને સારી રીતે સત્કાર-પૂર્વક બહુમાન લીધાથી રાજકુમાર દીન થઈ બેઠો વાતચીત કરતો હતો પણ પતિસેવા માટે એકાંતમાં શીલવતીએ જ્યાં પહેરેલાં, પોતાનું રૂપજ વિશ્વને મોહની પમાડનાર હતું તે છતાં પણ સોનામાં હીરો જડવા માફક આભુષણ વસ્ત્ર પહેરી, સોળે શણગાર સજી, સાક્ષાત રંભા સમાન બની શયનસદનમાં દાખલ થતાં તે આકાશમાં મેઘની ગર્જના તથા વીજળીના ચમકારા થવા માફક સૌને દેખાતી હતી પણ શુન્ય ચિત્તવાળા પતિએ આ-દરસત્કાર કે પ્રેમ બતાવ્યા વિના સામું પણ ન જોવાથી શીલ-વતી એકાએક શોકસાગરમાં ડુબી ગઈ અને ધીરજ લાવી મીઠા વચને ગદ્ ગદ્ સ્વરે બોલી કે—

> શું અવગુણ છે મુજમાં, કીધો શું અપરાધ;
> સામું કાં જોતા નથી, કરતા સુખમાં બાધ.
> કોણે તમને દુભવ્યા, સાચું બોલો નાથ;
> અબળા એમ ન ત્યાગીએ, હરખે ઝાલી હાથ.

સ્રીએ પતિને રંજન કરવા અનેક પ્રકારે પૂછવા છતાં તથા વીનવ્યા છતાં પણ અગ્નિમાં તેલ નાંખવા માફક પૂર્વ વચનો યાદ આવી વધારે ક્રોધાગ્નિ વ્યાપતો હતો, અને શીલ-વતી પતિને શાંત પાડવા-હર્ષિત કરવા વારંવાર મધુર આલાપ

કરવા છતાં પણ રાજકુમાર તો કંટાળી ગયો, અને વાઘણના હાથમાંથી જેમ હરણ છુટવા તાકે તેમ લાગ મળતાં સસરાના મંદીરમાંથી નીકળી ગયો જેથી થાકી શીલવતી પણ પોતાના શયનગ્રહમાં વીલાપ કરતી એકલીજ પડી રહી. અને બંનેના વિયોગની વાત બંનેના અંતરમાંજ સમાઇ ગઈ હતી. વાતની ચોળાચોળ થતાં વધારે વિખવાદ ન થાય માટે કુમારે મિત્રો મારફતે સલાહ કરી સસરા પાસે સ્વદેશ જવા આજ્ઞા માગી કન્યા પણ માતાપીતાના ચરણમાં શીષ નમાવી આશીર્વાદ માગવા લાગી.


દોહરા.

આંખો આંસુડાં ઝરે, થાતો પ્રથમ વિયોગ.
મળવું દુર્લભ દૂર છે, માત તાત સંયોગ.
એવા યાદ કરતી થકી, વળી વળી પ્રણમે પાય;
શોકે સ્વર નીકળે નહીં, જેમ તેમ ઉચરાય.
ઉછેરી માતા તમે, રાખી ગર્ભાવાસ,
દુઃખો મુજ માટે ખમ્યાં, આણી મન ઉલ્લાસ.
ઉમરમાં આવ્યા સુધી, બાળપણાની આશ;
કલેશ કરી સંતાપતી, તોપણ આપ્યું આશ;
પાળી પોષી દુધ દેઇ, લીધી મુજ સંભાળ;
બદલો શી રીતે વળે, કહો દીનદયાળ.
નટખટ લોકને માનતી, દુઃખે મહારી માત;
બહુ કર્મે કરી પછી, દુર્લભ દર્શન વાત.

[illegible]

[illegible]


વ્હાલી પ્રાણ થકી અભીક, કેમ કહું શરીયાન;
પણ પીનારો આવતાં, ઉઠતી ધરતી નાવ.
સાસરે વાદ વાધે નહીં, ના રોય ગુણ મ્બરણ;
સંભાળીને ચાલજે, માની પતિની આણ.
સાસુને માતા ગણી, સસરાને ગણી તાત;
નણદી બેન સમી ગણી, વદવી વીચારી વાત.
અવગુણ સર્વ વીસારીને, લેજે સૌના ગુણ;
પર ઉપકારો ચિંતવી, સેવા કરજે અનુન.
ચાળી આજું શું કહું, સમજે સાચું રીત;
ગુણની હે ગુણાવલી, ના કર તું હવે ઢીલ.



પ્રકરણ ૨ જું.

શીલવતીનું આસરૂં.

પ્રણમું પાર્શ્વ જીનેન્દ્રને, ટાળે સંકટ સર્વ;
સુર નરનાથ જેને નમે, ત્યાગી તનથી ગર્વ.
જન્મ મરણ દુઃખ જ્યાં નહિ, એવું સિદ્ધિ સ્થાન;
તે મળવા મુજ ચાહના, લઈ ગુરૂથી જ્ઞાન.



ત્યારે નગરના લોકોનો વિશેષ પ્રેમ જોઈ, તેમના ઉત્સાહમાં ઉત્તેજન આપી ગુરુને આનંદપૂર્વક પ્રવેશ કરાવી, તેમને યોગ્ય વ્યાખ્યાન આપી ગુરુવર્યને પાંચ મોટાં દાન બક્ષીસ તરીકે આપ્યાં. આ વખતે શીલવતી આવીને પાયે નમીને "અવિચળ ભાગ્યથી સદા સૌભાગ્યવતી રહો" એવો આશીર્વાદ આપ્યો.

એક દિવસ ચંદ્રધવલે મિત્ર [illegible] ને [illegible]. તેણે આવીને [illegible] પૂછ્યું કે [illegible], [illegible] [illegible] [illegible] બોલી નમસ્કાર કર્યો. પણ ચંદ્રધવલે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કર્યું. [illegible] [illegible] [illegible] [illegible].

ડે સતિઓમાં શિરોમણી શીલવતી તમારા પૂર્વના પુરા પુણ્યો-
યથીજ તમે પામ્યા જણાઓ છો.

શીલવતીનું નામ સાંભળતાંજ કુંવરને ક્રોધની જ્વાળા પ્રગ-
ટતાં નિર્લજ્જપણે બોલી ઉઠયો કે—

એ અકુલિની કામની, રખે લહે તું નામ;
માટે મૌન એમાં રહે, તુને કરૂં પ્રણામ.

મિત્ર આશ્ચર્ય પામી બોલ્યો કે—

દોહરા.

ગુણમાં ગંભીર તું ખરો, શાણામાં સરદાર;
અવગુણ કંઇ જાણ્યા વિના, કાં ત્યાગે તું નાર.
દુર કર તું વાંકાપણું, તુંજ ખરો પુણ્યવાન;
મળવી દુર્લભ અન્યને, નારી ગુણ નિધાન.
અળગી કરતાં અંગથી, તારી ન રહે લાજ;
સ્વામીની સેવા થકી, સરશે સુંદરી કાજ.
ક્રોધે અંધ થવા પછી, ગુણો વીસરી જાય;
કીન્નરી રંભાથી અધીક, રૂપ પણ નવ દેખાય.

જેના નેત્રના કટાક્ષથી હરણી હારી હાંસી કરાવતી જંગ-
લમાં ભાગી જાય છે, કામરૂપી વૃક્ષને ખીલવવા કયારી સમાન
તમારી શ્યામા સ્વામીની સેવા ચાહવા રાત્ર દિવસ તત્પર છે,
તો હજારો ગુણોમાં નિર્જીવ એકાદ દોષ પર ઉપેક્ષા કરી પૂર્ણ
પ્રેમથી પાસે રાખી તેની પ્રતિપાલના કરો. કારણ કે—

સ્વર્ગ થકી દેવાંગના, ઉતરી પુણ્યે હોય;
તેવી લોકો વાયકા, સુંદરી સુંદર જોય.
યૌવન વય છે બાલિકા, પણ ગુણમાં ભંડાર;
ભાગ્યે મળવી ભામીની, સંભાળે ઘરબાર.

વિષયના વિષયમાં પતિને પ્રેમ કરાવી દેવાંગનાને વીસરાવી પોતાના અજાણતાં પણ થયેલા અપરાધનાં પાપો પ્રાયશ્ચિત વડે ધોઈ પુણ્યની પ્રબળતા વડે મળેલા રૂપથી રીઝાવી, ગુણ સમુહથી સંતોષ કરી, તમારા ચરણની સેવા ચાહક સતિને શા માટે તમે દગો દેવા ચાહો છો? કારણ કે—

દોહરા.

પાણી નિર્મળ હોય જે, સૌને કરે પવિત્ર;
પણ બગડે કુસંગથી, વાત વિચારો મિત્ર.
ગંદુ નીર સુઠામમાં, પીવા લાયક થાય;
નિરગુણ પણ ગુણી થશે, સેવી ચર્ણ સદાય.
બાળ નાર સરખા ગણી, રક્ષા કરે વડીલ;
માટે મૂઢપણું તજી, રાખો સ્નેહજ દીલ.
પંચમાં પરણી પ્રેમદા, તજતાં ગ્રહે કુચાલ;
તો શું મુખ દેખાડશો, એજ વિચારો હાલ.

જો કે મિત્રે હિતના માટે અનેક વચન કહ્યાં, છતાં પણ રાજકુમારને તેનું નામ સાંભળવું ગમતું નહોતું તો તેનું મુખ દેખવું કે તેની સાથે સમાગમ રાખવો તે કેમ રૂચે? અને અહીં ક્રોધ ઉત્પન્ન થવા છતાં પણ મિત્ર આગળ વધારે બો-

હોય તેમ નથીનું. આખી રાત્રિ વાતોમાં નીકળી જવા લાગી અને છેવટે પણ જવાબ ન દેવાથી કંટાળી મિત્ર બોલ્યો કે—

દોહરો.

પહેલાં તો પ્રીતિ અધિક, પળ પણ ન વીસરાય;
હમણાં શું આવી નડયું, મુખે નવ બોલાય.
કર્યો સ્નેહ ફરી નહિ, અંતર પાછળ થાય:
અવગુણ હોય હજાર પણ, નારી નવ છોડાય.

કુંવરે આખરે જવાબ આપ્યો કે—

દોહરો.

મેં છોડી પ્રીત એહથી, ચિત્તે ચાહ ન થાય;
દર્શન નામ ગમે નહિ, ભલે ગમે ત્યાં જાય.

મિત્રે વધારે બોલવામાં સાર ન સમજી રસ્તો પકડયો. માતા પીતાને પણ શીલવતીના મંદીરમાં કુમાર નહિ જતો જોઈ, પુછયા વિના પણ કેટલીક વાત જણાઈ આવવાથી, માત પીતાનું પણ તે બાબતમાં વારંવાર કહેવું થવાથી, કંટાળી પરદેશ જવા વિચાર કરી માતા પીતાને છેલ્લો નમસ્કાર કરવા ગયો. માતાનો પરમ સ્નેહ યાદ લાવી પરદેશમાંથી કયારે આવશે તેમ વિચારી તેના હાથથી ભોજન કીધું. તે વખતે પણ શીલવતી સાસુના ચરણકમળની સેવા કરતી હતી. તેણે અવસર જોઇ પતિનો પ્રેમ કોઇ પણ પ્રકારે પાછો જાગે તેવું કરવા પ્રથમ હાથ જોડી પતિના સામે લાજ ધરી ઉભી રહી. પણ

પતિનો જરા પણ સ્નેહ આંખના અણુસારમાં પણ નહોતો જેથી આંખમાં નીર વહેતાં થકાંજ ગદ્ ગદ્ સ્વરે બોલી કે—

દોહરો.

પીયુ વિરહે દુઃખી સદા, નયણે ઝરતાં નીર;
શાને ત્યાગો પ્રેમદા, વ્હાલા નણદી વીર.

મૌન રહેલા પ્રાણનાથને વળી વિનયથી વીનંતી કરવા લાગી કે હે પ્રાણધાર–તમે શા માટે મને નિરાધાર છોડો છો ? હૃદયને વિષે કોમળતા અત્યંત ધરવા છતાં પણ આટલા બધા પત્થરથી પણ અધિક કઠોર હૃદયવાળા મારા કયા અવગુણથી થઈ ગયા છો ? હજુ પણ મારો કોઈ પણ અપરાધ આપના અંતઃકરણમાં ઉત્પન્ન થયેલો હોય તો પ્રકાશ કરો કે તેનો ખુલાસો થાય, આપના વિના મારે આ સંસારમાં શું છે ?

પતિવિરહિણી, શયન નયણ નીરથી ભરે,
કરતાં વિલાપો, ન ખુટે નિશા નિત્ય ધીરધરે;
અલંકારો આજે, બેડી સમ બંધન થૈ દમે;
કહાણી કર્મોની વીસરવા કુણ આગળ વદે.

ભૂજંગી.

કહું કયાં જઇ અંતરે આગ લાગી,
ધરૂં કેમ શાંતિ પતિ છે નિરાગી;
હવે જીંદગી માહરી કેમ જાશે,
સદા શૂળ ચિત્તે સુખી શું થવાશે ?

ઉપેન્દ્રવજ્રા.

વળી વિનવી કહ્યું આપ આગે,
દયા ધરો નારી તો પાય લાગે;
નથી વાંક મારો વિચારો ઉરે,
નારી દુઃખીશું પતિ ધર્મ ધુરે.

કેટલીક વખત સુધી અનેક પ્રકારે પતિને કહેવા છતાં પણ ક્રોધમાં આવેલ હોવાથી જવાબ ન મળતો જાણી ફરી બોલી કે—

દોહરા.

ધર્યો હાથ તો પંચમાં, હવે કરો અપમાન;
નારી પીડન કેમ સહે, એજ વીચારો પ્રાણ.
કદી વાંક અધિકો જુઓ, ચાહન નહિ કેવાય;
શીખ એકાંતે આપતાં, સહજ વાત સમજાય.

વળી પણ મૌન રહેવાથી, કોઈ પણ રીતે સમજે તેવા આશયથી કહેવા લાગી કે—

દોહરા.

પ્રેમ સરોવર પાળમાં, સ્વામી ઝીલો આપ;
પ્યારા પ્યાર ધરી રહો, દૂર કરો સંતાપ.
માતાએ મોટી કરી, સોંપી પતિને હાથ;
આશ્રય જો તુટી પડે, કોનો મળશે સાથ.
પતિ વિના શું પ્રેમદા, માત વિના શું બાળ;
જળ વિના શું માછલી, પળપળ ઉઠે જ્વાળ.
ચંદ્ર વિના જેમ રાતડી, જ્ઞાન વિના જેમ જન;

પતિનો જરા પણ સ્નેહ આંખના અણુસારામાં પણ નહોતો જેથી આંખમાં નીર વહેતાં થકાંજ ગદ્ ગદ્ સ્વરે બોલી કે—

દોહરો.

પીયુ વિરહે દુઃખી સદા, નયણે ઝરતાં નીર;
શાને ત્યાગો પ્રેમદા, વ્હાલા નણદી વીર.

મૌન રહેલા પ્રાણનાથને વળી વિનયથી વીનંતી કરવા લાગી કે હે પ્રાણધાર–તમે શા માટે મને નિરાધાર છોડો છો ? હૃદયને વિષે કોમળતા અત્યંત ધરવા છતાં પણ આટલા બધા પત્થરથી પણ અધિક કઠોર હૃદયવાળા મારા કયા અવગુણથી થઈ ગયા છો ? હજુ પણ મારો કોઈ પણ અપરાધ આપના અંતઃકરણમાં ઉત્પન્ન થયેલો હોય તો પ્રકાશ કરો કે તેનો ખુલાસો થાય, આપના વિના મારે આ સંસારમાં શું છે ?

પતિવિરહિણી, શયન નયણ નીરથી ભરે,
કરતાં વિલાપો, ન ખુટે નિશા નિત્ય ધીરધરે;
અલંકારો આજે, બેડી સમ બંધન થૈ દમે;
કહાણી કર્મોની વીસરવા કુણ આગળ વદે.

ભૂજંગી.

કહું ક્યાં જઇ અંતરે આગ લાગી,
ધરૂં કેમ શાંતિ પતિ છે નિરાગી;
હવે જીંદગી માહરી કેમ જાશે,
સદા શુળ ચિત્તે સુખી શું થવાશે ?

ઉપેન્દ્રવજ્રા.

વળી વિનતી કહું આપ આગે,
દયા ધરો નારી તો પાય લાગે;
નથી વાંક મારો વિચારો ઉરે,
નારી હું બીજું પતિ ધર્મ પુરે.

કેટલીક વખત સુધી અનેક પ્રકારે પતિને કહેવા છતાં પણ [illegible] આવેલ તે વાણી જવાબ ન મળતાં જાણી ફરી બોલી કે.

દોહરા.

ધરે હાથ તો પ્રેમના, હવે કરો અપમાન,
નારી [illegible] કેમ સહે, એજ વીચારો પ્રાણ.
[illegible] અધિકો [illegible], [illegible] નહિ કેવાય,
[illegible] આપના, નહિજ વાત સમજાય.
[illegible] નહિ[illegible], કોઈ પણ રીતે નમજે તેવ
[illegible] કહેવા લાગી કે

દોહરા.

[illegible], સ્વામી શીદ આપ.
[illegible] નહિ, [illegible] કરે, સંતાપ
[illegible], [illegible] પતિને હાથ.
[illegible] કોનો [illegible] નાથ
[illegible] માત વિના શું [illegible],
[illegible]
[illegible] વિના જેમ જન

પતિનો જરા પણ સ્નેહ આંખના અણસારામાં પણ નહોતો જેથી આંખમાં નીર વહેતાં થકાંજ ગદ્ ગદ્ સ્વરે બોલી કે—

દોહરો.

પીયુ વિરહે દુઃખી સદા, નયણે ઝરતાં નીર;
શાને ત્યાગો પ્રેમદા, વ્હાલા નણદી વીર.

મૌન રહેલા પ્રાણનાથને વળી વિનયથી વીનંતી કરવા લાગી કે હે પ્રાણધાર–તમે શા માટે મને નિરાધાર છોડો છો ? હૃદયને વિષે કોમળતા અત્યંત ધરવા છતાં પણ આટલા બધા પત્થરથી પણ અધિક કઠોર હૃદયવાળા મારા કયા અવગુણથી થઈ ગયા છો ? હજુ પણ મારો કોઈ પણ અપરાધ આપના અંતઃકરણમાં ઉત્પન્ન થયેલો હોય તો પ્રકાશ કરો કે તેનો ખુલાસો થાય, આપના વિના મારે આ સંસારમાં શું છે ?

પતિવિરહિણી, શયન નયણ નીરથી ભરે,
કરતાં વિલાપો, ન ખુટે નિશા નિત્ય ધીરધરે;
અલંકારો આજે, બેડી સમ બંધન થૈ દમે;
કહાણી કર્મોની વીસરવા કુણ આગળ વદે.

ભૂજંગી.

કહું કયાં જઇ અંતરે આગ લાગી,
ધરૂં કેમ શાંતિ પતિ છે નિરાગી;
હવે જીંદગી માહરી કેમ જાશે,
સદા શૂળ ચિત્તે સુખી શું થવાશે ?

ઉપેન્દ્રવજ્રા.

વળી વિનવી કહું આપ આગે,
દયા ધરો નારી તો પાય લાગે;
નથી વાંક મારો વિચારો ઉરે,
નારી દુઃખીશું પતિ ધર્મ ધુરે.

વખત સુધી અનેક પ્રકારે પતિને કહેવા છતાં પણ
સ હોવાથી જવાબ ન મળતો જાણી ફરી બોલી કે—

દોહરા.

. હાય તો પંચમાં, હવે કરો અપમાન;
l પીડન કેમ સહે, એજ વીચારો પ્રાણ.
વાંક અધિકો જુઓ, ચાહન નહિ કેવાય;
મ એકાંતે આપતાં, સહજ વાત સમજાય.

ણુ મૌન રહેવાથી, કોઈ પણ રીતે સમજે તેવા
કહેવા લાગી કે—

દોહરા.

. સરોવર પાળમાં, સ્વામી ઝીલો આપ;
રા પ્યાર ધરી અહો, દૂર કરો સંતાપ.
તાએ મોટી કરી, સોંપી પતિને હાથ;
શ્રય જો તુટી પડે, કોનો મળશે સાથ.
ં વિના શું પ્રેમદા, માત વિના શું બાળ;
ા વિના શું માછલી, પળપળ ઉડે જ્વાળ.
ર વિના જેમ રાતડી, જ્ઞાન વિના જેમ જન;

યોગ્ય આસન આપવામાં આવ્યું. ભોજનની સામગ્રીની તૈયારી થતાં શેઠ તથા કાપડી સાધુના વેષમાં આવેલો કુમાર જમવા બેઠા. જમ્યા પછી મુખવાસ વગેરે વાપરી આનંદથી વાત ચીત કરી વિશ્રાંતિ લેવા તેને વાસ ગૃહમાં સુંદર પલંગ પર ઉતારો આપવામાં આવ્યો. શેઠે પોતાની પ્રીતિમતિ નામની યૌવન વયમાં આવેલી બાળાને યોગ્ય વિના પ્રયાસે શોધાતો જમાઇ આવી મળેલો જાણી તેની સેવા કરવા તથા તેનું મન આકર્ષણ કરવા તેને પંખો આપવાના બહાને મોકલી ત્યાં પેસતાંજ કન્યાને કુંવર જોવા લાગ્યો અને વિચારતો હતો કે—

દોહરા.

કમળા રૂપ ધરી ખરે, આવી કરી શણગાર;
ચરણે નેપુર રણઝણે, શોભાનો નહી પાર.
જોતાં દીલ પીગળી ગયું, પળમાં ઉતર્યું માન;
શા કારણ પગલાં થયાં, કુંવરી બોલી વાણ.

રાજકુમાર તેના ચહેરાની તેજસ્વી કાંતિથી અજાયબ થઇ બોલવાનું પણ ભૂલી ગયો, જેથી કુંવરીએ ધીમેથી આદરમાન આપી વીંજણો વીંજતાં ફરી પુછ્યું કે આપને શા કારણથી આ તરફ પગલાં કરવાં પડયાં છે. પરદેશમાં ગુહ્ય વાત નહી કહેવાનું નીતિશાસ્ત્રમાં કહેલું જાણવા છતાં પણ સુંદરીના સુંદર સ્વરૂપથી સ્નેહ કરવાના માર્ગ શોધવાના કારણથી, સઘળી વાત તેની આગળ સત્યજ કહી દીધી; જેથી શેઠની પુત્રીએ વિના ગુન્હે તજેલી પત્નિના દુર્ગુણને યાદ રાખીને છેવટે શીષ ધુણાવ્યું,

જેથી રાજકુમાર અજાયબ થઈ પૂછવા લાગ્યો કે શા માટે તમે અતે શીષ ધુણાવ્યું જેથી સત્યની શોધવાવાળી સુંદરી પ્રીતિમતી બોલી કે—

ભૂજંગી.

કદી નારીના હોય ગુના અતિશે,
વિના નાથનો આશરો કોણ દીશે;
ધર્યો હાથ જ્યારે પછી પાળવી તે,
વિના વાંક નારી તજી કેવી રીતે.
ઝરે નેત્રમાં નીરની નિત્ય ધારા,
ભલા ભોજનો મિષ્ટના સ્વાદ ખારા;
પતિ ત્યાગતાં પૂજશે કોણ દારા,
નહી માન તેનું ભલે ગુણ સારા.

ગુનો છતાં પણ સીધે રસ્તે ચડાવનાર સમજાવી સમજાવી ઠેકાણે પાડે તે ઉત્તમ પુરૂષ કહેવાય છે, અને વાંક આવતાં પ્રીતી તોડીને પણ પાછો અવસર મળે જોડી દે છે તે મધ્યમ પુરૂષ કહેવાય છે, પણ હસતાં રમતાં વાતવાતમાં દુષણ શોધી પ્રીતી તોડી પાછી સંધિ કરતા નથી તે બાળચેષ્ટા રૂપ ગણાય છે. તો એકપક્ષી વાત સાંભળી તેનું સમાધાન કર્યા વિના પતિ તેને આમ ત્યાગી દે તો લોકમાં તેના વિષે અનેક પ્રકારની ચર્ચા ઉભી થતાં તેને પતિ વીરહથી ઉપજેલા દુઃખના ઘા ઉપર કટાક્ષ વચન રૂપી ખાર છાંટેલા ચાબખા મારવા જેવી પીડા નિંદક લોકો કરે છે; એટલુંજ નહિ પણ પીયર તથા

સાસરાના પક્ષને પણ એના પતિએ શા કારણથી ત્યાગી તે વિષે અનેક દુષણોના વહેમ ઉત્પન્ન થાય છે. તે વખતે તેના મનને તો મરવું પણ ગમતું નથી, કારણ કે લોકમાં કુચાલની વાત ચાલે, અને જીવતાં સૌનાં મહેણાં સાંભળવાં પડે, જેથી સાપે છછુંદર ગળવા જેવું થાય છે. મૂકે તો અંધો થાય અને ગળી જાય તો જીવથી જાય આ પ્રમાણે તે સદા દુખીજ હોય છે. કહ્યું છે કે—

પતિ વીરહી જે પ્રેમદા, ઝુરે છે દીનરાત;
મોંઢેથી પોકારતી, નાથ સુણો મુજ વાત.

માટે સજ્જન પુરૂષોએ તેને જરા પણ અપમાન કરી જુદી પાડવી નહિ. વળી તેના પછવાડે શા હાલ થયા તે પણ કહો? કારણ કે—

દોહરા.

ત્યાગી જેણે એકને, બીજી તજતાં શું વાર;
જાણીને ખાડે પડે, મુરખ તે નરનાર.
ઝુરંતી જીવતી હશે, કે દુખે કર્યો કાળ;
નિરાશે અધમુઇ બને, પડી માછલી જાળ.

આવા વચને કુમારને શુદ્ધી આવવા લાગી.

દોહરો.

ઠેકાણે આવી મતિ, સાંભળી સત્ય વચન;
નીચું જોઈ કુંવર વદે, ગળગળું કરી વદન.

માલિની છંદ.

અરરર અપયશી, પાપથી હું ન બીધી;
તજી તજી પિયુ વાટે, નારીને ઉંધ દીધી.
કરી કરી વિનતીઓ, અશ્રુમાં શીષ નાખી;
પતિ પતિ વદી થાકી, તોય આવ્યો હું ત્યાગી.

લલિત છંદ.

હવે હું શું કરૂં, ક્યાંહી જાઉંરે; શું ઉપાયથી, શુદ્ધ થાઉંરે.
પ્રબળ દોષ મેં, અજ્ઞ થઇ કર્યો; સતિ સતાવીને, ક્લેશ આદર્યો. ૧
શી દસા હવે, માહરી થશે; શા ગુણો હવે, ચર્ચ ત્યાં જશે.
માતતાતની, ન માની વિનતિ; મિત્ર અવગણ્યા, તજી ગુણી સતિ. ૨
બહુ સંતાપતાં, ક્રોધ ના ધર્યો; ઇષ્ટ સ્વાદ શમ, ભાવ આચર્યો.
આંસુ આંખમાં, પાયમાં પડી; ત્યાગી નીકળ્યો, અંતની ઘડી. ૩
પતિ વિયોગથી, હાડ પીંજરી; હશે શું જીવતી, કે દુઃખે મરી.
રોઈ રોઈને, ઝુરતી હશે; સતી બીચારી તો, કષ્ટ પામશે. ૪

તદન નિડરપણે કહેલાં પ્રીતિમતિ વચનોમાં મીઠાશથી ભરેલી હિતકારક શીખામણ દીધી તે હૃદયમાં ઉતરેલી હોવાથી વારંવાર પોતાના કરેલા પાપનો પશ્ચાત્તાપ પ્રગટપણે કહી બતાવ્યાથી પાછી પ્રીતિમતિ બોલી કે—

સાખી.

અંતર શુદ્ધ થયા થકી, સત્ય વાત સમજાય;
પાપ મેલ નીકળી જતાં, સુગુણી જન પસ્તાય.

રાજકુમારના મનમાં શીલવતી ત્યાગવાથી જો કે પસ્તાવો ઘણો થતો તોપણ ઘણા દુર દેશાવર આવી ગયો હતો, જેથી એકદમ ત્યાં જઈ તેની ક્ષમા ચાહી શાંત કરી સ્નેહ થઈ શકે તેવું નહોતું; જેથી ગમે તેમ ધૈર્ય રાખી દેવપર ભરોસો રાખી બેઠો. અહીં પણ યોગ્ય જમાઈ જાણી પુત્રી તથા કુમારનું મન પ્રથમ વાતચીતમાંજ મળી ગયું હતું જેથી બંનેનો સંબંધ દુધ સાકર માફક લગ્ન કરી જોડી દીધો.

ભુજંગી.

પતિ પુણ્યશાળી ફર્યો અન્ય દેશે,
તજી પુર્વ પ્યારી ગયો સાધુ વેષે;
મળી અન્ય નારી કર્યો સ્વામી શાણો.
ભલા ભોગને ભોગવે જોડું જાણો.

અંતઃકરણમાં શીલવતીનો વીરહ વ્યથા કરતા છતાં પણ આજ્ઞાપાળક બીજી સુંદરી મળવાથી વિપત્તિમાં પણ ધીરજ મળતી હતી. એક દિવસ ફરતો ફરતો કોઈ ભાટ વનમાં આવેલો સાંભળ્યો અને તે દુર દેશાવરથી આવેલો હોવાથી કંઈ પણ સમાચાર મળવાની આશામાં રાજકુમાર તેને મળ્યો.

દોહરા.

સુંદર સામ સામા ફરી, પુછે પછી કુમાર;
ત્યાંથી પગલાં અહીં થયાં, વદે ભાટ વિચાર.
નિકટપુરી નગરી ભલી, ત્રિભુવન છે રાય;
રાણી ઇન્દ્રમાળા કુંવ, ચંદ્રગુપ્ત સુત સાથ;

શીલવતી સુંદરી વરી, મૂકી ગયો વિદેશ;
માત તાત કુટુંબે ગણી, વિષ કન્યા હમેશ.

શીલવતીને મૂકી ગયેલો પતિ કયાં ગયો અને ક્યારે ગયો તેની પણ ખબર ન પડવાથી શીલવતી તો હમેશ રોતી હતી; પણ હવે પુત્ર પરદેશમાં સ્રીના દુખથી જવાથી માતા પણ તેમજ વિલાપ કરવા લાગી કે—

દોહરો.

મળી નિર્ભાગી નારી તો, પતિ તજે ઘરબાર;
નંદન આનંદ આપતો, ગયો ક્યાંહિ કુમાર.

ભુજંગી.

વિના તુજ મારે કશી રાજ્ય રિદ્ધિ,
વિના મુખ તારા નથી કાર્ય સિદ્ધિ;
નહીં ભોજનો ભૂષણો સુખકારી,
પડે આથડે રત્નમાળા પુકારી.
અરે વિષ કન્યા મળી તુંજ નારી,
ગયો થાકીને ત્યાગી માતા બીચારી;
હતો સુર્ય જેવો કુલે તું પ્રકાશી,
જવું શોધવા કયાં તુને ચિત્તવાસી.
સદા કલ્પવેલી હતી આંગણે જો,
દીઠયે નેત્ર તારાં સગાં સો કને જો;
ધરે પાય જ્યાં લક્ષ્મી વાસો વસે તો,
હવે આવશે પુણ્ય પુરાં હશે જો.

સુનાં મંદીરો બાગવાડી બગીચા,
ગમે ના મને વાસ જે ખીચ ખીચા;
કહું કયાં જઇ ચિત્તમાં જ્વાળ લાગી,
થયો પુત્ર તોયે રહી હું અભાગી.
નહીં રૂપમાં દેવ તું તુલ્ય આવે,
ભલા ભૂપ તે શીષ ચરણે નમાવે;
મને રત્ન જેવો ગુણી પુત્ર આપી,
કરી કાર્ય કુડું દૈવે થાપ આપી.
કદી અંધની લાકડી કો હરે જો,
પડી ખાડમાં દુઃખથી તે મટે જો;
ખુટે નીર નાવો પછી શું ચળે જો,
વિના સુત શું સુખ સર્વે મળે જો.

માતા વારંવાર પુત્રના ગુણો યાદ કરી રોતી રોતી વિલાપ કરતી હતી; ઘડીકમાં છાતી ભરાઇ આવતી હતી, ડસકાં ખાતી હતી; અત્યંત દુખ હૈયામાં આવતાં વખતે મૂછિત પણ થતી હતી. પણ આ દુખનો અંત કોઇ લાવે તેવું નહોતું જેથી શોકાતુર ચહેરે દીન સ્વરે શીલવતીનો તીરસ્કાર કરતી પોતાના પ્રાણથી પણ અધિક પ્યારા પુત્રની શોધમાં દીવસો ગુજારતી રહી છે. તેમ સિંહરથ રાજા પણ પુત્ર ગુપચુપ જતા રહેવાની ખબર પડતાં ચિંતા સમુદ્રમાં ડુબી, ધૈર્યવાન છતાં પણ પુત્ર રાજ્ય ચિંતા હવે સંભાળી લેશે તો હું નિચિંત થઇ ધર્મકાર્ય કરીશ તે સઘળા તરંગો બંદુકના થયેલા અવાજની માફક ગુમ થઇ ગયા.

ઉપેંદ્રવજ્ર.

હતો પુત્ર તું ખરો બધું જેવો,
ધે શાંતિ મુને કર્યો તર્ક એવો;
કરી લગ્નને ફૂટો નેત્ર લેશું,
સોંપી રાજને બધો તાપ ખોહું.
રહ્યા ચિત્તમાં હવાઈ વીચારો,
હગો મેઘ દે કરે શું બીચારો;
મરે ઢોરતો ખુટે ઘાસચારો,
બચે શું હવે થતાં દૈવ મારો.

રાજકુમારના માબાપ તરફથી જમાઈ દૂર દેશાવર જવાના સમાચાર અંગદેશના રાજાને પહોંચતાં તે પણ શોકાતુર થયા હતા. તેને તો બેવડો સંતાપ થયો કે આવી દુર્ભાગી કન્યા આપણે ત્યાં જન્મ લેઈ પરદેશમાં પણ આપણી કીર્તિને એબ લગાડી અને વહાલા સંબંધીઓને વિના કારણે દુઃખમાં નાખ્યા પણ આ શીલવતીનું દુઃખ તો હૈયામાં આવતુંજ નહોતું.

દોહરા.

આવું નવ કોઇને ગમે, સૌ છે દીલ ઉદાસ;
ચંદ્રગુપ્ત ધ્યાનજ ધરી, રહ્યા લોક ત્યાં વાસ.
ઈંદ્રીને કબજે કરી, જ્યમ રહેતા મુનિરાજ;
તેમ થયું એ રાજ્યમાં, ગયા પછી શીરતાજ.

આ પ્રમાણે પ્રિયપત્નીના સમાચાર મળ્યાથી ઉદાસીમાં વધારો થાય તેવી સઘળાંની પીડા સાંભળવા છતાં પણ તે જીવ-

તી છે અને જીવતી કોઇ દીવસ પણ પાછી મળશે તેવી આશાએ તે ખબર આપનાર ભાટને વધામણી આપેલી ગણીને સોનાની મોહરોની બક્ષીસ આપી. ભાટ ગયા પછી શીલવતીના દુઃખના વીચારો તેના દીલમાં હતા પણ નવી પત્નિએ કહેલાં વચનો પ્રમાણેજ તેના શીરપર કલંક આવ્યું અને તેનું અપમાન સૌ કરતાં હતાં તથા યુવાન અવસ્થામાં છતે પતિએ શીલવૃત પાળવાની પીડા ખરેખર જેણે અનુભવેલી હોય તેજ જાણે, કે વળી ભગવાનજ જાણી શકે તેવા વીચારો વારંવાર આવવાથી શીલવતીના દુર્ગુણોને બદલે તેના સઘળા ગુણોજ યાદ આવતા હતા. તેણે કરેલી દયાળુ ચેહેરે વારંવાર વિનતીના દીન અવાજો તેના હૃદયમાં ક્ષણે ક્ષણે ઉત્પન્ન થતા. પણ ત્યાં પહોંચાય અને તેનું દુઃખ એકદમ ટળાય તેવી કોઈ પણ જાતની સગવડ નહોતી જેથી દુઃખના નિઃસાસા નાખતો પોતાના અવાસમાં આવ્યો. ત્યાં ચાલાક સ્ત્રીએ તુરત દીલગીરીનું કારણ પૂછયું ત્યારે પતિએ કહ્યું કે—

દોહરા.

તુજ વચન હિતકારકે, હૈયે કીધો વાસ;
શીલવતી દુઃખની મળી ખબર ભાટની પાસ.
જેથી તેની શોધમાં, જવું ધારૂં છું મન;
આજ્ઞા મુને આપતો, નિર્મળ થાઉં દુર્જન.

નવી સ્ત્રીએ નિસ્વાર્થપણે પરોપકાર બુદ્ધિએ કહેલાં વચન પોતાનેજ વિઘ્ન કરાવવાવાળાં થયા છતાં પણ જરાએ ન ગભ

રાતાં તે કહેવા લાગી કે જ્યાં "પતિ ત્યાં પ્રાણ" માટે હું તમારી દુઃખ સુખની ભાગ લેનારી દાસી સાથે આવવા તૈયાર છું પણ પરદેશની મુસાફરીમાં, અને પતિની વીટંબણામાં સ્રીને ભાગ લેવાડેવાને બદલે રાજકુમારે તેને દીલાસો આપી થોડા વખતમાં આવવાનું કહી રજા લઈ ગુપચુપ પોતાના પૂર્વના કાપડી વેષે નીકળી ગયો.

દોહરા.

સાંજ પડી પાછી નીકળ્યો, ત્યાગી મનથી ભોગ;
સ્રીની વિટંબણા તણો, ચિત્તે અતીશે શોક.

ઘણા દેશ દેશાવર ફરતાં ફરતાં રસ્તામાં અંજાણપણે ગમે તેમ નીકળી જવાતું હતું; તેમ સાથે સેવા કરનાર દાસ કે રસ્તાનો બતાવનાર ભોમીયો પણ નહોતો છતાં પૂર્વના પુણ્યનો સમુહ આગળ દોડી સઘળી સવડ કરી આપતો હતો.

દોહરો.

આવ્યું રસ્તે પૂર એક, ગઢ મંદીરો વન;
માણસ નામ મળે નહિ, અચરજ પામ્યો મન.

વસંતપુરના દરવાજાની નજીક આવતાં ત્રાસ પામવાની માફક એકદમ સાંજના વખત દરવાજો વહેલો બંધ કરાતો જોઈ વધારે આશ્ચર્ય પામી કુમાર દરવાનને સમાચાર પુછવા લાગ્યો કે ગામ બહાર ઉજડ વસ્તી કેમ છે તથા તમે એકદમ દરવાજા કોના ડરથી બંધ કરો છો. ત્યારે પોળીયા કહે છે કે,–

ચોપાઈ.

અહીંઆં છે વસ્તુપાળ રાજન, નિર્મળુ તેનું રોજે મન;
વીરમતી છે વ્હાલી નાર, નંદની વસુમતિ ગુણ ભંડાર.
મતિ સાગર નામે પ્રધાન, રાજ્યકાજમાં છે ગુણવાન;
ઉનવા રોગ થયાથી અંગ, જીવ ગયો છોડીને સંગ.
પણ મડદું નવ થાયે નાશ, થઈ ગયા તેને ખટ માસ;
અગ્નિ પણ બાળી નવ શકે, બુડે નહિ જળમાં નાખે થકે.
છેદ્યો નહિ છેદાતો એજ, ડરતા લોક જાણીને તેજ;
રોજ સવારે મુકે મશાણ, સાંજે ગામ ભણીજ પ્રયાણ.
તેથી રાય ઢંઢેરો ફરે, મંત્રી શબ જે ઠેકાણે કરે;
મંત્રી પુત્રી મદનમંજરી, આપું તેને ગુણથી ભરી.
સુંદર રૂપ દેખીને જન, લલના લાલચ કરતા મન;
પણ બાળવા જે ત્યાં જાય, મડદા બદલે બળે નિજ કાય.
જેથી લોક ડર્યા છે ઘણા, ભૂલ્યા રૂપ ગુણસુંદરી તણા;
કાલ અમે જાશું સ્મશાન, શબને ફરી મુકીશું મશાણ.
મંત્રી શબ રાત્રે ઘેર જશે, શય્યામાં સુખે પોઢશે;
જાણી હરખ્યો રાજકુમાર, પીડા ટાળી કરૂં ઉપકાર.

આ પ્રમાણે સમાચાર મળવાથી રાજકુમાર બજારમાં જઈ, ભોજન કરી, સારાં વસ્ત્ર પહેરીને સવારમાં ઢંઢેરાનું બીડું ઝડપવા બેઠો અને જ્યાં બીડું ઝડપ્યું કે રાજાને ખબર પડવાથી તેને બોલાવી સન્માન આપી કહ્યું કે અમે વચન પ્રમાણે મંત્રી સુતા આપીશું, પણ તમે મંત્રીનું શબ શય્યા-

માંથી લઇ બાળી આવો જેથી બીજા માણસોને સાથે લઈ કુમાર મશાણમાં ગયો, એટલે શબ મૂકી બીજા માણસો મરણના ડરથી કુમારને એકલો મુકી જતા રહ્યા. અહીં રાત્રે કુમાર વિચારવા લાગ્યો કે સુઈ જઈશું તો કામ બગડશે, તેમ આડા અવળા જઈશું તો મડદું ચાલ્યું જશે માટે મડદુ બાળયું પણ નહીં, તેમ ખસવા દીધું પણ નહીં અને રાત્રે પણ ત્યાંજ જાગતો રહ્યો, જેથી મડદું ઘેર જવા પામ્યું નહિ તેમ કુમાર બળી ગયો પણ નહીં.

દોહરા.

કાછોટો મજબુત કરી, કટી બાંધી તલવાર;
આડ નીચે બેઠો સુખે, ગણતો મન નવકાર.
દેવ ગુરૂના સ્મરણથી, દુઃખો દુરજ થાય;
સુખ સંપદ સરવે મળે, અંતે શીવપુર જાય.
સતિ નારી જે છે તજી, તે પણ આવે ઉર;
ક્યારે જઇ તેને મળુ, ગુણે છે ભરપુર.

વડ વૃક્ષના નીચે કુમાર બેઠો બેઠો જિનેશ્વર દેવનું સ્મરણ કરતો હતો તે વખતે દૂરથી કોઇ સ્ત્રી દીન સ્વરે રોતી રોતી બોલતી સાંભળી કે,—

દોહરો.

શુળી ચઢયો પતિ માહરો, માગે સુખ કંસાર;
કેમ કરી પહોંચુ હવે, સહાય કરો આ વાર.
આશા નવ પુરણ થતી, તેથી થાય દુર્ધ્યાન;
મરતો એ બે હાલથી, પછી નરકમાં સ્થાન.

ક્ષત્રી બચ્ચો જો હશે, શુર કૃપાથી પૂર;
તે આવી દુઃખ ભાગશે, એજ વિચારૂં ઉર.

આવાં દયાથી ભરપુર વચન સાંભળી રાજપુત્ર મડદાને આણુ દઇ જ્યાં શબ્દ સંભળાતો હતો તે ભણી હિંમત રાખી ચાલી ગયો. ત્યાં શુળી ઉપર પુરૂષ ચડેલો અને નીચે સ્ત્રી ઉભી હતી તેને ધીરજ આપી રોતી બંધ કરી સમાચાર પૂછવા લાગ્યો ત્યારે તેણે કહ્યું કેઃ—

ભુજંગી.

કહી મુજને સ્વામી નાણું કમાવા,
ગયો એ વિદેશે સુખી સર્વ થાવા;
પછી દ્રવ્ય પામી ઘરે આવતો આ,
હતા દુષ્ટ સાથી કર્યાં હાલ જો આ.
ચઢી શુળીયે એ પતિ દુખી થતો,
વિના સ્વાદ કંસાર નહી જીવ જાતો;
સુણી કોઈ પાસે લાવી હુંજ આજે,
હવે કેમ આપું રડું છું અવાજે.

કુમારને દયા આવ્યાથી પોતાના ખભા ઉપર તેને બેસાડી પણ ઘણીવાર થયા છતાં નીચે ન ઉતરવાથી ઉંચું ધારીને જોયું તો શૂળી ચડેલા માણસના કોમળ ભાગમાંથી માંસ કાપી ખાવાની માફક લાગી. જેથી તેના પગ ઝાલી નીચે ફેંકી; જેથી પીશાચણી ડરીને ભાગવા લાગી તે પહેલાં તેનો કંદોરો, કંકણ, પગનાં ઝાંઝર તથા અંગપરનો ઘાઘરો તથા ઓઢણું ખેંચી લીધું,

જેથી લુંટારાથી લુંટાયા માફક તે નમ્ર થયેલી પવનની માફક ફરીને ભાગી. કુંવરે તેના જવા પછી કપડાં તથા દાગીનાની પોટલી બાંધી પાસે રાખી મુડદા પાસે પાછો આવ્યો. તેને દેવનાં આભુષણ તથા વસ્ત્ર મળ્યાથી શીલવતીને આપી સંતોષ પમાડીશ એવી આશામાં તે આનંદ પામતો હતો.

દોહરા.

શીલવતી ગુણથી ભરી, હવે ન વિસરે પળ;
યોગી સમ બેઠો વળી, કરતો મન નિર્મળ.

આ પ્રમાણે પહેલો પહોર વીત્યો. બીજા પહોરમાં એક ભૂત દક્ષિણ દિશામાંથી ત્રાસ પમાડતો શબ ભક્ષણની ચેષ્ટા કરતો, પાપના કાદવ રૂપી કાળાશથી બીહામણો છે ચેહરો જેનો, એવો અને લોકને દર્શનથી જમપુરીમાં પહોંચાડતો, જ્યાં રાજકુમાર પ્રથમની જગ્યાએ બેઠો હતો, ત્યાં આવી પોકારવા લાગ્યો. તેનું રૂપ જોઈ કુંવરને કૌતુક તથા હાસ્ય થવા લાગ્યું. તેના નખો લોખંડના પાવડા જેવા, કાન સુપડા જેવા અને તેની ઉંડી ગયેલી આંખો પહાડની ગુફા જેવી લાગતી હતી. હળના સરખું માથું, ઉદર ઉંચું વધેલું, પીઠ નીચી ગયેલી, તાડના સરખા હાથ છે જેના, અને તાડના થડ સરખા પગ લાંબા જોઈ કાચો પોચો તો ત્યાંજ પોકાર મારી પૂરો થાય તેમ હતું, પણ કુમાર તો ધૈર્યમાં ધુર તથા ધર્મમાં શ્રદ્ધાવાન હોવાથી તે શું પોકારે છે, તે સાંભળવા લાગ્યો. જેના ચરણથી ધરતી ધમધમતી હતી, મોહું વાઘની માફક ખાઈ જવા માટે

વિકાળ ફાડેલું હતું, પહાડોને ફાડી નાખે તેવો ભયંકર અવાજ હતો, તેજમાં બપોરે બાળી મૂકતા સૂર્ય જેવો તાપ કરનારો હતો. તે નજીક આવ્યો પણ કુમાર તો ડર્યા વિના સ્થિર બેઠેલો હતો તે જોઈ બોલ્યો કેઃ-

દોહરા.

ચાલ ચાલ ઉતાવળો, તારી ઉત્તમ દેહ;
કુંવર ઇચ્છે એજ પણ, દોડયો પુંઠે એહ.
પહેલો વ્યંતર દોડતો, પાછળ રાજકુમાર;
પહોંચ્યા બંને વેગથી, જ્યાં છે ગુફા દ્વાર.

ત્યાં વીચીત્ર રંગ તથા ચેહેરાવાળા સોળસો ભૂતોથી ઘેરાયલી ગુફા જોઇ તથા આ એકજ ભક્ષ્ય છે એમ ગણી બંનેને પરસ્પર હસવું આવ્યું જેથી રાજકુમારને ભૂતોએ હસવાનું કારણ પૂછયું ત્યારે કુમારે તેમને પ્રથમ જવાબ આપવા કહ્યું કે તમે કેમ હસ્યા ત્યારે ભૂતો બોલ્યા કેઃ—

દોહરો.

મૂઠીમાં પણ માય નહિ, એવી તારી કાય;
સોળ સત સાથે મળ્યા, શું અમ પુરૂં થાય ?

કુમારે પણ હીંમત રાખી પછી જવાબ આપ્યો કે આ શહેરના મંત્રીનું મડદું છ માસથી બાળવા છતાં બળતું નથી તેથી રાજાએ ઘણી શોધ કરતાં વૈદોએ ઉપાય બતાવ્યો છે કે બત્રીશસો વ્યંતર કોઈ લાવે તેને ઘાણીમાં પીલી તેલ કાઢીએ અને તે તેલ કાયા ઉપર છાંટવાથી મડદું બળ્યા વીના રહેવાનું

[illegible]

પાસે જઈ [illegible] કહ્યું કે —

ભુજંગી.

નહીં મોહ કે ધૂંદનો ત્રાસ આવે,
બાલ ધ્યાનથી જિન તે જિન થાવે;
બધા રોગને રોગનું નામ જાવે,
દીધું ચિત્ત તે સુધા તુલ્ય પાવે.
દલા ભૂત કે પ્રાણને ખાવનારા,
થયા દાસ તે સેવીને જીવનારા;
કરે વીનતિ શીષ ચર્ણે નમાવે,
પછી સ્નેહથી જિન દેરું બનાવે.

રાજકુમારના કહેવાથી સોનાના કળશથી શોભીતું શીખરવાળું મંદીર આકાશે પહોચતું ને જમીન ઉપર રહેતું અંતરીક્ષ ઘડીવારમાં બનાવી દીધું. રાજપુત્રે આંખના પલકારામાં જોઇ લીધું કે ઇન્દ્રાચીન મંદીર રાજ્યમહેલના ભપકાની માફક હીરાથી શોભતું અને મધુરાં વાજીંત્રવડે વાજી રહેલું બની ગયું છે; અને

જેમાં જીનેશ્વરની મુર્તિ સ્થાપન થયેલી છે તે જોઇ આકાશમાં ફરકતી ધજાથી આનંદ પામતો વ્યંતરીના દાગીના, વસ્ત્રની પોટલી વ્યંતર મારફતે શીલવતીનું નામ કરી તેના આવાસ ગ્રહમાં મોકલાવી, તથા ફરી કામ પડે આવવાનું વચન લેઈ બધા વ્યંતરોને જવા દીધા. બીજો પહોર પૂરો થતાં ત્રીજા પહોરે કુંવરે પોતાના મુડદા પાસે બેઠાં બેઠાં જોયું કે કોઇ પુરૂષ ત્યાં ગુપચુપ ચાલ્યો જાય છે તે જોઇ આશ્ચર્ય પામી ફરી મડદાને આણુ આપી તેની પુઠે ગયો. આ પુરૂષ કોઈ ભોંયરામાંથી નીકળવાનો ભાષ થયો હતો, પણ હવે તે કયાં જાય છે તે તપાસવા માટેજ રાજકુમાર પણ પછવાડે ઘણો દૂર ગયો; જેથી ચોર હોવાનું જાણી પુરી ખબર લેવા માટે છેવટ સુધી સાથે રહ્યો. ચોર રાજમહેલમાંથી રાજકુમારી હરણ કરી પાછો વનમાં ચાલી આવ્યો. કુમાર પણ ગુપ્તપણે તેની પછવાડે ધીમે ધીમે ચાલી બંને વનમાં ચાલી આવ્યા. ત્યાં પોલા વડમાં બખોલ હતી તે ખોલી બંને જણ ચોરે ઉઘાડેલા દ્વાર મારફતે અંદર ઉતર્યા. અંદર સોના ચાંદીથી શણગારેલો રાજમંદીરની માફક ચોરનો આવાસ શોભાયમાન લાગતો હતો. તેમાં કુંવરી અત્યાર સુધી નિદ્રામાં હતી તે ચોરે નીચે મુકતાં જાગૃત થઈ. તે વખતે પોતાનું અંતર ખોલી બંનેને એકલાં જાણી નિર્ભયપણે ચોર બોલ્યો કે રાજકુમારી ! તારા રૂપથી મોહીત થયેલો તને અહીં હું ચોરી લાવેલ છું, અને તારી સાથે લગ્ન કરવાની મારી અભિલાષ. છે. જો તું ખુશી થઇ હા પાડીશ તો ઠીક છે, નહિ તો સામે બળતી અગ્ની તૈયાર છે તેમાં હોમી દેવી પડશે.

મરણના ડરથી ભય પામી રાજકુમારી ચિંતવવા લાગી કે શું હંસીને કાગડાનું જોડું કદાપી થયું છે? સિંહણ અને શીયાળનો સંબંધ કદાપી થયો સાંભળ્યો છે? તો આખી જીંદગી રદ કરી જીવવા કરતાં એકજ વખત મરી દુઃખ વેઠી લેવું તે શ્રેષ્ઠ છે. તેમ ધૈર્ય ધારી વીચારીને બોલી કેઃ—

દોહરો.

તું છે મારો બંધવો, હું છું તારી બેન;
હાંસીમાં નવ બોલીયે, શાણા એવાં વેણ.

ચોર અને વળી કામાંધ બંને દુર્ગુણોથી દુષ્ટ અંતઃકરણવાળો હોવાથી નિર્દયપણે તેને મારવાની ધમકી આપી અગ્નિની પ્રદક્ષિણા સાત વખત ફરવા કહી. અહીં રાજકુમારી એકલા હોવાથી પ્રથમ નવકાર મંત્ર સ્મરણ કરી છ ફેરા ફરી સાતમા ફેરે ફરતા પહેલાં પૂર્વ દિશામાં મોં રાખી બોલી કેઃ—

દોહરો.

વર્યો પતિ મેં શીલવતી, સ્વામીને ગુણવાન,
તે કે તેના મીત્ર દેવ, ઉગારો મુજ પ્રાણ.

આ પ્રમાણે શીલવતીનું નામ ફરી સાંભળતાં રાજકુમાર વધારે આનંદ પામી તથા તે પોતાને વિના દેખે મનથી વરી ચૂકેલી બોલતી સાંભળી, અને ક્ષત્રી ધર્મ પ્રમાણે નિરાધાર અબળાના રક્ષક તરીકે મદદ કરવાની ફરજ જાણી, તૈયાર થઈ સાતમો ફેરો ફરવા પહેલાંજ રાજકુમારે પૂર્વ દિશામાં મુખ કરી ઉભી રહેલી દીન મુખવાળી કુમારીને છોડી, ગુપચુપ ચોરના

પુંઠે જઇ બાથમાં લેઈ બળતી અગ્નિમાં ચોરને હોમી દીધો, અને ચોરે પ્રથમ સાધેલી વિદ્યાના પ્રતાપથી પડતાંજ તે ચોર સોનાનું પૂતળું બની ગયેલો દેખાયો જેથી કુંવરી આશ્ચર્ય પામી નિર્ભય થઈ, આવેલા પુરૂષ સામે ધારી ધારી જોવા લાગી; બંનેને સામાસામી દૃષ્ટિ મળતાં આનંદ થઇ ગયો અને શાંત થયાં. પછી રાજકુમારે તે બાળાને પૂછયું કેઃ—

દોહરો.

કેમ વર્યો તેં એ પતિ, નામ ઠામ અંજાણ;
વળી કુંવરી પણ જે વદે, સાંભળ વ્હાલા વાણ.

કુંવરી—તાત પાસે નિમિતીયે, ભાખ્યો જે હેવાલ;
તે આધારે હું વરી, માટે પરણો હાલ.

સૂર્યે ચંદ્રની સાક્ષીથી કળશની સ્થાપના કરી બંનેએ માંહોમાંહે ઉત્સાહથી પોતાની મેળે વિવાહ કીધો. ત્યાર પછી રાજકુમારે અગ્નિમાંથી નિર્મળ સુવર્ણ પુરૂષ બહાર કાઢી પાણી છાંટી શીતલ કીધો. કુંવરીને ધીરજ આપી તેની રજા લેઇ દીવસ ઊગતાં આવવાનું કહી તે ભોંયરાના દરવાજા બહાર નીકળી નીશાની રાખી ચોથા પહોરે પાછો મુડદા પાસે બેઠો. આટલી વાર મડહું શાંત પડેલું હતું પણ હવે તો જાગૃત થઇ પૃથ્વીપર પોતાની કાયાવડે ધમધમાટ કરી માથા ઉપર ફેણ ધરેલા સાપની માફક ભયંકર ચહેરે પોકાર કરવા લાગ્યો,—

દોહરા.

મુખથી તો હું હું કરે, શ્વાસ બહુ દુર જાય;
ભ્રકુટી ભયંકર વળી, દેખી દીલ ડર ખાય.

ફરીને ઉભો થયો, ભુમી ઠોકે પાદ;
રાખ્યા કાનને દૂર થકી, હાકે સુભટ નાદ.

દેવીમાં ખુંજવતા સમુદ્ર માફક જમીન ઉપર કૂદકો મારતો અને ગરુડ ખળભળતા માફક ત્વરાથી કરી અગ્નિની જ્વાળાનો રાજકુમાર સામે આવી ઉભો. કુમાર પણ તેની સામે આવી સિંહ માફક ગર્જના કરી બોલ્યો કેઃ—

દોહરા.

લાગ્યો બેદર પાછળે, આપ્યો તું પ્રત્યક્ષ;
હવે તને છોડું નહિ, વદે કુંવરને યક્ષ.
લાતો દેતા પગ વડે, પાછી મુઠીના માર;
બાથમ બાથા આવતા, પાડી વીર પોકાર.
કુમારે મંત્રજ ભણી, પકડી તેની ભૂજ;
ઉછાળ્યો આકાશમાં, શાંત થઇ ગયો ભૂત.

પાછો ફરીથી પકડી ઉછાળવા જાય છે કે નરમ થઇ મૂકી દેવા વિનંતિ કરીને ભૂતને કહેવા લાગ્યો કે મને છોડ, એટલે મારી વાત તને કહું, જેથી તેને મૂકતાં તે કુમારને કહેવા લાગ્યો કે મંત્રીને ઉપઘાત થયો હતો તે વખતે સુર્ય ચંદ્ર નામના ઉત્તમ જાતિના રત્નને તેના મુખમાં ઠંડક થવા રાખ્યાં હતાં; પણ મરણ પામ્યા પછી રત્ન અંદર રહી ગયાં છે તેથી તેની દેહ બળતી નથી તેમ કુહતી પણ નથી. એ બે રત્નના સ્વામીનો હું સેવક છું અને તારા ધૈર્ય તથા શૂરથી પ્રસન્ન થયો છું તેથી તું તે બન્ને રત્ન તેના મુખમાંથી લઈ લે. રાજકુમારે તેનું મોઢું ફાડી બે રત્ન લીધાં; જેના પ્રતાપથી

અગ્નિમાં બળવાનો કે જળમાં ડુબવાનો ભય જતો રહ્યો તથા રણમાં મોટી સેના હારી જાય છે તેવું યક્ષે કહ્યું. વળી યક્ષ કહેવા લાગ્યો કે તે પ્રધાનના ઘરમાં દક્ષિણ દિશામાં જે પલંગ છે તેના ચાર પાયા નીચે ચાર રત્ન કળશ છે તે પણ તું લઇ લેજે એમ કહી યક્ષ અંતર્ધ્યાન થયો.

દોહરા.

ચાર પહોર પૂરા થયા, થયો સૂર્ય પ્રકાશ;
તે મુડદાને બાળીને, દુઃખનો કીધો નાશ.
ચોખ્ખે જળથી નાહીને, બેઠો શુચી કાય;
સુભટ શોધે તેહને, દેખીને સ્થિર થાય.
દીઠું દહેરૂં જિનનું, વન વિષે સુખકાર;
સુંદર સરવર પાસ છે, આનંદ દેજ અપાર.
શાંતિ જિનવરને નમી, પામ્યો પરમાણંદ;
પ્રભુ ભાવથી પૂજતાં, કરે કર્મ નિકંદ.
સુભટ સાથે લઇને, આવ્યો રાજા પાસ;
વિનવિ કન્યા માગતો, નૃપતિ થાય ઉદાસ.

રાજા અંજાણ્યા પુરૂષને માબાપ વિનાની પુત્રીને કેવી રીતે દેવાય તેવું વિચારી નાતિજાતિ, દેશ વિગેરે પૂછવા લાગ્યો. તેથી રાજકુમાર બોલ્યો કેઃ—

દોહરા.

પી પાણી ઘર પૂછવું, એવું અહીંયાં થાય;
વિચારો ફોગટ હવે, સુણો મુજ કથાય.

ધુડખેટા અમારી જાતિ છે. હમારા મિત્રો જુવારી છે, તેમની સાથે જુવાર ખેલવાનો મારો ધંધો છે. અમે વનમાં વાસો ર-

દીએ છીએ. રાજા તો આસોજ બની ગયો. અને મંત્રી પુત્રી પરણાવતાં વિલંબ કરવા લાગ્યો. તેવામાં અંતઃપુરમાંથી રાજપુત્રી ચોરાઈ જવાની બુમ પડવા માંડી. રાજા ત્યાં જઈ તપાસ કરવા લાગ્યો તો ખાતર પાડી ચોર કન્યાને લઈ ગયેલો માલુમ પડયો તેથી પ્રથમની વાત પડતી મુકી પોકાર કરી કહેવા લાગ્યો કે અરે સુભટો તમારી ચોકી છતાં કેવી રીતે આંખમાં આંજી ચુપ ચુપ ચોર કન્યાને લઇ ગયો. માટે જાઓ ગમે ત્યાંથી કન્યાને શોધી લાવો.

આ પ્રમાણે કહી તેની શોધમાં ચારે દિશામાં ઘોડેસ્વાર મોકલ્યા. પણ સઘળી દિશામાંથી નિરાશ થવાની ખબર આવવા લાગી. રાજા શોકમાં હોવા છતાં પણ કુમાર મંત્રી પુત્રીને માગવા લાગ્યો. વરસાદની રાહ જોઈ જેમ વખત આવે ખેડુત ડોળા તાકીને રહે છે તેમ આતુરતા ધરાવતો જોઈ દીન સ્વરે રાજા કહેવા લાગ્યો કે અમારી રાજપુત્રીને કોઇ દુષ્ટ રાત્રે ચોકી પહેરાવાળા મહેલમાંથી ખાતર પાડી લઈ ગયો છે તેની શોધ થવા દો; પછી તમારી ઇચ્છાનુસાર કરીશું. અને તેજ વખતે રાજાએ ગામમાં ઢંઢેરા પીટાવ્યો કે જે ગુમ થયેલી રાજપુત્રી શોધી આપે તેને તેજ પુત્રી પરણાવી, પુષ્કળ દ્રવ્ય આપી ન્યાલ કરી નાખું. તે વખતે ફરી કુમાર કહેવા લાગ્યો કે પ્રથમનું ઢંઢેરાનું એક વચન કાઢેલું પાળતા નથી તો પાછો બીજો ઢંઢેરા શા માટે પીટાવી લોકને નાહક પીડામાં પાડો છો.

છપ્પા.

સુખથી બોલો બોલ, ખરે તે ભાવે પાળો;
પરિસહ વેઠો અંગ, દેહું તે નિશ્ચે ટાળો.

નિંદા સ્તુતિ થાય, કદી તેને નવ ગણવી;
લક્ષ્મી આવે જાય, ધીરજ હૈયામાં ધરવી.
માટે મુખથી નીકળ્યું, જે વચન સજ્જન પાળતા;
માણેક જીવ્યા તે નરો, જે કર્મ કલંક ટાળતા.
માતા ચાલે ચાલ, પુત્રીમાં નિશ્ચે આવે;
પીતા વાંસે પુત્ર, નીતિ વ્હેવાર ચલાવે;
શેઠ પ્રમાણે દાસ, લોકમાં છાપ છપાવે;
પાણી પ્રમાણે વેગ, ચીજ સૌ તરતી જાવે;
વચન પાળ રાજા થકી, એમ પ્રજા સદા સુખી હશે;
માટે મહેર કરી પ્રથમ આપો, પછી સૌ સારૂં થશે.

રાજાને ખાત્રી થઇ કે આ ભાગ્યશાળી પુરૂષ કાંતો મંત્રવાદી અથવા દેવસહાયી હોવો જોઇએ. નહીં તો જે કોઇનાથી ન થાય તેવી હામ ભીડી એક કામ પાર પાડયું છે અને બીજું પાર પાડવા હીંમત કરે છે તો આપણું કામ કાઢી લેવા કપટ કરવું; પછી જોઈ લેવાશે કારણ કે તેની જાત ધંધો વગેરે સાંભળી રાજાને કન્યા પરણાવવા હિંમત થતી નહોતી, તેમ ના કહે ચાલે તેમ નહોતું; તેથી રાજપુત્રને વીનવીને ફરી તેને પોતાની પુત્રીની શોધમાં મોકલ્યો તથા પછવાડે સેના લેઇ પોતે પણ ચાલ્યો.

દોહરો.

વનમાં સર્વે આવતાં, દીઠો જિન પ્રાસાદ;
કેમ ઓચીંતો આ થયો, કરતો સ્વર્ગથી વાદ.

અઘોર અને બીહામણા જંગલમાં સર્વે આવતાં ઝાડોની

ષોને લીધે સૂર્ય કીરણ પણ સંચરતું નહોતું, ત્યાં આગળ ા કે કાચાપોચા માણસની હિંમત અંદર જવાને થવી પણ લ તેવી જગ્યાએ સો સમુદાય સહીત રાજા ચાલ્યો. કેટ- જગ્યાએ બાવળ વિગેરે કાંટાવાળા ઝાડો હતાં ત્યારે કેટ- જગ્યાએ આંબા આંબલી વિગેરે ફળદ્રુપ ઝાડો પણ ; કેટલીક જગ્યાએ ઝાડનાં ડાળાં આજુબાજુ ફેલાઇ રસ્તા- જતાઆવતા માણસને હેરાન કરતાં હતાં; ત્યારે કેટલીક સુંદર ની લતાઓ પ્રવાસીના માર્ગના થાકને દૂર કરી વિશ્રાંતિ આપતી . આમ આડા અવળા ફરતાં ઘણું ચાલતાં રાજપુત્રપર શક રવા લાગ્યો કે પુત્રીને તે બતાવશે કે પ્રથમનો દાવ હૈયામાં ી દુઃખી કરશે ? કારણ કે બીહામણા જંગલમાં ઘણું ચાલી ા ભાગી પરસેવો થતાં સો કંટાળી ગયા હતા, તોપણ આશા- ને આશામાં જતાં તેજ વડ વૃક્ષની પોલ કુમારે શોધી કાઢી. ત વડ વૃક્ષનો ઘેરાવો તથા ઉતરવાની જગ્યા ખરાબ જોઇ હિંમત રી દૂર ઉભો રહ્યો; જેથી પ્રથમ રાજકુમાર અને ત્યાર પછી ા તથા શેઠ સાહુકાર વીગેરે ઉતર્યા. પછી નિર્ભયતા જોઈ શ્વાસ લાવી રાજા ઉતર્યો. અંધારામાંથી મુસ્કેલીએ રસ્તો મેળવી ંદર ઉતર્યા તો રાજમહેલ જેવો સુશોભીત મહેલ દીઠો.

ભુજંગી.

બહુ દીપતો સુર્ય જેવા પ્રકાશે,
જડી રત્ન રાખ્યાં દુઃખો દુર નાસે;
નહીં કાંઈ બાકી બધી જોગવાઇ,
હરી આંખને પામતા સો નવાઈ.

તાવેલું ધન ભંડારમાં તેની રજા વિના નખાવ્યું હતું; ત્યારે પણ રાજકુમાર વચન પાળવાનું કહેવા સિવાય જરા પણ અધિરતા કે ક્રોધ બતાવતો નહોતો. તેથી રાજાએ તેના ગુણો સુવર્ણની પરીક્ષા કસોટી પર થાય તેમ કરી છેવટે પોતાના મનમાં પણ તેની ઉત્તમ જાત હશે, તેમ ગણી એકાંતમાં સત્ય વાત ઘણા આગ્રહથી પૂછી ત્યારે રાજપુત્રે પોતાનો પૂર્વ વૃત્તાંત કહ્યો; જેથી રાજાએ ખુશી થઇ બંને કન્યાઓને ધામધુમથી પરણાવી તેમને યોગ્ય આવાસ આપ્યો. ત્યાં બંને પ્રેમદા સાથે પૂર્વે કરેલા પુણ્યથી મળેલા ભોગોની મજાહ ભોગવતો તે રહ્યો.

ભુજંગી.

ખરે પુણ્ય જ્યાં જાય ત્યાં સાથ આવે,
અતિ કષ્ટને ત્રાસ તો દૂર થાવે;
વને જંગલે કે જતાં અન્ય દેશે,
નહીં પુણ્ય વિના કાંઈ સુખ દેશે.
ગયો એક જો ત્યાગીને નિજ નારી,
મળી અન્ય ત્રણ, વળી રિદ્ધિ સારી;
હતી એકથી એક જે બુદ્ધિશાળી,
દીધી શીખ ને પાપ નાખ્યું પખાળી.

આ પ્રકરણમાં આવેલો સાર:—

શીલવતી સાસરે ગઈ પણ પતિએ પૂર્વનું શલ્ય હૃદયમાંથી દૂર ન કર્યું, અને તેને ત્યાગી દીધી. મિત્રોએ અને માબાપે બંનેનો સંબંધ જોડવા શીખામણ તથા આગ્રહ કીધો, પણ રાજપુત્રનું મન શાંત ન થયું; જેથી એક વખત આ સઘળી

ણા દુઃખ ભોગવી તિરસ્કારી પરદેશ ગયો, જેની વાર્તે પણ શી-
લવતીએ ઘણી વિનંતી કરી હતી, તે પણ પોતાનાં એ...ની
ક ભોગવવાં આદિ હતાં ને ... તેવાં હેવાથી
નિ સાધ્વીના વેશે પરદેશ ગયો. તે જાણે છે કે ઘણું દુઃખ
તું, એ સંતાપતાં હતાં, પતિએ ત્યાગેલી થયેલી ત્યાં કન્યાનું
ભેષણ આપી એ પીડાકારતાં હતાં, છતાં પણ ધૈર્ય ધરી કો-
નિ પણ વચન આપ્યા વિના, તેમ કોઈની આજ્ઞા પતિની
નિંદા કર્યા વિના પતિનું સ્મરણ કરતી હતી, તથા યૌવન અ-
વસ્થામાં પતિવિરહ દુઃખદાયી હતો, છતાં પણ પોતાનું ધર્મ
કાર્ય તથા શીલવ્રત સારી રીતે પાળતી હતી, અને પતિ પ-
રદેશ જઈ પુણ્ય બળથી શેઠ કન્યાને શેઠને મળેલા નફાથી ભા-
ગ્યશાળી તરીકે ઓળખાઈ પરણ્યો. અને પ્રધાન પુત્રી તથા
રાજપુત્રીને ભયંકર સ્મશાનમાં રાત વાસો રહી વ્યંતરો તથા
વ્યંતરીના તથા યક્ષના ભયંકર મહેલ, ભીલામણ પોકારો વિ-
ગેરે છતાં તથા પ્રાણત્યાગનો વખત આવવા છતાં પણ દેવગુરૂના
સ્મરણથી એ કષ્ટ દૂર થયું, ને ત્રણે કન્યાને પરણી તેણે રિદ્ધિ
મેળવી હતી; જો કે પ્રથમથી શીલવતીને કલંકીત ધારી તેના
ભોગ છોડયા; શીલવતીના ગુણો બીજી સ્ત્રીના કહેવાથી સાચી
શીખ દેવામાં આવતાં પ્રથમની મેળવવા બીજીનું મન સંતોષ
કરી, કલંક ઉતારવા તેને ત્યાગીને, આણા આપી નીકળ્યો તો
પરદેશમાં પણ પુણ્ય આગળ થઈ, નવી એ સ્ત્રી દેવાંગની સ-
રખી મળી, માટે પુણ્ય તથા ધર્મારાધન કરવું. હવે આગળ શું
થશે તે કહીએ છીએ.



પ્રકરણ ત્રીજું.

ચંદ્રગુપ્તનું સેવાર્થે રહેવું અને દરિયામાં ગુમ થવું.

દોહરા.

પાલણપુર બીરાજતા, પાલી પારસનાથ;
સકલ રિદ્ધિ દાતાર એ, પ્રણમું જોડી હાથ.
મદન મલ્લને જીતીને, વર્યા શિવ વધુ નાર;
પાપ અમારા દૂર કરો, તુમ છો જગદાધાર.
અન્ય નામે તુને ભજે, પણ છે ગુણ અંજાણ;
સન્મતિ દઇ સુધારજે, પામું મુક્તિ સ્થાન.

એક દિવસ રાજકુમાર એકાંતમાં બેઠો હતો અને સંસાર સંબંધી સુખ બંને સ્ત્રી સાથે ભોગવતો હતો, છતાં પણ શીલવતીના ગુણો તથા પોતે કરેલો તેનો તિરસ્કાર વારંવાર તેને યાદ આવતાં, મન તેને મળવાને તૈયાર થઈ ગયું જેથી બંને સ્ત્રી પાસે પરદેશ જવા રજા માગી. ત્યારે સ્ત્રીઓ ઉદાસ થઇ કહેવા લાગી કેઃ—

દોહરો.

પ્રીતમ એમ ન બોલીયે, એ વચને દુઃખ હોય;

તમારાં આવાં મનને શુભ ઉત્પન્ન કરનારાં વચન મહારીમાં પણ અબળાજનનાં હૃદયમાં શલ્ય લાગે છે; તો પછી તમે જવાનું નિશ્ચે કરો તો અમારા શું હાલ થાય તેમ અમારો શું અપરાધ તમારા દિલમાં લાગી આવ્યો છે? સ્નેહ એક વખત કીધેલો શું કરી પણ છોડી શકાય છે? તમારા આશામાં ખોળો ભરી બેઠ ક્યાં સુધી ખેંચી શકશે? તમે રૂપમાં સમુદ્ર સરખા ગંભીર છો, તમે થાકેલાને વિશ્રાંતિ લેવાને નિર્મળ સરોવર રૂપ સ્થાન છો; તેમજ ચંદ્ર વિના ચકોરને શું કોઈ પણ દિવસ આનંદ થાય છે? કામને કેશવનો ઘડી પણ સ્નેહ છોડવો ગમે છે?

ભુજંગી.

પહેલી— વિના પાણીથી માછલી જીવ ત્યાગે,
વિના લુણ શું ભોજને સ્વાદ લાગે;
કદી કહું આણી તમે દૂર જાઓ,
તજુ પ્રાણ ને લોક દેખે તમાશો.

માલિની.

બીજી— નથી, નથી, નથી દીઠો કાંઈ ગુનો તમારો;
દૂર, દૂર, દૂર જાઉં, શબ્દ લાગે નઠારો.
કદી, કદી, કદી હાંશી, ઈચ્છા જો થાય દીલે;
નકી નકી જીવ જાશે, દેહથી વિણુ ઢીલે.

રામે સીતાના વિરહે કેટલો વિલાપ કીધો હતો? રાવણની સાથે યુદ્ધ કરી કેટલું સંકટ વેઠ્યું હતું? પરદેશીને પ્રાણાધાર કરી અમે માબાપનાં વચનોનું ઉલ્લંઘન કરી તમને શીરછત્ર બનાવ્યા છે તો હવે તમને ત્યાગતાં શું કરૂણા પણ આવતી

એવાં પણ દુઃખ વેઠીને, દ્રવ્યજ પામે કોઇ નરા,
આ[illegible] ધર્મ માટે, મોટા પહોંચે મુનિવરા;

[illegible] દ્રવ્યના લોભે પરદેશ સીધાવે છે ત્યારે [illegible] અને નોકર ચાકરો પેટની વેઠ [illegible] છે, કહ્યું છે—

દોહરો.

[illegible]

[illegible]

દેવ. અરે! જાગતો કે પડયો નિંદમાંહી,
પછી કામ નાવે રહે મનમાંહી;
કુમાર. કહો સ્વામી! જાગું, વદો આપ વાણી,
સુણું ચિત્ત દેઇ, ખરૂં હિત જાણી;

દોહરો.

આ જ વખત શુભ યોગ છે, અમૃત્ત સિદ્ધિ નામ;
સુંદરી સંગ થકી થતો, પુત્ર પુણ્યનું ધામ.

રૂપ અનુપમ, ગુણનો ભંડાર, સવા લાખ દીનારનો રોજ કમાવાવાળો, બત્રીસ લક્ષણને ધારનાર એવા પુત્રને જો પાળવો હોય તો તારે આ વખતે નારીનો સંગ કરવો જોઈએ આ વચન હું તારા હિતના માટે પૂર્વ ભવના સ્નેહથી કહુંછું તે તું સાચું કરીને માની લે. આ વચન સાંભળી રાજકુમાર કહેવા લાગ્યો કેઃ—

માલિની.

હતી, હતી સુખ દાતા, ચિત્તથી ચાહનારી,
શીલવતી અતિ શાણી, કામની કામ કયારી;
નથી, નથી, નથી લીધી, વીનતી મેં સ્વીકારી,
અરરરર પસ્તાવો, દુખથી થાય ભારી;

દેવતાએ કહ્યું કે તેની ચિંતા ન કર; તારી ઇચ્છા હોય તો એક પળમાં તને ત્યાંજ મૂકી દઉં જેથી કુમારને હર્ષ થયો અને મનમાં કામ વાપ્યો તે વખતે ગરૂડ તેને પાંખમાં ઘાલીને સમુદ્ર ઓળંગી શીલવતીના ઓરડાના દરવાજે મૂકયો આ વ-

ખતે શીલવતી રાતના નિઃશાસા નાંખી રડતી હતી અને
સાદે કર્મનો દોષ કાઢી બોલતી હતી કેઃ—

દોહરો.

પૂર્વે કીધાં પાપ શું, કરી પતિ મને ત્યાગ,
દર્શનથી દૂરે થયો, નહિ, રમણીનોરાગ;
વીરહીના વીલાપ તો, જો હૈયામાં હોય,
ત્યાગી નહિ કદી ભામિની, કઠણ હૈયે કોઈ;

વિલાપ.

સીતાજીના મહિના.

વહાલા, વહાલી તજીને વિદેશ, શું કામે તમે ગયા,
કીયો શુંરે તમારો અપરાધ, દર્શનથી દૂર થયા;
ઝાલી ચોરી માંહે તમે હાથ, નાથ થયા જીવ તણા,
લક્ષી લાવ્યા હતા સાથે જાન, શોભામાં નહિ મણા;
સુણી વાત તમારી કાંઇ, અંદેશો શું દીલ થયો,
હાના કરીને લઇ લગ્ન, પછી વાંક શું જોયો ?
પૂરી પક્ષીને પાંજરા માંહે, દાણો જો નવ ધરે;
ભૂખે દુઃખે મરે એ રીબાઈ, તરફડી તે મરે.
મારે મ્હેણાં સાસુ અને સર્વ, ખમાય ન મુજથી;
છુટી હરણી જીવે જે કેમ, જુદી પડી જુથથી.
કંથ મુદત કરી દૂર પંથ, તમે જો સીધાવતા;
ગણતી દીન અને વળી માસ, અહીં તુર્ત આવતા.

તોડું કેશને મરડું અંગ, આળસે આકુલી;
ઘડી ઘડી માથું પછાડું હું, પરણી માંહે વ્યાકુલી.
નથી નાથ વિના આધાર, જન્મારો કેમ જશે;
ધિઃક ધિઃક નારી અવતાર, મારૂં હવે શું થશે.
હાય હૈયા કેરી આ પીડ, હું કયાં આગળ કહું;
એવું દીસે ન એકે સ્થાન, સુખેથી ત્યાં રહું.
વહાલા પૂર્વ ભવના વૈરે, વરી મુને છેતરી;
પંચ સન્મુખ ઝાલી હાથ, કરી પર કિંકરી.
પાણી માંહે રહેનારા જીવ, જળ વિણ કયાં જશે;
તરફડી મરેજ એ હાલ, નારીનું ત્યમ થશે.
મોટા ભપકાથી કરી દમામ, દુનિઆને છેતરે;
ભૂલે ભલા ભલા વિદ્વાન, હું મુર્ખ તે શું કરૂં.
વ્હાલા સુના લાગે મને મ્હેલ, શય્યાને તો શું કરૂં;
આળોટે નિશા નવ જાય, ભૂષણ ભાર શું ધરૂં.

માથાના વાળ વીખરાયલા છે, વસ્ત્રનું ઠેકાણું નથી, ઘડીકમાં કર્મનો દોષ કાઢતી, ઘડીકમાં હૃદયમાં હાયપીટ કરી મૌન ધારતી, આમ તેમ તરફડી હે નાથ ! હે નાથ ! એમ પોકારતી દીન સ્વરે નિઃશ્વાસા નાંખતી દીવસે દીધેલા લોકના મહેણાંને સંભારતી પાછી વિલાપ કરતી જોવામાં આવતી હતી. વળી સંભળાતું હતું કેઃ—

દોહરા.

યૌવન, વયને, રૂપ, ગુણ, દૈવે દીધાં કેમ;
મોટા મહીપતિ શોધતાં, જીંદગી વ્યર્થજ એમ.

અડધું અંગ નારીતણું, જગમાં તો કહેવાય;
અંગ સંગ દુર્લભ કરી, દર્શનથી દૂર થાય.
વ્હાલા વાંક બતાવીને, ગયા હોત વિદેશ;
ખુલાશો અંતે થતો, નાથ દયા નહિ લેશ.

કટાક્ષ કરતાં વચન પણ આ વખતે પતિના હૃદયમાં શુ
ભાવ હોવાથી, સતિ શીલવતીના ઉપર સ્નેહ વધારનારાં લ
ગતાં હતાં. વિના ગુન્હે ત્યાગેલી સતિનાં વિરહ વેદનાનાં વાક
કાળજું વીંધતાં હતાં; કારણ વિના પણ પતિએ ત્યાગી, વિ
કન્યાનું વિશેષણ આપી સંતાપતાં સગાંથી કંટાળી રાત્રે શા
ન્તિ વિના પોકાર કરતી નારીના હૃદયને બાળનારાં વચન
ઉભરા નીકળેલા કુંવરને પણ કાળજું કોરી નાંખનારા હત
એકજ રાત્રીમાં આટલો સંતાપ થતો અદ્રશ્યપણે જોઇ પતિ
હૈયું ભરાઇ આવ્યું, અને તેણે ત્યાગેલી પહેલે દીવસથી
આજ સુધી કેવું દુખ વેઠયું હશે તેનો વિચાર કરતાં અં
ન આવે તેવું ધારી હવે તેનું દુ:ખ દૂર કરવા નિશ્ચય ક
કુમાર બોલ્યો કે:—

દોહરા.

દ્વાર ઉઘાડો સુંદરી, કરો નહિ તમે વાર;
રોતી તે નવ સાંભળે, ફરીથી કરે પોકાર.

શીલવતી અજાયબ થઈ કહેવા લાગી કે:—

શીલવતી—કહે અરે તું કોણ છે, તારૂં અહીં શું કામ;
સસરો જો મુજ જાણશે, ફોડે તારૂં ઠામ.

કુમાર—શાણી નાયક તાહરો, ચંદ્રગુપ્ત મુજ નામ;
રીઝાઈ આવ્યો ગયો, આવ્યો ઉત્તમ ઠામ.

ચંદ્રગુપ્તનો સાદ ઓળખી દાસીએ દ્વાર ઉઘાડી અંદર લીધો. શીલવતી પણ સામે આવી હર્ષનાં આંસુ આવ્યાં. બંનેનું મન મળી ગયું, એક એકને ચાહનારાં થઈ ગયાં. દાસી અવસર જોઈ દૂર ખસી ગઈ તે વખતે પતિ પ્રેમદાને કહેવા લાગ્યો કેઃ—

દોહરા.

હું અપરાધી છું અતિ, અવગુણનો ભંડાર;
સદ્ગુણી નારી તજી, મુજને છે ધિક્કાર.
તું છે દયાળુ સુંદરી, મળી પુણ્યથી જેહ;
શશીવદની દોગટ તજી, દીધો તુને છેહ.

ભુજંગી.

ભલે છોલી છોલી કરે છોડીયાં જો,
પછી અગ્નિમાં બાળવા નાંખીયાં જો;
નહીં તે તજે વાસ સુગંધની જો,
પુરા પુણ્યથી તું મળી કામની જો. ૧
સહે કષ્ટ સર્વે જુઓ ઝાડ પાનો,
દીયે આશરો શ્રમને ટાળવાનો;
ભલી ભૂમી સ્પર્શ સહુ જે સહે જો,
ખરી નારી ગુણી વિવેકે રહે જો. ૨
નહીં દોષ તેં કાઢીયો એક મારો,
કુડા દોષ દેઈ હું તો હુળનારો;

હવે નામ તારૂં કદી ના વિસારૂં,
કરૂં અર્ધ અંગી દેઉં સુખ સારૂં. ૩
મને માફી આપો અને પ્યાર લાવો,
થઇ ચુક સર્વે ભૂલી લ્યોજ લ્હાવો;
ગુણે રૂપથી શોભિતી સુખદાતા,
વિસારી ભૂલોને કરો સંગદાતા. ૪

પોતાના ગુણો પતિ ગાતો જોઇ શરમથી મોં નીચું ઘાલી કહેવા લાગી કે હે સ્વામીનાથ! આ શું બોલો છો? તમે ચંદ્ર અને હું ચંદ્રિકા, તમે રત્ન અને હું મુદ્રિકા, તમારા ચરણની સેવા ચાહનારી, તમારી છાયા માફક વચનને અનુસરી ચાલનારી દાસી, જે આજ્ઞા હોય તે પાળવા તૈયાર છું. આજે હું રૂતુ સ્નાનથી નાહીને સેવા કરવા સામે આવેલી છું, પણ આપ ગુપ્તપણે આવેલ છો ને સંયોગમાં ગર્ભ રહેવાનો સંભવ છે તો તમારા માત પિતાને એક વખત તમે મળી જાહેર થાઓ અને પછી સંબંધ થાય તો ઘણું સારૂં. નહિ તો તમે વખતે પાછા ગુપચુપ ચાલ્યા જાઓ, તો એક વખત તો તમારા દૂર દેશાવર જવાથી મને વિષ કન્યા ગણી ત્રાસ આપે છે તો પછી બીજી વખત ગરભ રહેતાં શું હાલ થાય ? તથા દુરાચરણી કહી શું દશા કરે તે આપ વિચારો.

કુંવર કહેવા લાગ્યો કેઃ—

દોહરો.

અવસર વિત્યા મેહુલા, ફરી ફરી નવ હોય;
ખેડુત હોય હુશીયાર તો, લાભજ લેવે કોય.

માટે વખત નથી અને દેવતાનું વચન છે કે આ વખત જો ગરભ ધારણ સ્ત્રી કરે તો બત્રીસ લક્ષણો પુત્ર ઉત્પન્ન થાય. જેના રૂપથી કામદેવ પણ હારી જાય. શૂરમાં સિંહ જેવો થાય માટે હે માનિનિ ! તું વિલંબ ન કર. સ્ત્રી પાછી વિચારમાં પડી કે પતિનું અપમાન કરવું તથા પુત્ર રત્નને ગુમાવવો અથવા તેનો લાભ લેતાં દુરાચરણીનું કલંક આવતાં દયામણા ચહેરે સોના પછવાડે મહેણાં સાંભળવાં ? જેથી કંઇ પણ નિશ્ચય કરી શકી નહીં. જેથી બોલી કે કંઈ નિશાની આપો જેથી રાજપુત્રે નિશાની તરીકે મુદ્રિકા પોતાની આપી અને પરણ્યા પછી પ્રથમજ પતિ સંગમાં સ્નેહની પ્રથમ રાત્રીમાં સર્વ દીવસનું સત્વ સૂર્યના તેજ માફક વિર્ય રૂપે તેના ઉદર વિષે પ્રવેશ કરી પુત્ર રત્ન દેવ વચનથી ગુપ્તપણે ધારણ થયો.

ભુજંગી.

નહિ સ્વપ્નમાં જે પતિ પ્યાર લાવે,
ગયો ત્યાગી દેશાંતરે કેમ આવે;
ધરી પ્રેમને સંગ તેનો કરાવે,
ખરે કર્મનો ભાવ કાળે ભજાવે.

દેવતાની સાનિધ્ય પાછી મળે તેમ નહોતી તેમ હજુ શીલવતીને ઘણું દુઃખ ભોગવવાનું કર્મમાં લખેલું હતું જેથી પ્રગટ થયા શિવાય તેજ ગરૂડની પાંખમાં કુમાર બેસી ઘોડીવારમાં કામદત્ત શેઠના વહાણમાં આવી તેની સેવામાં હાજર થયો.

જે રાજાએ શુભપણે જોઇ લીધું, જેથી એકાંતમાં તેણે રાજકુમારને બોલાવી તેનું કારણ પૂછ્યું જેથી જવાબ આપ્યો કે:—

દોહરો.

કહ્યું આનો જે માહરૂં, તો ઘો શેઠને દામ;
મોતી પરીક્ષા મેં કરી, વાજુન કર્યું તમામ.

આ પોતાના ધણીને નુકસાન ન થાય તેમ વીચારી પ્રથમથી દામ અપાવી કહ્યું કે તેમાં એકમાં દાદુરી છે; પણ તે શાસ્ત્રના જાણ એવા અનુભવી વેપારીનેજ ઉપરથી જોવાથી તેની ખામી માલુમ પડે છે; બાકી જો તમારી ખાત્રી ન થતી હોય તો આને અંદર ઉદાવીને તપાસો, જેથી રાજાએ આશ્ચર્ય જોવા કીંમત હીસાબમાં ન ગણતાં છેદાવ્યું તો તુર્ત માલુમ પડયું કે તેનું કહેવું સાચું હતું. જેથી રાજાએ જાણ્યું કે આ કોઈ મહા ઉત્તમ પુરૂષ શાસ્ત્રનો જાણ છે, અને નર રત્ન ખરેખરો તેની કાન્તી તથા બુદ્ધિથી મને માલુમ પડે છે. જેથી તેની હકીકત શેઠને પૂછી તેથી શેઠે કહ્યું કે તે રોટલા માટે સેવા કરવા રહેલો મારો દાસ છે; પણ રાજકુમારીએ તો પ્રથમ તેનું રૂપ નીરખી અને પાછળથી તેણે કરેલી પરીક્ષાથી પોતાના પતિ તરીકે માની લેઇ માતા આગળ બોલી હતી કે:—

દોહરો.

આ ભવનો પતિ માહરો, આવ્યો છે આ ઠામ;
કામ રૂપ કાંતિ મતિ, ગુણનો એ છે ધામ.

રાણીએ રાજાને કહ્યું ત્યારે ફરી શેઠને પુછ્યું. ત્યારે કહેવા લાગ્યો કેઃ—

વેઠ પેટ માટે કરે, ચાકર મારો એજ;
ઘડી ઘડી શું પૂછતાં, ખરી હકીકત તેજ.

પણ રાજપુત્રી તો તેને પરણવા એક પગે તૈયાર થઇ રહી હતી, પણ રાજાનું મન માનતું નહોતું. એક ચાકરનું રૂપ તથા પરીક્ષા જોઈ કુળ જોયા વિના અપસરા સરખી સુંદર ઉત્તમ રાજકુળની પુત્રી કેમ અપાય? જેથી તેને ખાનગી બોલાવી ઘણા ઘણા સોગન આપી આગ્રહપૂર્વક રાજાએ પુછ્યું, ત્યારે ચંદ્રગુપ્તે સર્વ હકીકત કહી દીધી. તેથી રાજા પ્રસન્ન થયો તોપણ કુંવરીની પરીક્ષા કરવા ફરી પુછ્યું કેઃ—

ભુજંગી.

ખરો રૂપમાં એજ દેવાશી જેવો,
વળી બુદ્ધિ બ્રહસ્પતિ તુલ્ય લેવો;
કદી કુળ જોયા વિના એ વિદેશી,
વરે મુજ કન્યા કરે લોક હાંસી.

દોહરો.

રૂપે જો લલચાઇને, કરે સહસા જે કામ;
પાછળથી પસ્તાય છે, માટે તે તજ નામ.

કન્યા વિનયથી પીતા આગળ બોલી કે આપનું કહેવું યોગ્ય છે, પણ આપ વીચારો કે—

કાર્યે કુળ જણાય છે, બુદ્ધિમાં બળવાન;
પાછળથી પસ્તાય શું, પુણ્યજ હોય પ્રધાન.

રાજાએ પછી સર્વ વાત તેણીને કહી મહોત્સવ કરી તેનું લગ્ન કર્યું. ગામમાં વાત ચાલતાં બંનેનું જોડું જોઇ લોકને આનંદ થવાથી કહેતા હતા કે—

ભુજંગી.

ખરે પુણ્યશાળી પુરો એ જમાઈ,
મળી નારી દેવાંગના સુખદાઈ;
કહે કોઇ કન્યા રૂડાં ભાગ્ય લાવી,
રૂપે દેવ જેવો મળ્યો ઘેર આવી.

શરદપુનમના ચંદ્ર સરખું મુખ જેનું, લોચન હરણી સરખાં છે જેનાં, ગજની સરખી ગતિ છે જેની, જાણે આકાશમાંથી સાક્ષાત અપસરાજ આવી ઉતરી હોય તેમ તે કન્યાને જોઇ પોતાનું ભાગ્ય રાજકુમાર પ્રબળ માનવા લાગ્યો; ત્યારે કન્યા પણ તેનું રૂપ તથા કાંતિ કામદેવ સરખી જોઇ આનંદ પામતી હતી. રાજાએ પણ પુષ્કળ દ્રવ્ય કન્યાદાનમાં આપ્યું. પુણ્ય વૃક્ષ સર્વત્ર સારાં ફળ આપવાવાળું થાય છે. રાજકુમાર રાજાના આપેલા આવાસમાં આનંદ પામતો રાજકુમાર રાજાના આપેલા આવાસમાં આનંદ પામતો, રાજકુમારી સાથે ભોગ ભોગવતો હતો, ત્યારે શેઠ પોતાના ચાકરનું રાજપુત્રી સાથે લગ્ન થયેલું સાંભળી તે વીચારવા લાગ્યો કે–

ભૂજંગી.

પડે જાણી જોઇ ખરે મેલકુપે,
મરે કુણ ઘેલો બળી તાપ ધુપે;
અરે વિષ જાણી લાડુ કોણ ખાવે,
નહીં ચાકરે રાજકન્યા કરાવે.

સામાન્ય પુરૂષો પણ પોતાની સાથે આવેલાને અપાર રિદ્ધિ મળેલી જુએ તો દ્વૈષી થાય છે ત્યારે આ પોતાનો ચાકર જેવો રોટલા માટે રહેલો વિદેશી રાજકન્યા અને રિદ્ધિ મેળવે તો તે કામદત્તશેઠને દાવાનળના દાહ સમાન ચિત્તમાં કેમ બળવા ન લાગે ? જેથી શેઠ કપટ હૈયામાં ધારી રાજકુમાર પાસે આવી કહેવા લાગ્યો કે આપ કૃપા કરીને અમને રજા આપો અથવા તો આપ રાજાની આજ્ઞા લેઇ અમારી સાથે ચાલો; જેથી પ્રથમ પોતાની સ્ત્રીને વાત કરી, ત્યારે બંનેએ રાણી રાજાને વીનવીને રજા મેળવી. અત્યાર સુધી સ્ત્રીની વીટંબણા જાણી, સ્ત્રી સાથે રાખી નહોતી, પણ આ વખતે તેવો વીચાર મનમાં ન આવ્યાથી કપટી શેઠના મીઠા વચનથી ભોળવાઈ સાથે લઈ જવા તૈયાર થયો. જતી વખતે કન્યાના માતા પીતા, દ્રવ્ય તથા બીજી સાહેબી આપી તેમનું મન સંતોષ કરી વેળાવી પાછા વળ્યા; અને રાજકન્યા પોતાના પતિ સાથે વહાણમાં બેસી સમુદ્રમાં મંદમંદ પવનથી આવતાં મોજાંની મોજ નીહાળતા બેઠી. દીવસ આનંદમાં નીકળી ગયો, રાત્રી પડી, ત્યારે શેઠની સેવા કરવાની પતિને યાદ આવી અને પોતાનું વચન પાળવા સ્ત્રીની રજા લેઈ શેઠ પાસે જવા તૈયાર થયો. કહ્યું છે કે—

છપ્પા.

શાણો તેનું નામ, બોલ વીચારી બોલે,
બોલેલા જે બોલ, તોળશે પૂરા તોલે;
તન ધન નહીં દરકાર, હોંશ દેવામાં ભાળી,
કપટો વેડી અંગ, રાખશે સત્યજ વાળી.
મરવું આખર સર્વને, પણ કીર્ત્તિ અમર છે જગ વિષે,
માણિક નામજ રહી ગયાં, જશ વાજ્યો જે ચોદિશે.

સ્ત્રી કહેવા લાગી કે હે સ્વામીનાથ ! જ્યાં સુધી તમે એકલા હતા ત્યાં સુધી તેમની પાસે રહી રાત્રે પણ સેવા કરતા હતા તે ઠીક હતું. પણ હવે આપણે સુખથી રાત્રે બેઠાં છીએ તેવા વખતે મને છોડીને જવું તમને યોગ્ય નથી.

દોહરો.

રાત અંધારી ઘોર છે, ઉદધિ પાણી અપાર;
માટે કુશળ વાંછીને, જાતાં કરો વિચાર.

તોપણ હઠ કરી કુમાર જવા લાગ્યો. તેવામાં છીંક થઇ તથા બીજા પણ અપશુકન થવા લાગ્યા. જેથી રાજકુમારી ગભરાઇને વારંવાર ત્યાં જવાને માટે ના પાડવા લાગી; પણ ચંદ્રગુપ્ત વચન પાળવા તત્પર હતો, તેમ ભાવી પ્રબળ હોવાથી તેનો તીરસ્કાર કરીને પણ ત્યાં ગયો.

ભૂજંગી.

કદી નારી ના પાડતી હાથ જોડે,
વળી છેડો ઝાલી પતિનાજ [illegible]

થતા શુકનો નાશના મન જાણે,
નહી છોડતું ભાવી લખ્યા પ્રમાણે.

કામદત્ત શેઠને જ્યારથી રાજકુમાર આ રાજકન્યાને પરણ્યો તથા અપાર રિદ્ધિ મેળવી, ત્યારથી તેના મનમાં ઈર્ષાની જ્વાળા સળગતી હતી અને તેની શાંતિ માટે કપટ કરી રાજકુમારને હણી તેની લક્ષ્મી તથા લલનાના માલીક પોતાને થવું હતું, તેથી પોતાનો પાપી વીચાર ચાર મિત્રોને કહી દીધો કે તે આવે તો તેને મારી નાંખવા દરિયામાં પાડવા, તેણે પગ ધરેલું પાટીયું બંધ છોડી ખેસવી દેવું. જો કે કામદત્તને ઘેર તેના પુણ્ય પ્રમાણે સ્ત્રીઓ તથા રિદ્ધિ ઘણી હતી, પણ જ્યાં ઈર્ષ્યા અને લોભ બંને મળ્યાં ત્યારે પાપ કરવામાં શું બાકી રાખે? કહ્યું છે કે—

છપ્પો.

લોભી ન ગણે પાપ, લક્ષ્મીની લાલચ લાગી,
લોભી ન ગણે શર્મ, પૂર્વની પ્રીતજ ત્યાગી;
લોભી ન ગણે ધાક, હોય જો કષ્ટ ભારે,
લોભી ન દેખે કાંઈ, પુંઠે સો ધોકા મારે;
સુખ સૌ ત્યાગી કરી, તે અન્યજ રિદ્ધિ વાંછશે,
માણેક નિજ દ્રવ્ય ખોઈ, પાછળ પસ્તાવો પામશે.
ઇર્ષ્યા અગ્નિ જ્વાળ, પાણીથી નવ બુઝે,
ઇર્ષ્યા લાગી ચિત્ત, સીધો રસ્તો નવ સુજે;
ઇર્ષ્યા પેઠી અંગ, મિત્રતા નાંખે મોડી,

ઇર્ષ્યા આણે કેમ, પૂરેપૂરૂં જગપત્ જે દીઠ;
દેખે પણ ઇર્ષ્યા થકી, સ્વર્ગ તણું ઇંદ્રિય દ્રહે,
સુખ ન દેખે નિજતણું, આખેર અકર્મથી મરે.

દોહરો.

લક્ષ્મી સકળના લોભમાં, ડૂબવા મથતા જન;
જે ને ફાંસે નહિ પડ્યા, તેજ ખરા સજ્જન.

કામદત્તનું કપટ નહિ જાણતો, અંધારી રાતમાં અકળાતો, ચંદ્રકુમાર જેવો મોના વહાણમાં જવા પાટીયા ઉપર પગ મુકે છે, તેવોજ દુષ્ટ મિત્રોએ પૂર્વના સંકેત પ્રમાણે પાટીઉં ખેસવી દેતાંજ પણ દઇને કુમાર શીલવતી સતિ તથા નવકારમંત્રનું સ્મરણ કરતો સાથે રહેલી શ્યામા રત્નવતીને હાંક મારતો પાણીમાં પડ્યો.

ભુજંગી.

ખરે યોગી તો જિનનું ધ્યાન ધ્યાવે,
ભલા ગૃહસ્થને ધર્મ સંસાર ભાવે;
ગણે આશરો, અંતમાં કામ આવે,
પૂરા પુણ્યથી કામ સૌ પાર જાવે.

રાજપુત્રનો પોકાર તથા પાણીમાં થયેલો ધબકો સાંભળી રાજકન્યા તુર્ત બહાર આવી અને જોયું તો થોડા વખતમાં પોતાનો પતિ પાણીમાં ગુમ થયેલો દીઠો. તેથી કામદત્તનું કપટ તેને હૈયામાં લાગતાં હીંમત હારી વીચારવા લાગી કે મારા રૂપથી મોહીત થયેલા દુષ્ટે આ પાપ કર્યું હોવું જોઇએ. તો હવે મારી લાજ કેમ રહેશે ?

ભુજંગી.

કદી સાપને દૂધ પાઈ ઉછેરે,
રમાડે ધરી પાસમાં નિજ ઘેરે;
સદા રીઝવે બાળ જ્યું પ્યાર ધારી,
તથા કાટશે પૂંછ જો કોઈ દાબી.
હવે હાલ શું માહરા આંહી હોશે,
લુટી લજાને શીલ તે મારૂં લેશે;
નહીં ધર્મને વીનતી ચિત્ત ધારે,
ખરે દેવ આવો તમે મારી વારે.
નથી જાણતી હું પતિ દેશ નામે,
વળી તાત મારા રહ્યા દૂર ધામે;
તજી નારી એકાકીને કેમ ચાલ્યા,
નહીં નાથ તુમે રહ્યા હાથ ઝાલ્યા.
શીરે વાળ ચુંટે વળી માથુ કુટે,
ઝરે નેત્રથી નીર ધારા ન ખુટે;
પડી ભૂમીમાં કંપતું અંગ જેનું,
મુખે પોક મુકે મને શર્ણ કેનું.
તજે ભૂષણો દુષણો અંગ જાણી,
કીધા ટુકડા ચીરનાં દુઃખ આણી;
મરૂં સ્વામી પુંઠે પડી સાગરે હું,
વીચારે હવે દુઃખને કેમ સેહેવું.

સમુદ્રમાં પડવાની તૈયારી કરતી સતિની સહાય કરવાને

ગુપ્તનું હોય તેમ આમન દેવીનું આગમન કર્યું. જેથી મદનપ્રિ-
યાને પતિનું દુઃખ ભાગ્યું દુર કરવા તુર્ત ત્યાં આવી અને સ-
તિને ધીરજ આપી બોલી કે:—

ભુજંગી.

મરે કેમ ભાળા થઈ આકળી તું,
મળે કેમ તારાથી વર્ષે વળી શું;
રહે ધર્મ ધારી પતિ નામ લેતી,
ગઈ દેવી આકાશમાં ધીર દેતી.

આ પ્રમાણે તેને મરતી બચાવી દેવી આકાશમાં લઈ ગઈ એક વર્ષ કેમ નીકળશે તથા પતિને કેટલું દુઃખ પડતું હશે તે વીચારમાં અતિ ઉદાસ થઈ પોતાના સ્થાનમાં બેઠેલી છે, અન્ન પાણી પણ ભાવતું ન હતું તો વસ્ત્રાભુષણ ધારવા કેમ ગમે? જેથી દેવગુરૂના સ્મરણથી સૌ સારૂં થશે એમ વીચારી એકાંતમાં બેઠી નવકાર મંત્ર ગણતી હતી. બીજે દીવસે પોતાનો દુષ્ટ હેતુ હવે પાર પડશે તેમ વીચારી કામદત્ત તેના સ્થાનમાં આવી રોતી સ્ત્રીને ધીરજ આપી કહેવા લાગ્યો કે:—

દોહરો.

તું રૂપાળી સુંદરી, ક્યાં પતિ નીચ કુળ;
માટે મેળ હવે કરી, દેવ સુધારો ભૂલ.

ભુજંગી.

કરૂં પ્રાણથી હું તને વ્હાલી નારી,
સુખી તું બને પ્રેમદા જો વીચારી;

કર્યે શોકથી શું હવે આવનારો,
મને ગણો પ્રાણદાતા ઉરે ચાહનારો.

દોહરો.

દાસી તારી સૌ બને, હોય પૂર્વની નાર;
શ્યામા સુંદર તું મને, આપજ તારો પ્યાર.

તું ગૌરવર્ણી લાવણ્ય અમૃતરસને વરસાવનારી મને કોઇ પૂર્વના પુરા પુણ્યના ઉદયથી જ આવી મળી છે. તો હવે સર્વ શોકને તજી સ્વામી તરીકે સ્વીકારી લે કે આ જન્મ સુધી તારો દાસ બની સર્વ હુકમ ઉઠાવીશ; એવાં અનેક પ્રકારે મીઠાશનાં વચનથી લાલચ આપી લલચાવવા ચાહ્યું પણ સતિ મનમાં વીચારતી હતી કે—

જીવતા સિંહના કેસર ખેંચવા કોઈ શૂરવીર તૈયાર થાય? ફુંફાડા મારતા સાપના માથાની મણિ મરણીયો થઇ લેવા કોઈ ચહાય? આકાશમાં ચક્કર ફરતા સૂર્ય ચંદ્રને જમીન ઉપર ઉભેલો માણસ પહોંચવા પ્રયાસ કરે? અગ્નિમાં મોહું ઘાલી શીતળતા કોણ વાંચ્છે? તે કદાપી બને નહિ. તેમ સતિનું શીલ ડગાવવા જીવતાં તો કોઇ સમર્થ નથી.

ભુજંગી.

સતિ નારીને શીલ છે શસ્ત્ર મોટું,
વિના શીલ સૌ દાગીના વસ્ત્ર ખોટું;
ધરી ધૈર્યને જો હવે શીખ આપું,
બચે પાપથી એ રૂડી છાપ છાપું.

દોહરો.

મીઠી મુખથી બોલ તે, તૃણ ગીણાઈ આજ;
પણીઆણી મદમાતી હું, ફોકટ મારો રામ.
પરધન પત્થર સમ ગણ્યાં, તૃણ પરદારા જેન;
સતીની ઘરમાં રહે, આનંદ ભારી ચેન.

આ લોકમાં રાજદંડ. કેદખાનું, ધનહાણી, શરીર તેજ નાશ થઈ રોગે રીબાવાનું અને પરલોકમાં પરમાત્માના માર ખાવાનું પરસ્ત્રી લોલુપીને કર્મે લખેલું છે.

પણ મદાંધ થયેલો આજુબાજુ કશું દેખતો નથી. તે પ્રમાણે આ કામને પણ તેણે દીપેલી શીખ દેવામાં હોવાને બદલે તેના રૂપમાંજ દૃષ્ટિ કરી રહ્યો હતો જેથી નમ્રતાથી કહેલાં સતિનાં વચન પણ તેને ક્રોધ ઉપજાવનારાં હતાં, તેથી બોલી ઉઠ્યો કેઃ–

ભુજંગી.

અરે બાળ બુદ્ધિ નહિ કાં વીચારે,
થશે હાલ બુરા નહી કોઈ વ્હારે;
થયો નાશ જેવો પતિ તુજ પ્યારો,
બચાવું હજુ જો ધરે પ્યાર મારો.

સતિએ ગભરાયા વીના જ્વાબ આપ્યો કેઃ—

દોહરો.

બંધવ સમ તુને ગણું, બોલ વીચારી બોલ;
મારો સ્નેહ મળે નહિ, ફોકટ ખોવે તોલ.

આ પ્રમાણે સતિએ ફરી ના કહેવા છતાં પણ પાપી ઉપર બળાત્કાર કરવાની ઇચ્છા કરતો હતો. તેથી સતિએ ગુરૂનું સ્મરણ કર્યું કે આકાશમાં કોલાહળ થયો, વીજળીના ચમકારા માફક તેજ પ્રકાશવા લાગ્યું, પર્વત ફાટવાની માફક ભયંકર અવાજ થયો, સમુદ્ર ખળભળી ઉઠયા, અને ક્ષણવારમાં ચક્રેશ્વરી દેવી બાવન વીર ચોસઠ જોગણીઓ સાથે ત્યાં આગળ આવી ઉભી, અને દુષ્ટ શેઠને મારવા ખડ્ગ લેઇ દેવી દોડી. પાપી શેઠ કોઇનો પણ આશ્રય ત્યાં નહી જોઈ તેજ સતિના શરણે પેઠો જેથી સતિના પ્રભાવે તે બચી ગયો, તોપણ દેવીએ કહ્યુ કે આ વખત તો તું સતિના શરણથી બચ્યો છે પણ ભવિષ્યમાં જો દુષ્ટ કૃત્ય કીધું તો બુરા હાલે મરીશ એમ કહી તેઓ આકાશ વાટે ચાલ્યાં ગયાં. ત્યાર પછી કામદત્ત શરમાતો પોતાના વહાણમાં ગયો અને તેના ઉપર બળાત્કાર કરવાની હિંમત દેવીના ડરથી કરી શકયો નહિ તો પણ કોઇ પ્રકારે તેને સમજાવી પોતાની સ્ત્રી કરવાના તરંગો કરી ફોકટ પાપ બાંધતો હતો.

દોહરો.

પ્રાણ તજે જેમ પતંગીઉ, તેમજ બુરા હાલ;
સતિ હાથ આવે નહિ, ફોકટ માથે કાળ.

આવું ઘણું પણ કષ્ટ લોકો પાસે સાંભળી, નજરે જુએ, માર અનુભવે તોપણ જેમને કુકર્મની ટેવ પડેલી છે કે રૂપથી પરનારીના મોહમાં ફસેલા છે તે પતંગીયાની માફક ફોકટ પ્રાણ ગુમાવે છે.

વહાણો ઝપાટાબંધ ચાલતાં ભરૂચ નગરમાં પાછાં આવ્યાં અને કીનારે વહાણો રાખી ત્યાં શીશુપાળ રાજા રાજ કરતો હતો તેને ભેટ કરવા વાસ્તે કામદત્ત અમુલ્ય ભેટણું લઈ ગયો. તેના મનમાં ઉમેદ હતી કે અહીંઆં રાજાને ભેટ આપી તેની સહાયતાથી વહાણમાંની સુંદરી કબજે લઈ લેઇશ. અહી આવા તુરંગો કરી દાખલ થાય છે તે પહેલાં તેના પાપના ઉદયથી રાજા તરફથી વ્હાણ કબજે લેઇ તેને કેદ કરવાનો હુકમ થઈ ચુકયો હતો; કારણ કે જેવો શેઠ પાપી વીચારને અંતરમાં ઘડી રાજાને ભેટણું કરવા ગયો તેવીજ સતી સ્રીએ પણ રાજાનો આશ્રય લેવા ગુપચુપ વહાણમાંથી ઉતરી રાજા આગળ સર્વ હકીકત કહી; તેનો આશ્રય માગતાં તેના સતિપણાથી પ્રસન્ન થઈ પોતાની પુત્રી પ્રમાણે ગણી તેને અંતઃપુરમાં મોકલી. કામદત્ત આવતાંજ તેના બુરા હાલ કીધા અને રત્નવતી ધર્મના પસાયથી સૌ સારૂં થયું ધારી જિનેશ્વર દેવની પુંજા ગુરૂ સેવા અને શાસ્ત્ર શ્રવણ કરતી ત્યાં રહી. આ શીશુપાળના રાજાની રાણી કનકસેનાની પુત્રી ત્રિલોચનાને રત્નવતી સાથે બેન સરખો પ્યાર બંધાઇ ગયો તે ત્રિલોચનાના સ્નેહથી પોતાના પતિની પણ શોધ થશે તો પણ તેમાં વિઘ્ન આવે તો અટકાવવા રત્નવતીએ આંબીલ તપ શરૂ કર્યો હતો.

પતિ વિયોગી પોતાને ફરી કોઈ રૂપથી કષ્ટ ન આપે માટે સાદો આહાર પણ ઉણોદરી તપ માફક ફક્ત કાયાને ભાડું આપવા માટે જ લેતી હતી; પલંગની સગવડ હોવા છતાં પણ

ભૂમી શયન કરતી હતી; આભુષણ વસ્ત્ર છતાં પણ લોક લજ્જા માટે તથા નાથ જીવતા છે તેમ સૌભાગીપણું બતાવવા માટે હાથે કંકણાદિ રાખેલ હતાં, અને પતિ તથા પરમેશ્વર સિવાય સઘળું વીચારી તેમનોજ જાપ રાત્ર દીવસ કરતી સુખેથી રહી છે.

શ્રાવીકાના આચાર પ્રમાણે બંને વખત મન વચન કાયાથી જાણે અંજાણે થયેલા અકૃત્યને નિર્મળ કરવા પ્રતિક્રમણ કરી આત્માને મલીનતાથી બચાવતી હતી. આ પ્રમાણે ત્રિલોચના પણ રત્નવતીના સંગથી ધર્મમાં જોડાઇ અરસપરસ આનંદ આપતાં હતાં.

દોહરા.

પાણી જેવું મન ગણી, સોબત સારી કર;
વેહશે જેવા મારગે, તેવી કરે અસર.

રાજકુમાર ચંદ્રગુપ્ત દરિયામાં પડેલો પણ રત્નના પ્રભાવથી તથા દેવગુરૂના જાપથી કીનારે પહોંચ્યો તો ધુતારાપુરપટ્ટણ નામનું શહેર આવ્યું જાણી સારાં વસ્ત્ર પહેરી હરિષેણ રાજા ત્યાં રાજ કરે છે તે તરફ જવા નીકળ્યો. તે રાજાને હંસાવલી નામની પુત્રી કમલપ્રભા પટરાણીના કુખે ઉત્પન્ન થઈ હતી; તે દેવાંગના સાક્ષાત આવી હોય તેવા દીવ્ય સ્વરૂપવાળી સૌને વ્હાલી લાગતી હતી. તે રાજાનો મંત્રી વીરધવળ નામનો હતો. તેની સ્ત્રી હેમવતીની કુખે કામવતી કન્યા ઉત્પન્ન થઇ હતી. તે રાજપુત્રી અને મંત્રી પુત્રી બંને ફક્ત ખોળીયે જુદાં લાગતાં હતાં પણ તેમનું મન એકત્ર મળેલું હતું.

કુમારને વ્યાકુળ થયેલો ચંદ્રગુપ્ત કોની તરફ હું જાઉં તેવું વિચારી આગળ ચાલતો હતો તેવામાં નાકેદારની જગ્યાએ મંત્રી પોતે પરિવાર સહીત બેઠો હતો. રાજકુમારની દિવ્ય કાંતિથી તેને ઉત્તમ પુરૂષ ધારી આદરસત્કાર કરવાને બદલે તેના દુષ્ટ વિચાર પ્રમાણે તેના દીવ્ય અલંકારથી આશ્ચર્ય પામી તેને લુંટવા માટે સામો આવી સ્નેહ કરી અંતરના સગાની માફક બેટીને કુશળક્ષેમના સમાચાર પૂછવા લાગ્યો તથા કહેવા લાગ્યો કે મારી કામવતી પુત્રી ઉમર લાયક થયેલી છે તેને યોગ્ય વર અમારા પુણ્યોદયે મળી આવ્યો છે માટે ચાલો, વેળા ન કરો સો સારાં વાનાં થશે એમ કહી રાજકુમારને પોતાના ઘેર લઈ ગયો. રાજકુમાર પણ ગામના નામ પ્રમાણે ગુણથી ચમકી સાવચેત થઈ તેની સાથે ચાલ્યો. પ્રધાને અજાણ્યા પુરૂષોને કપટ જાળથી મારવા પોતાની પુત્રીને સહાયક કરી હજારો નર હત્યા લક્ષ્મીના લોભે કરી પુષ્કળ દ્રવ્ય એકઠુ કર્યા છતાં પણ તેને સંતોષ થયો નહોતો. કહ્યું છે કેઃ—

દોહરો.

લક્ષ્મી મળે સહુ જગતણી, તોપણ નહિ ધરાય;
રખે કાંઇ બાકી રહે, એમ તુરંગો થાય.

તેને મારવા ઇસારાથી સમજાવી પુત્રીથી પ્રધાન દૂર થયો ત્યારે કામવતી રાજકુમારને એકાંતમાં બેસાડી તેના ચહેરાથી મોહ પામી તેને પતિ તરીકે ગણી તેનો પ્રાણ બચાવવા પોતાની સખી હંસાવળીને બોલાવી તેની સલાહ લીધી. ત્યારે

બંનેએ સંકેત કરી પ્રથમ હંસાવળીએ કામવતીને વરવા કહ્યું તેથી તેણે સારા વસ્ત્રાભુષણ અલંકાર પહેરી સાચી સ્ત્રી પ્રમાણેજ પતિ સેવામાં હાજર થઈ. શું પુણ્યની પ્રબળતા છે ?

મંત્રીએ મહોટા ઉત્સવથી લગ્ન કરવાની તૈયારી કરી તેથી વાજાં વાગવા લાગ્યાં, સ્ત્રીઓ મંગળીક ગીત ગાવા લાગી; તેમ રાજકુમારને સ્નાન કરાવી સારાં વસ્ત્રાભુષણ પહેરાવ્યાં, અને પછી કહેવા લાગ્યો હે દેવાંશી કુમાર! અમને એક નિમિતીયાએ કહ્યું હતું કે અમુક દીવસે અમુક વખતે સમુદ્ર કીનારે જે પુરૂષ આવે તે તમારી પુત્રીનો વર થશે; એમ કહી રાતના દશેક વાગે લગ્ન કરી વર કન્યાનો હસ્ત મીલાપ કરાવ્યો. તથા સુંદર ઓરડો તેમને સુવા માટે આપ્યો. ઓરડામાં સારો પલંગ કોમળ શય્યાથી બીછાવી ડાંસ મછરનો ઉપદ્રવ ટાળવા મછરદાની ઢાંકવામાં આવી હતી, આરીસાથી ઝાકઝમાળ, અને દીવાથી દેદીપ્યમાન, અને ઝરૂખા ગોખથી ચકચકીત મંદ મંદ વાયુથી શાંતિ આપનાર, ઉત્તમ સુગંધી પ્રસારી રહેલું વાસ ભુવન પીતાએ આપ્યા છતાં યૌવન વયમાં આવેલી કન્યા શા માટે પતિ સંગમાં ઉદાસ રહે છે તેમ વીચારી પ્રગટ પણે બોલ્યો કેઃ—

દોહરો.

નારી તું નવ યૌવના, સુંદર વર શણગાર;
વાસ ભુવન સોહામણું, કેમ કરે તું વાર.

પુતારાપુરપટ્ટણ નામ સાંભળી પ્રથમ ચમકેલો હતો, પણ પ્રધાનનાં મધુર વાક્યો તથા લગ્નની ધામધુમ તથા આપેલુ દીવ્ય વાસભુવન તથા અપ્સરા સરખી સુંદર લલનાનો સંબંધ એ સાથે મળવાથી દુષ્ટ વીચારો કે ભયનો સમૂળો નાશ થઇ ગયો હતો જેથી નવ યૌવન લલનાની વિષયસુખની વાંછનાનીજ વાટ જોતો ઉભો રહ્યો શું મોહની પ્રબળતા છે ?

છપ્પો.

વિષય સુખને કાજ, નારીનો બોજો ધારે;
છોડી સઘળું સુખ, દીન પરદેશ ગુજારે.
ચિંતા સોની થાય, અંગનું લોહી સુકાયે;
ઉદર ભરવા નિત્ય, પાપની બુદ્ધિ થાયે.
એમ અલ્પ સુખ લેતાં થકાં, જો પરવશતા શિરપર ધરે;
કદી ફસાઈ ફાંસમાં એ માણેક મોત બુરે મરે.

આવી રીતે ફસાવી અનેક પુરૂષોને લલનાની લાલચમાં લપટાવી બુરા હાલે મારેલા હતા; પણ રાજપુત્રીની સલાહથી તથા ચંદ્રગુપ્તના પુણ્યથી તેનું દીવ્યરૂપ પ્રધાનપુત્રીના હૃદયમાં રમી તેને રમણ તરીકે સ્વીકારી લીધેલો હોવાથી બોલી કે—

દોહરા.

હાથ થકી ખોલી જુઓ, કેવી તમારી સેજ;
સુતાં થાતજ હાલ શું, આપ વિચારો એજ.

કુમારે ખોલી જોયું તો શોભા માટે છત્ર નાંખી તેની નીચે પલંગ ઉપર શય્યા બીછાવી હતી પણ પલંગપર લોખંડની

પાટી કે કંઇપણ નહોતું તેના નીચે ઘણો ઉંડો દુર્ગંધથી ભરેલો ખાળકુવો હતો જેની અંદર ઘણા માણસો પડી ખુરા હાલે સડતા પડી રહી દુર્ગંધીના દુર્વાસથી ગુંગળાઇ ખુમ પાડી મુઆ હતા. જેથી પ્રધાન પુત્રોને ફરી રાજકુમારે પૂછ્યું કે આ પાપ તમારો પીતા કેમ કરે છે? ત્યારે પ્રધાનપુત્રી બોલી કે—અહીં વીરા ડોકરી (શ્રાવીકા) જૈનધર્મપર પૂર્ણ શ્રદ્ધાવાળી હતી તેણે દેવ દ્રવ્ય રક્ષા કરવા પ્રધાનને આપ્યું તે દ્રવ્ય જિનમંદીરમાં ન વાપરતાં રાજાની સાથે મળી બંને જણના ભંડાર ખાલી થઇ ગયા. જેથી પરદેશી લોકને ફસાવવા અનેક ઉપાયો રચી રાખ્યા છે કાંતો પ્રધાન મારે ત્યાંથી બચે તો અત્રે પ્રધાને એક વેશ્યાને રાખી છે તે બોલવા ચાલવામાં સીતા સતિ જેવો દેખાવ રાખે છે તેથી ત્યાં ફસાઈ મરે છે અને રાજા તે દ્રવ્યમાં સત્તાધીશ તરીકે ભાગ લેઈ તે સઘળું પાપ ઢાંકી દે છે જ્યારે પ્રજાના રક્ષક રાજા પ્રધાન બંને લૂટારા ત્યારે પ્રજા શું કામ બાકી રાખે? જેથી આ ધુતારાપુરપટ્ટણ કહેવાય છે લોક પણ વિદેશીને લુંટવામાં પૂરા છે પણ તમારા પુણ્યોદયથી તમારી કાંતિ જોઇ મેં તથા રાજપુત્રીએ તમને પતિ તરીકે પ્રથમજ સ્વીકારી ખરી હકીકતથી વાકેફ કર્યા છે માટે હવે વેશ્યાથી સાવચેત રહેજો કાલે ત્યાં જવું પડશે—

આ ત્રીજા પ્રકરણમાં ચંદ્રગુપ્તે પોતે પ્રથમ બે સ્ત્રી ત્યાગી તો બીજી બે મળી તેમાં પણ રાગી ન થતાં શીલવતીની ચિંતામાં તે બંનેને પણ સમજાવી છોડી ભૃગુ કચ્છ આવ્યો ત્યાં

કામદત્ત વેપારી ગર્જ્યો. લોભી માણસો ધન છતાં વિદેશ ભટકે છે અને દુઃખ પામે છે. કામદત્તની સેવામાં દાસ તરીકે ગયો પણ પુણ્યની પ્રબળતાથી દેવે બર દરિયામાંથી શીલવતી પાસે પુત્ર રત્ન પ્રાપ્ત કરવા માટે મુકયો. કર્મ જીવને કેવી રીતે એકઠાં કરે છે, તથા કેવી રીતે બીજાં નિમિત્ત થાય છે તે વીચારી કર્મ સારાં કરવાં; ત્યારપછી શીલવતીને હજુ કર્મ ભોગવવાં બાકી હતાં તેથી જાણવા છતાં ફક્ત નીશાની લેઈ ગુપ્ત સંયોગ કીધો; અને પતિ ગરૂડ રૂપે આવેલા દેવતા સાથે પાછો વહાણમાં બેસી શેઠ સાથે સિંહલદ્વીપ ગયો. ત્યાં રાજપુત્રીને મોતીની પરીક્ષા કરી પરણ્યો. વિદ્યા સર્વત્ર પૂજાય છે તે ધ્યાન રાખવા યોગ્ય છે. કામદત્તને દાસને રિદ્ધિ તથા કન્યા મળેલી સાંભળી દ્વેષ થયો, અને દ્વેષથી તેને પાછા વહાણમાં લઇ જઇ કુમારને મારવા દરિયામાં નાંખ્યો, ત્યાં પણ પુણ્ય આડું આવ્યું તો તે ધુતારાપુરપટ્ટણ ગયો ત્યાં દુષ્ટ પ્રધાનની પુત્રીએ પાપ ત્યાગીને સત્ય વાત કહી દીધી ને તેની સાથે પરણી આનંદ પામ્યો, પણ સિંહલદ્વીપની રાજપુત્રી મરવા તૈયાર થતાં શાસન દેવીએ તેના સતિપણાના પ્રતાપથી આવી, મરતી બચાવી તથા એક વર્ષે પતિ મળવાનું કહી દેવી ગઇ. બીજે દીવસે પાપી કામદત્ત આવ્યો તેણે આપેલી લાલચમાં ન લોભાતાં ઉલટી શીખ આપી ત્યારે કામદત્ત ક્રોધી થઈ તેને મરણનો ડર આપી બળાત્કાર કરવા જતો પણ સતિના પ્રભાવથી ફરી ચક્રેશ્વરી દેવી પરિવાર સહિત આવી કામદત્તને મારવા

જતાં તે સતિના શરણે જવાથી બચી ગયો. તોપણ પાપીને ડર આપ્યો કે ફરી આવું અધર્મ કરતાં તારો જીવ જશે તો પણ તેણે ન માન્યું તો વ્હાણમાં સાથે લેઈ ભરૂચ આવતાં રાજાને ભેટાણું આપી કબજે લેવાની ઇચ્છાથી ગામમાં. વધાઈ વગડાવી કે નવીક કબજે લેવા સ્ત્રી લાવ્યા તથા ધનકમાઇ આવ્યા પણ જયારે રાજા પાસે કબજે લેવા ગયા કે કેદ મળી, અને વ્હાણ લુટાયાં. સતિએ પણ અવસર જોઇ શેઠનું ભેટણું મળવાથી રાજા અકાર્ય ન કરે માટે ચેતવવા તે પણ શેઠ પછવાડે ઉતરી રાજસભામાં જઈ ખરી હકીકતથી વાકેફ કરવાથી તે બચી ગઈ; રાજાએ પુત્રી પ્રમાણે ગણી પોતાની પુત્રીની સખી કરી બંનેને યોગ્ય સોબત થવાથી ધર્મની રૂચી વીશેષ થઈ; તેમ સતિએ શીલવૃતના રક્ષણ માટે સાદો વેશ આંબીલ તપ, ભોંય સુવું, અલંકારાદિ નામ માત્ર રાખ્યાં હતાં તે સ્ત્રીઓએ ધ્યાન રાખવા જેવું છે.





પ્રકરણ ચોથું.

ચંદ્રગુપ્તનું વિદ્યાધર કન્યાનું પરણવું.

મુનિ મોહન જગમણિ, શીરપર ધારે જેહ;
કીંકર તેના દેવ પણ, અન્ય શું હેવે છેહ.
પન્યાસ હર્ષ મુનિ વળી, જેણે ધાર્યો મન;
તે નરને સંકટ નહિ, પામે સાચું ધન.



પ્રધાનપુત્રી અને રાજકુમાર આનંદથી રાત્રી ગમન કરતાં હતાં; ત્યારે પ્રધાન તો તેની લક્ષ્મી લેવાના લોભમાં તેનો પ્રાણ લેવાની તૈયારીના તરંગો કરતો હતો પણ સવારમાં જીવતો જમાઈ સામે આવેલો જોઈ તેનું મોઢું ઝંખવાણું પડી ગયું. પુત્રીના આગ્રહથી પ્રધાને પણ તે વાત મંજુર રાખી પણ મારવા ઉપરથી હર્ષ બતાવ્યા છતાં અંદરથી કપટી પ્રધાને તેને વેશ્યા જે સીતા નામની હતી તેને ત્યાં મોકલ્યો. સાંજે આવેલા તે પરદેશીને

બહુ આદર સત્કાર આપ્યો. તેનાં આભુષણ જોઇ સીતા પોતાને ધન્યવાદ આપતી હતી કે બહુ સારૂં લુંટવાનું ભક્ષ્ય આવ્યું છે!

અંધારી ઘોર રાત્રી હતી, સઘળું શાંત હતું, ત્યારે વેશ્યા બોલી કે તમે મારા પ્રાણનાથ છો, તમે આ શરીર તથા ઘર તથા રિદ્ધિના માલીક છો, માટે થોડીવાર અત્રે વિશ્રામો લો ત્યાં સુધી હું કોઈ સ્ત્રીનું કંઇ કામ છે તે કરી આવું, પછી આપણે નિરાંતે ચેન કરીશું. રાજકુમારે હા પાડી તેથી ઓરડામાં જઈ ગધેડીનું રૂપ લીધું. કુમાર પણ આશ્ચર્ય જોવા તેની પછવાડે ચાલ્યો. ઓરડો વિશાળ હતો તેમાં કેટલાક વિદેશીઓને પૂરેલા હતા તેમાંના ચારનાં આભુષણ ઉતારી પૂરા કીધા. ત્યાર પછી રાક્ષસીનું રૂપ લીધું અને તે માણસોનું માંસ ખાવા લાગી અને હે કુમાર! એમ પોકાર કરવા લાગી કુમારે તેનું વિક્રાળ સ્વરૂપ જોઈ સહાય માટે વ્યંતર દેવતાને બોલાવ્યા તે આવીને શું હુકમ છે તેવું પૂછી ઉભા રહ્યા. પછી વેશ્યા એકદમ આકાશમાં ઉડી. કુમાર પણ દેવતાની સહાયથી તેની પુંઠે ગયો. તે વેશ્યા મસાણમાં જઈ આમંત્રણ કરી બાવનવીર અને ચોસઠ જોગણીઓ તેડી તેમના આગળ મારેલા માણસનાં માંસ મૂકી પ્રસન્ન કર્યા; તેથી વૃદ્ધ જોગણી જે ખરમુખી હતી તે બોલી આવો ઉત્તમ બલિ કદી પણ આપેલ નથી માટે આજ અમે પ્રસન્ન થયાં છીએ ખુશી આવે તે વર માગ. ત્યારે વેશ્યા બોલી કે તમે મને સુવર્ણ સિદ્ધિ આપો અને હું તમને તે બદલે પુરૂષનું બળીદાન આપીશ; તે પરોણો અમારે ત્યાં આ-

નંદ ઉપજાવતો બેઠો છે. તેથી તે સઘળાં વનમાં આવ્યાં ત્યાં આગળ શશિના પ્રકાશ સરખું ભૂવન છે ત્યાં દેવતાને પાયે પડી વેશ્યા તથા જોગણીઓ અરસપરસ બેઠી વાતો કરવા લાગ્યાં, પછવાડે આવેલા કુંવરે તે સઘળું જોઇ લીધું હતું; આવી રીતે જ્યારે જોગણીઓ તથા વેશ્યા એક બાજુ વનમાં હતાં ત્યારે તમાસો જોવા ગુપચુપ ઉભેલા રાજકુમાર પાસે એક નવી યૌવન વયની નારી આવી લાગી; તે બંને ભેગાં થવાથી રાજકુમારે તેનો વૃત્તાંત પૂછ્યો ત્યારે તે બોલી કે પ્રથમ મને પરણો પછી મારી કથા કહું ત્યારે કુમારે કળશ મૂકી તેની સાથે લગ્ન કર્યું પછી પ્રેમદા બોલી કેઃ-

વૈતાઢય પર્વત ભરતખંડના મધ્ય ભાગમાં શાસ્વતો ચાંદીનો છે. ત્યાં ૬૦ નગર અતિશય સોભીતાં છે; તેમાં મુખ્ય હેમપુરી નગરીમાં હેમરથ વિદ્યાધરનો રાજા છે; તેની હેમશ્રેયા નામની સુંદર સૌભાગ્યવાળી પટરાણીની કુખે લીલાવતી નામની પુત્રી ઉત્પન્ન થઈ તથા મણિચુડ રત્નચુડ નામના બે પુત્ર થયા. ત્યારે રાજાએ કોઈ વખત સભામાં બેસી નિમિત્તિયાને પૂછયું કે કયો રાજા મારો જમાઈ થશે? ત્યારે તેણે નિમિત્ત શાસ્ત્રમાંથી કહ્યું કે સિંહરથ રાજાનો પુત્ર ચંદ્રગુપ્ત તમારો જમાઈ થશે. ત્યારે મારા બંધુઓને ખોટું લાગ્યું કે આકાશમાં ચાલનાર ખેચર વિદ્યાધરનેજ બેન વરવી જોઇએ. તેથી બાપે મને અહીં મોકલાવી છે; તેથી બે બંધુ પણ અત્રે આવી લાગશે. બંધુઓ આકાશ માર્ગે લડાઈ કરવા માટેજ સેના લઈ આવી લાગ્યા

અને અજાણ્યા પુરૂષ તરીકે બેન પાસે ચંદ્રગુપ્ત બેઠેલો જોઇ ક્રોધ કરી કહેવા લાગ્યા કે "પ્રાણની દરકાર હોય તો ભાગી જા" કારણ કે તું કંગાલ છે, તને મારતાં અમને દયા તથા શરમ લાગે છે. તેથી કુમાર બોલ્યો કે તમે મારા સાળા છો તેથી સ્નેહ આણી હાથ ઉપાડતાં લજવાઉં છું અને મને પ્રાણ કરતાં પણ આ પ્યારી અતિ વહાલી છે. માટે ગુપચુપ ચાલ્યા જાઓ કારણ કે–

પરણેલી જે પ્રેમદા, પ્રાણ સમો ધરી પ્યાર;
સ્નેહી થૈ જોડાય છે, સુખ પામે સંસાર.

બંને બંધુ રાજપુત્ર સાથે લડવા લાગ્યા. જેથી કુમારના હુકમથી સોળસો વ્યંતર પણ લડવા તૈયાર થયા.

દોહરો.

હોંકારા મુખથી કરે, વળી ખડ્ગજ પ્રહાર;
બાણ દીએ બાણાવળી, મારે જમ સમાચાર.
લોહી તણી નદીઓ વહે, શીષ કમળ ખેંચાય;
હાહાકાર વ્યાપી રહ્યો, ખેચર ભાગી જાય.
વિદ્યાને સાધી વળી, ધરીને શાળા શૂર;
વિજ્ઞપ્તિ વિદ્યા થકી, વ્યંતર ભાગ્યા દૂર.
કુમારે બોલાવીયો, રત્ન અધિષ્ઠા દેવ;
આવીને ઉભો રહ્યો, માગી સાચી સેવ,
દેવ પ્રભાવ થકી ખરે, ખેચર થૈ કમજોર;
સાળા આવીને નમ્યા, થયું યુદ્ધ જ્યાં ઘોર.

અંકુશના માર ઘણી, ઉતરી દુરે જાય;
વેશ્યા જાશે સ્વભાવનાં, ત્યાં તે ઝુરી થાય.
પટોળી શોભી નારીને, કુંવરો પંથીના ચાલે;
માંસ ભક્ષ મારે નહીં, બુદ્ધિ હોય વિશાળ.
ઉદ્યમ નહી ભ્રમતા, નમતા આવી પાય;
શુભ તે ગુણથી આવતાં, દેખે દર્પ ન માય.
ખમતે અપવાદી અમે. ગુમે ગુણ ભંડાર;
સગપણ આ પુણ્યે થયું, વર્ત્યો જયજયકાર.
બેન અરે પુણ્યે પૂરી, દીપેલો જૈન ધર્મ;
ભાગ્યે પતિ ઉત્તમ મળ્યો, દાખી છે કુળ શર્મ.
જોગણીઓ દુરે હતી, તે પણ ભાગી જાય;
રાજપુત્રના પુણ્યથી, નિષ્કંટક સૌ થાય.

આ પ્રમાણે વ્યંતર તથા દેવની મદદથી ચંદ્રગુપ્ત જીત્યો, જેથી સાળાઓએ બેનના લગ્નની અનુમોદના કીધી. તે સમાચાર સસરાને માલુમ પડવાથી તે પણ આવી પોતાના પરિવાર સાથે હેમરથ વિદ્યાધર રાજાએ જમાઇને પહેરામણીમાં હાથી, ઘોડા, રથ વિગેરે આપ્યું જેમાં માણેક મોતી રત્નવીગેરેની ગણતરી નહોતી. તેમ સુંદર શય્યા પલંગ વીગેરે સાથે ૨૫ વારાંગના રાજપુત્રનું મન સંતોષ કરવા આપેલી હતી. પછી દીકરીને શીખ આપી રાજા તથા પુત્રો કુશળ સમાચાર વાંછતા ચાલ્યા ગયા. તે જતી વખતે આકાશમાં પક્ષીનો સમુદાય ઉડવા માફક શોભા થઇ રહી હતી તે ગયા પછી દી-

લાવતી તથા ચંદ્રગુપ્ત વેશ્યા મંદીરે આવી પલંગ ઉપર વિશ્રામ લીધો અને વેશ્યાએ મેળવેલું ધન પોતે માલીક તરીકે કબજે લીધું.

મારૂં ગણીને મેળવે, કરતા બહુલાં પાપ;
ભાગ્યશાળી તે ભોગવે, નહિ થાય શું તાપ.

લીલાવતીને ત્યાં મૂકીને રાજપુત્ર મંત્રીના મંદીરે ગયો ત્યાં કામવતી પાસે આવેલી હંસાવલીએ પોતે વરવાની વાટ જોવાના રાજકુમારની ખબર પૂછવાથી તે કહેતી હતી કે તે ક્યાં ગયા છે તે મને પણ ખબર નથી તેથી બંને ઉદાસ હતાં. તેવામાં પ્રાતઃકાળ થતાંજ રાજપુત્ર આવતો દેખી તેમને ઘણો આનંદ થયો. તે વખતે રાત્રીના સમાચાર પૂછવાથી સર્વ વાત કહી જેથી હંસાવળી અતિશય આનંદ પામી ઘેર જઈ માતાપીતાને આગ્રહ કરી પોતાનું લગ્ન પ્રધાન જમાઈ સાથે કરવાનું કહ્યું જેથી રાજાએ મંત્રીને જમાઈ સહીત બોલાવ્યો. ત્યાં તે આવતાં રાજકુમારની દીવ્યકાંતિથી આશ્ચર્ય પામી તેને શ્રેષ્ઠ આસન ઉપર બેસવા કહ્યું; કુમાર તેમને વડીલ પ્રમાણે નમસ્કાર કરી બેઠો; પ્રધાને રાત્રીના સમાચાર સર્વ જાણેલા તે રાજાને કહ્યા જેથી રાજાએ વિશેષ આનંદના ઉભરા આવવાથી બોલી ઉઠયો કે—

દોહરો.

ઉલસે હૈયું માહરૂં, તું દેવાંશી દેવ;
કન્યા દઉં હંસાવલી, શોભે સુંદર ગેહ.

રાજાને કુમાર કહેવા લાગ્યો કે—

દોહરા.

હું અંજાણ્યો માનવી, નથી રાજ કે પાટ;
રાજ સુતા હું શું કરૂં, નહી નભે મુજ ઠાઠ.

સભા તો આશ્ચર્ય પામી કે કોઈ દેવ રૂપ બદલીને મનુષ્યરૂપે આવ્યો દેખાય છે. નહિં તો રાજકન્યાને વરવા શા માંટે આતુરતા ન ધરાવે ?

રાજા પણ તેણે ના પાડવાથી મૌન રહ્યો ત્યારે વળી હંસાવળી બોલી કે—

ભુજંગી.

વરી ગુણથી હું ખરે પ્રેમ લાવી,
નહિ અન્ય સ્વામી થશે આંહી આવી;
કહું આપને પ્રાણદાતા સ્વીકારો,
અહો ! માત પિતા ! થશે (એ) નાથ મારો.

માત પિતાને આગ્રહ કરી કબુલ કરાવતી. પતિના સામુ પ્રેમ દૃષ્ટિથી જોઇ, વારંવાર તેમને વીનંતી કરી તેમની પૂર્વ હકીકત કહેવા વારે વારે સૂચના કરતાંજ રાજકુમારે પોતાનું વૃત્તાંત કહેવાથી સર્વે હર્ષ પામી શુભલગ્ને હંસાવળીને માબાપે રાજકુમાર સાથે પરણાવી. રાજાએ કન્યાદાનમાં ૫૦૦ શ્રેષ્ઠ ઘોડા, ૩૦૦ હાથી, ૫૦૦૦ પાયદળ આપ્યું. ૫૦૦ પાલખી તથા ભૂષણવસ્ત્ર વીગેરે આપી સંતોષ કર્યો. આ વખતે ઉટ ૫૦૦ આપવામાં આવ્યાં હતાં. તે સઘળું કબજે લેઈ રાજાએ આપેલા

આવાસમાં ત્રણ કન્યા સાથે આનંદથી દીવસો ગુજારતો હતો તેમ દેવમંદીરો વિગેરે ધર્મનાં કાર્યો કરાવી રાજા તથા પ્રધાનને સમજાવી રઈયતનું પણ કપટ દુર કરાવી ન્યાયી રાજ્ય કરાવ્યું; જેથી ગામનું નામ ધુતારાપુરપટ્ટણ દુર થયું. પછી એક દીવસ ચંદ્રગુપ્તે રાણીઓને કહ્યું કે હવે આપણે સ્વદેશ જવું છે માટે તમે આજ્ઞા લો; જેથી ત્રણ રાણી તથા ચોથો રાજકુમાર પોતાનો પરિવાર લઈ આજ્ઞા માગી નીકળી સોરાપુરપટ્ટણ આવ્યાં પછી તે ગામની ખબર લેવા કુમાર ગુપ્તરૂપે છાનોમાનો નીકળી ગયો. ત્યાં ગામમાં આવી કોઈ દુકાનપર સવારના પહોરમાં આવી બેઠો ત્યાં ઢંઢેરો પીટાતો સાંભળ્યો કેઃ—

રાજકન્યા રૂપે રતિ, વિષ કન્યાનો દોષ;
મારી તેહ મરે નહિ, જેથી થાતો રોષ.
કલંક ટળે નારી મળે, રિદ્ધિ રૂડી સાથ;
મોતજ માથે લેઇને, કામ ધરે જો હાથ.

જેથી રાજકુમાર આશ્ચર્ય પામી પૃછવા લાગ્યો કે એ તો અજાયબ જેવું છે કે વિષથી પણ મરતી નથી, અને બીજાને મારે છે; માટે તેનો સંપુર્ણ અધિકાર કહો ત્યારે તે ખરેખરૂં દુઃખ ટાળશે તેમ તેની દીવ્ય કાંતિ ઉપરથી શ્રેષ્ટ પુરૂષ ધારી ઢંઢેરો પીટનાર કહેવા લાગ્યો કેઃ—

રાજાને ત્યાં દેવાંગના સરખી, રૂપમાં મનોહર, અને મધુર વચનની બોલનારી, રાજપુત્રી જન્મ પામી ચંદ્રની કલા માફક વધવા લાગી. યૌવનમાં આવેલી બાલા સુવર્ણવર્ણી એક દીવસ

વનમાં ક્રીડા કરવા ગઇ. મીઠાઇ મેવા ફળ વિગેરે ખાઇ વનનો ખંડ ફરીને પાછી આવી મોંમાં પાનનું બીડું રાખી વિશ્રાંતિ લેવા જરા આડી પડી સુઈ ગઈ; ત્યાં કમલની માફક વિકસ્વર વદન પુનમના ચંદ્રની માફક શોભાયમાન દેખાતું હતું. ત્યાર પછી થોડી વારે જાગી ઘેર આવી તે દિવસથી ઘણું ઘોરે છે, સવારમાં ઉઠીને દૂધ સાકર આનંદથી પીએ છે, અને માત તાતને ઘણી વહાલી હતી; તોપણ તે દીવસથી જે તેની પાસે સુએ તેનો પ્રાણ જાય છે તેથી કુંવરી પાસે રાક્ષસ તરીકે સુવાને પણ કોઈ રાજી નથી ત્યારે તેનો સંબંધ કરી લગ્નથી જોડાય તેવો ભાગ્યશાળી જાણી જોઇ જીંદગી સુધીનું દુઃખ લેવા કોણ નીકળે ? અને કદાચ કોઇ કોઈ સ્ત્રી પુરૂષ તેના મધુરા વચનથી લોભાઇ ભૂલથી પાસે સુતાતો તેના પ્રાણ ગયેલાજ સમજવા. એમ કરતાં રાજકન્યાને વિષ કન્યા જાણી તે દોષ ટાળવા રાજાએ વૈદ બોલાવ્યા, ત્યારે કોઈ વિદેશી વૈદ પોતાની હોંશીયારી બતાવી રોગની ચિકિત્સા કરવા રાજાની આજ્ઞાથી રાત્રે રાજકુમારીની પાસે રહ્યો. રાત્રે કપટ નિંદ્રાથી સુતો અને અવાજ થતો સાંભળવા લાગ્યો પણ પોતાની હોંશીયારી કન્યાના રૂપ આગળ ચાલી નહી; અને પ્રેમદાના પ્યારમાં લોભાઈ ભાન ભૂલતાં પરવશ થઇ સાપની માફક કુંવરી તેને ડસી, તેનો પ્રાણ ગયો. સવારમાં રાજાને માલુમ પડયું, જેથી તેને બાળી દીધો તે દીવસથી મહાજન રાજાની ચિંતા વધી છે કે આ કન્યાનું શું કરવું ? તેમ બીજાને લોભાવી પ્રાણ લેનારી કન્યા ઘરમાં દુ-

ષણ રૂપ છે તેમ ધારી તેને મારવા વિષ આપ્યું તો પણ વિષ નિષ્ફળ જાય છે, તેમ તેને કાઢી કઢાય તેમ નથી; લોકમ કલંક લાગે છે, તેનું રૂપ કાંતિ જોઈ દયા આવે છે, હવે કરવું એમ શોક કરતાં આખરે વિચાર્યું કે ઢંઢેરો ચોરાશી ચૌ ફેરવતાં કોઇ દેશી વિદેશી ભાગ્યવાન પુરૂષ તે કલંક ટાળશે તે ધારી આ ઢંઢેરો પીટાય છે કેઃ-

અડધું રાજ્ય કુમારીકા, ટાળે જેહ કલંક;
આપે તેને મહીપતિ, રાય હોય કે રંક.

કુમારે તે કબુલ કરવાથી સુભટે રાજાને વાત જાહેર કરત તેને યોગ્ય વાહન મોકલી રાજસભામાં બોલાવી આસન ઉપ બેસાડી તેના આગળ બધો ખુલાસો કર્યો; જેથી રાજકુમા પરમાર્થમાં સ્વાર્થ પણ થવો ધારી સાંજને વખતે રાજકુમારીન આવાસમાં ગયો. તેનું રૂપ જોઇ કુંવરી પણ આશ્ચર્ય પામ તેની દાસી જેવી બની સેવા કરવા તૈયાર થઇ; અને અંગમ કામ વ્યાપતાં રોમ રાજ વિકસ્વર થઇ કંચુકીની કસો તુટવ લાગી તે વખતે સુકોમળ શય્યામાં બેઠેલી રતિસુંદરી રાજકુ મારને આદર દઇ કહેવા લાગી કે તમારા દર્શનથી દુઃખ દૂ થયેલાં માનવાવાળી હું લાજ છોડીને મારા મનમાં કામદેવન અનુચરો શરીરમાં વ્યાપી રહેવાથી ઉઠતા તરંગોને અંકુશમ લાવી સત્ય હકીકત કહું છું કે મને વરવાના લોભમાં ઘણ જણે પ્રાણ ગુમાવેલા છે; તમારી શક્તિ હોય તોજ કલં ટાળી મને નિર્દોષ કરી ચરણ કમળની દાસી કરો; કારણ

ક્ષત્રિયો શરણે આવવાનું રક્ષણ કરે છે પણ તે સમર્થ પુરૂષનું કામ છે, પણ સાવચેત રહેજો; એમ ચેતાવી ગોઠી રાત સુધી વિનોદની વાતો કરી. પણ કુમાર જો પ્રેમ હૃદયમાં લાવી પોતાની ફરજ ભૂલી નિંદ્રામાં પડે તો પરવશ થયેલો પ્રાણુજ ત્યાગે તેમ હોવાથી હવે દુઃખનો અંત લાવવા જાગતો છતો ઉંઘવાનો ઢોળ કરી પડયો કે કુમારી પણ થાકી નિંદ્રાવશ થતાં મોં ફાડી અંદરથી વિષધર નીકળ્યો. ક્રોધે લોચન લાલ કર્યા છે જેણે એવો ફુંફાટા મારતો કરડવા માટે રાજકુમાર તરફ આવ્યો. રાજકુમાર પણ યોગી જેમ પરમાત્માના ધ્યાનમાંજ રાત્રી ગુમાવે છે તેમ તે કલંકને ટાળવાજ તત્પર હતો, તેણે અવસર આવ્યો જોઈ વીજળીના કડાકાની માફક ઘા કરી તુરત સાપને પૂરો કરી દીધો. તે વખતે કુમારી પણ નિદ્રામાંથી જાગી ઉઠી. તે વખતે તેનો ભય દૂર કરવા સઘળું કુમારે સાફ કરી રાખ્યું હતું અને પછી કુમાર નિર્ભય થયેલો હોવાથી પ્રેમદાને વ્યાપેલો કામ તેના અંગમાં પણ અસર કરી ગયો. તેથી જેમ તેના રૂપથી આકર્ષાયેલી કન્યા તેના ઉપર પ્રેમ ધરતી હતી તેમ હવે કુમાર પણ તેને ચાહવા લાગ્યો. બંને જણાં હર્ષમાં આવી સોંગટાં બાજી રમી અરસપરસ પ્રેમનો સુધારસ પ્યાલો નયન વાટે પીવા લાગ્યાં. એમ કરતાં કરતાં કાળી રાત્રીનું લાગેલું કલંક પણ સૂર્ય ઉગતાં દૂર થઇ પ્રાતઃકાળ થયો એટલે મહારાજા રાજાના સુભટો રાજકુમારની ખબર લેવા આવ્યા તેમની ઉદાસી રાજકુમારને જીવતો જોતાંજ દૂર થઈ ગઇ અને આશ્ચર્ય પામી

રાજાને ખબર આપી તેથી રાજા તથા મંત્રી વિગેરે આનંદ આશ્ચર્ય પામેલા ત્યાં આવી કુંવરી તથા રાજકુમારને રમતા દીઠાં; તેથી આનંદ પામેલા સઘળા કમાડ ઉઘાડી અંદર ગયાં. ત્યાં જઇ તેમને મળી એક બીજાને કુશળ ક્ષેમના સમાચાર પૂછી રાજ સભામાં આવવાનું આમંત્રણ આપી પોતે રાજસભામાં ગયો ત્યાં સો સભા ભરાતાં રાજાએ તેને રાત્રીની હકીકત પૂછી તથા તમે ક્યાં રહો છો ? શું જાત છે ? શું ધંધો કરો છો ? તે પણ કહો. એમ કહ્યું ત્યારે કુમારે પણ સૌને વધારે આશ્ચર્ય પમાડવા કહ્યું કેઃ—

ભુજંગી.

હવે પુછશો શું તમે જાત મારી,
ખરે દેણુ દેવા ન બુદ્ધિ તમારી;
પીધું પાણી પહેલાં પછી જાત પૂછે,
મને કેમ એવો હવે ન્યાય રૂચે.
કદી ન્યાયને આપ હૃદયે ધરો જો,
દીધો દેણને ભોગ પુરો કરો જો;
પૂરો ભોગ પામો વધે આબરૂ જો,
રહે પાણી તો તેમ વાધે તરૂ જો,

રાજાને આવાં વચન સંભળાવી શરમમાં નાંખવાથી તે મૈં મલકાતી બોલ્યો કેઃ—

સુણો સુલક્ષણી ધણી દીવ્ય કાંતિ,
દીઠે મુખ ચંદુ ઉરે થાય શાંતિ;

[illegible]

[illegible]

જેથી રાજકુમારે પોતાના [illegible] અનુસારે પોતાને ઠેમ [illegible] કહેતા જેથી રાજા ત્યારે સલામ આપી કહેવા લાગ્યો કે:—

દોહરો.

દુધ માંહિ સાકર ભળી, તેવું બન્યું આજ;
ભગીની સુત કન્યા વરે, કોને નહી સુખદાય?

આ પ્રમાણે કહી ગામમાં આનંદ ફેલાવ કરાવી શુભ મુહુર્તે તમ હોંશ મોટી ધામધુમથી રાજકુમારી તેને પરણાવી. સમુદ્રમાં જેમ નદીઓ આવી પાણીને વધારે છે તેમ તે ભાગ્યશાળી ચંદ્રસેન કુમારને સ્ત્રીઓ મળી રિદ્ધિ વધારતી હતી. પછી રાજકુમારે પણ સસરાએ આપેલી રિદ્ધિથી પણ વિશેષ પૂર્વે મેળવેલી રિદ્ધિ તથા ત્રણ સ્ત્રીઓને શહેરમાં બોલાવી પોતાના આનંદમાં વધારો કીધો. આ વખતે રાજાને વિના કન્યાનું કલંક ઉતરવાથી મરણનો ભય ટળ્યો તથા યોગ્ય જમાઇ બેનનો પુત્ર મળ્યો, વળી પોતાની સાથે ત્રણ સ્ત્રીઓ તથા અપાર રિદ્ધિ લાવ્યો; તેવું સઘળું સુખ દેખવું પુણ્યની પ્રબળતાથી જ હોય છે તેવું સૌ માનવા લાગ્યા; અને જાણે પોતાને ઘેરજ લગ્ન હોય તેમ શહેરમાં ઘેરઘેર મંગળીક પ્રભાતીઓ સુવાન બાળાઓ મધુર અવાજથી ગાતી હતી. રાજાએ તથા જમાઇએ પોતાની રિદ્ધિમાંથી આપેલા અપાર દાનથી ભાટ ચારણો બીરૂદાવળી ગાઇ રહ્યા હતા. આ પ્રમાણે આનંદમાં કેટલાક દિવસ કાઢતાં

સસરાની રજા લેઇ પ્રયાણ કર્યું. જતી વખતે દીકરીને તથ જમાઇને યથાયોગ્ય શીખામણ આપી કે:—

ભુજંગી.

હવે સોંપી કન્યાજ હસ્તે તમારે,
રૂડી રીતથી પાળજો ભાવ સારે;
ખરે દીકરી માનજે શીખ સ્વામી,
સદા ચાલજે નાથને શીષ નામી.

પછી અરસપરસ ભેટી, ઘરમાંથી રત્ન નીકળી જવાથી ઉદાસી પામેલા પણ કન્યા તો જન્મે ત્યારથીજ પારકું ધન મનાય છે તેમ માની, યોગ્ય જમાઈના આશરે જવાથી ધીરજ ધારતા પાછા વળ્યા. ત્યારે રાજકુમાર પ્રયાણ કરતો રિદ્ધિ સાથે ભરૂચ નગર આવ્યો ત્યાં કોટકીલ્લા ગઢ વાડી બગીચાથી શોભાનો પાર નહોતો તેથી ગામ બહાર સઘળો પડાવ નાખી રાજકુમાર આનંદથી નગર નિહાળતો એકલોજ ફરતાં ફરતાં અજીતનાથ જિનેશ્વરનું મંદીર હાટની શ્રેણીઓ લગતાં આવી લાગ્યું જેથી ચંદ્ર દર્શનથી જેમ સમુદ્ર ઉલ્લાસ પામી તરંગો ઉછળી ચંદ્રને મળવા દોડે તેમ જીનેંદ્રચંદ્રનું મુખ નિહાળવા સાગર સમ ગંભીર રાજકુમાર મનમાં ઉલ્લાસ ભાવના તરંગ ઉઠતાં, વીતરાગ દેવના મુખ દર્શનને નીહાળવા વિનયપૂર્વક વિવેકથી આશાતના ટાળતો જિનમંદીરમાં પ્રવેશ કરતો હતો. પૂજનીક દ્રવ્યથી પ્રથમ દ્રવ્યપૂજન કરી પછી ભાવપૂજન કરવા લાગ્યો કે:—

ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ રાગ.

વ્હાલોરે મૂકીને શું મુને ગયો,
નાનારે કહેતી હુંતો એ દૂરે થયો;
પાપીરે ફંદામાં શેઠે ફસાવીયો,
ભોળોરે સ્વામી મુજ દરિયે નાંખીઓ.
દેવીના કે'વાથી હજુ મેં ધીર ધરી,
આવીરે રહી હું અહીં જોઇ વાટડી;
મુદતડી વીતીરે દીધી વર્ષની,
કયારે થાશેરે આશા હર્ષની.
ચિંતાના દાહરે દેહી સૂકવી,
[illegible]રે ચંદા જો પાંડુરી છવી;
[illegible]રે કંઠ, મારો આ સુકાયજો,
[illegible]રે નીર ખુટયાં શું રોવાયજો.
[illegible]વાર વિલાપ કરતી વખતે, ધીરજ આ[illegible]
[illegible] કે હું બેન અંગે આવ્યું હોય તે[illegible]
[illegible] છે; ચંદ્ર પણ કળા ઘટતાં
[illegible] ગમાં કેવી કાળી
[illegible] આભુષણ,
[illegible]

રહે જીવની જો પતિ જો સમાવે,
વિના આપનો વેદના પ્રાણ જાવે.

પતિ વિયોગીની સ્ત્રીને એક દીન પણ પતિના પ્રેમ વિના કાઢવી મુશ્કેલ પડે છે, તો આજ એક વરસ વીતવા આવ્યું પણ તેમનો પત્ર પણ દીલાસાનો આવ્યો નથી કે હું અમુક વખતે આવીશ તેથી હવે દેવીના વચનથી પણ ધીરજ રહેતી નથી.

શસ્ત્રના ઘાથી, અગ્નિની જ્વાળાથી, અપથ્ય અન્ન ખાવાથી, પશુના કરડવાથી થયેલી પીડાને દૂર કરવા કેટલીવાર વૈદ સમર્થ થાય છે, પણ આ અંતરની પતિ વિરહની વેદના ટાળનાર વૈદ ન મળવાથી હવે મારાથી સહન થઈ શકતી નથી. એટલુંજ નહિ પણ પતિ પરદેશ પ્રેમદાને મુકીને જાય તો તે બાળાને સાસુ, સસરા ને જેઠની પણ શંકાની નજર જોવી પડે છે. સખીઓ સાથે દીલાસો લેવા કીધેલી વાત પણ વિખવાદ વધારનારી થાય છે. અરે ! અન્યને શું દોષ દેવો ? જેવાં પૂર્વે કર્મ કીધાં હશે તેવાં અત્યારે ભોગવવાં પડશે. મેઘ વિના કોમળ અંકુરા ઉત્પન્ન થયેલી વેલ કયાં સુધી જીવી શકશે ? વ્હાલા વિના અંતરની વિપત ટાળવા કોણ સમર્થ છે ? આ પ્રમાણે વિલાપ કરી સખીની ધીરજને પણ વીસારી હતી. મેવા, મીઠાઈ, ફળ ફળાદિ, મહેલ, સુગંધી, શણગાર. ગાયન, નૃત્ય, વાર્તાવિનોદ પણ તેને શુન્યજ લાગતું હતું, વળી એવા પણ ઉદ્‍ગાર નીકળતા હતા કે આ કરતાં સંયમ લઈ આત્માનું સાધન કરવું તેજ શ્રેષ્ઠ છે, પણ પતિની ખરી ખબર મેળવ્યા વિના

સાક્ષાત પતિ મળવાનો થયેલો હર્ષ તે પણ વીસરી પ્રથમથી પણ અધિક વિટંબણામાં પડી હતી, એક દીવસ, બીજે દીવસ, ત્રીજે દિવસ એમ ઢંઢેરો પીટાવામાં ગયો પણ જ્યારે આખુ ગામ નિરાશ થયું અને સાપનું કરડેલું ત્રણ દિવસ બેભાન પડી રહે છે તેમ સૌ જાણુતા હતા તેથી હવે તો આશા છોડી જ્યાં અગ્નિદાહની તૈયારી રાજા નિરાસ થઈ કરે છે. તેજ વખતે કોઇ સુભટ મારફતે રાજકુમારે ગામ બહારથી કહેવડાવ્યું કે હજુ રાજકુમારી જીવે છે માટે ગભરાશો નહી. આવી વધામણીની ખબર દેવાવાળા સુભટે કંઇપણ જોયા વીનાજ જાણે પાંખો આવેથી ઉડતો હોય તેમ રાજા પાસે જઈ કહ્યું જેથી સૌ પાછા જાગૃત થયા; અને તે દેવાંશી પુરૂષને બોલાવવા માણસો મોકલાવ્યા; અને આદરમાન સહીત સામો જઈ તેને બોલાવી આસન ઉપર બેસાડયો, રાજકુમારે રાજકન્યાને જોઈ તેનું વિષ ઉતારવા પોતાની પાસેથી રત્ન કાઢી પાણીમાં મૂકી તે પાણી કુવરીનું મુખ ફાડી પુબડું પલાળી નાંખતાંજ ઉંઘમાંથી જાગવાની માફક તે ચેતન પામી. જેથી રાજાએ પણ તેને પંખો નાંખી શીત પવન આવવા દીધો. જેથી તે બરોબર જાગી અને નયનેથી પોતાના સામે રત્નવતીના પતિને નીહાળી પોતાનાજ પતિ તરીકે તેને માની ઉલ્લાસ પામવા લાગી. રાજાએ પણ પોતાનું વચન પાળવા તેની સાથે લગ્ન કરવા તૈયાર કરી પણ રાજકુમાર કહેવા લાગ્યો કેઃ—

દોહરો.

હું પરદેશી આવીયો, જાણો નહી કુળ જાત;
કન્યાને પરણ્યા થકી, પછી પડે પંચાત.

આ પ્રમાણે ઉલટો ના પાડતો જોઈ રાજા તો વિસ્મય પામ્યો અને લોક પણ કહેવા લાગ્યા કે શું નિસ્પૃહી પુરૂષ છે કે આવું જીવતદાન સૌને આપીને પણ કોઈ વાતની કાંક્ષા રાખતો નથી. ધન્ય છે તેની માતાને એમ આશ્ચર્ય પામી તેમનાં વખાણ કરતા વેરાઈ ગયા. રત્નવતી પણ ત્યાં ઉભેલી વીચાર કરવા લાગી કે મંદીરમાં જોયેલો પુરૂષ તે મારો પતિજ હોવાનું હું જાણતી હતી પણ જરા બહાર આવતા પહેલાંજ પોબારા ગણી ગયો તેમ અત્રે આવીને પણ જરાએ મારા સામું પણ જોતો નથી તેથી રખેને હું મળતા ચેહેરાના માનવીથી ભુલ થાપ ખાતી હોઉં, તેમ શંકા કરવા લાગી, તોપણ દેવીનું વચન વર્ષની મુદતનું યાદ આવ્યું, તેમ અંગ ફરકેલું હતું તેથી ખાત્રી થઈ કે દંભ રાખી પોતાની પૂર્વ વાત પોતાના મોઢે પ્રકાશતા નથી તેમ ધારી તરત રાજા પાસે જઇ કહેવા લાગી કે આ વિષ ઉતારનાર, ના પાડનાર, તે મારા પ્રાણનાથ જ છે; અને આપના પસાયથી મારા પુણ્યોદયે ઘેર બેઠે તે આવી મળ્યા છે. એમ કહી તેમને પણ હર્ષ પમાડયો તથા પોતે પણ દંભ રાખતા પતિને કટાક્ષ વચને કહેવા લાગી કેઃ—

વીરા વેશ્યાના ચાટી.

વ્હાલા દંભને ત્યાગી, થાઓને રાગી, ઘણાં બોલાવો શું વેણ;
તુમ વિયોગે, પીડાઈ શોકે, રડી હું પોકે, નીર વહે નિત્ય નેણ.
સેવાને કારણે મુને તો ત્યાગી, શેઠનો ધાર્યો પ્યાર;
દુષ્ટે દગાથી દરિયામાં નાંખ્યા, કરી મુને નિરાધાર.
અહાહા એકલી જાણી, શંકાને આણી, પાપી તે જાણી
ના પાડયું મુને ચેન. વ્હા—

દરિયામાં હું ડુબવારે, થઇ હવે તૈયાર,
દેવીએ આવો દીલાસો દીધો, વર્ષે મળશે ભરથાર;
એથી ધીરજ આવી, હૈયામાં ભાવી, વ્હાણ ચલાવી, દીધું કર્મોનું
દેણ. વ્હા—
પાપી કામદત્ત આવતોરે, વરવાનો બોલે વીચાર,
મારવા ધાતો દેવી બચાવે, ચમકાવ્યો તેણીવાર;
તોય ટેવ ન છોડી, ધર્મને તોડી, ભેટણે ખોડી, રાયપાસે માગી
જેણ. વ્હા—
હુંતો તેની પેહલાં આવી, રાયને કહ્યા સહુ ભેદ,
ભરૂચરાજે બેટી માનીને, પાપી પૂર્યો જુઓ કેદ;
એમસંકટ સહેતી, અહીંયાં હું રે'તી, દીલાસો લેતી, બની ત્રિલોચના
બેન. વ્હા—

જેથી રાજકુમારે પણ મનમાં પૂર્વ પ્રેમ યાદ આવતાં કપટ છોડી પરણવા હા પાડી; જેથી રાજાએ પણ જોશીઓ પાસે લગ્ન જોવડાવી શુભ દીવસે તેમનું લગ્ન લીધું. આ વખતે રાજાએ પણ સૌ પરિવારને જમવા તેડી અનેક પ્રકારનાં ભોજન પીરશી લ્હાવો લેવામાં કોઈ વાતની ખામી રાખી નહોતી. પછી રાજાના આપેલા અવાસમાં પોતાના પરિવાર સાથે સર્વ રાણીઓ સાથે વિલાસ કરતાં કુમારને હૈયામાં રહેલા ઉભરા રત્નવતીએ કાઢી ફરીથી દુષ્ટ કામદત્તે દીધેલું દુઃખ કહી રાજકુમારને શોકાતુર કર્યો તેમ સરવે સ્રીઓ વિદેશની છતાં પણ માંહોમાંહે બેન પ્રમાણે પ્યાર કરી પોતાના પતિને આનંદ આપવામાં બાકી

શકતી નહોતી. જેમ રાત્રી પૂરી થતાં સવારમાં રાજકુમાર રાજાને નમસ્કાર કરવા રાજસભામાં ગયો. રાજાએ આગલે દિવસે કન્યાદાનમાં હાથી, ઘોડા, રથ, પાલખી વીગેરે ઘણું આપી તેને સંતોષી કીધો હતો તોપણ ફરીથી તેનો વિનય વિવેક જોઇ રાજાને ઘણો આનંદ ઉત્પન્ન થતાં કહ્યું કે કંઇ પણ ઇચ્છા હોય તો માગી લો. જેથી રાજકુમારે અવસર જોઈ કામદત્ત શેઠને કેદખાનામાંથી છોડાવવા તથા તેની લીધેલી રિદ્ધિ પાછી આપવા માગણી કરી રાજાએ કહ્યું-કે એવા દુષ્ટપર દયા લાવવામાં પરિણામ સારૂં નથી, માટે એ આમજ રહો; પણ પરોપકારી પુરૂષે તેજ માગવાથી રાજાએ તે દુષ્ટને શીખામણ આપી છોડી દેઇ તેની રિદ્ધિ સર્વ આપી. જેથી કામદત્ત પણ ખુશી થઇ રાજકુમારનો ઉપકાર માની ઈર્ષા દૂર કરી ઉપકાર માનતો ઘેર ગયો. અહીં રાજપુત્રે પૂર્વે પરણેલી સ્ત્રીઓને પણ ત્યાંજ બોલાવી આઠ સ્ત્રીઓ પ્રીતિમતિ, વસુમતિ, મદનમંજરી, રત્નવતી, કામવતી, લીલાવતી, હંસાવળી, રતિ સુંદરી તથા નવમી ત્રિલોચના સાથે ઇંદ્ર માફક સુખ ભોગવતો કેટલાક દિવસ રહ્યો.

આ પ્રકરણમાં ધુતારાપુરમાં પ્રધાને કપટથી વેશ્યાને ત્યાં મરાવા માટે રાજપુત્રને મોકલ્યો; પણ તેના બદલે તો રાજપુત્રના પુણ્યથી વિદ્યાધર કન્યા મળી અને નરમાંસ ભક્ષણ કરનારી વેશ્યા અકાળે મરી ચોથી નરકે ગઈ. આખરે પુણ્ય સારૂં ફળ આપે અને પાપ માઠું ફળ આપે તે અહીં જણાય છે. પછી ત્યાં રાજકન્યા હંસાવળી પરણી; રાજકુમાર બન્નેને

લેઇ સોરાપુરપટણુ જાય છે તે પહેલાં ધુતારાપણું દૂર કરે સસરાને સારા માર્ગે ચડાવી ગામનું કલ્યાણ કરે છે, તે સગા ફરજ બજાવવાનું ધ્યાન રાખવા જેવું છે સોરાપુરની રાજ કન્યાનું કલંક ઉતારી તે પરણે છે. ત્યાંથી ભરૂચ જતાં મંદીરમાં મળવા છતાં જિન મંદીરમાં રાગદૃષ્ટિ સ્વસ્ત્રી ઉપર કરી નથી તે તેનાં ઉત્તમ લક્ષણુ બતાવે છે. તથા પછવાડે રાજકન્યાને ડસેલા સાપનું વિષ ઉતારવાના બાનેજ પોતાની પ્રેમદાને પણ મળે છે તે સદ્‌ગૃહસ્થોને યોગ્ય છે. પોતાનું પરાક્રમ પોતેજ નહિ કહેવાનું સૂચવે છે. સિંહલદ્વીપની કન્યાને દુઃખ દેનાર કામદત્ત શેઠને પણ છોડાવે છે; અને પોતાના ઉપકારનો પાછો બદલો વાળે છે તથા ત્રીલોચનાને પરણી પ્રથમની શિલવતી સિવાયની સોને ત્યાંજ બોલાવી સર્વ સાથે આનંદ ગુજારે છે તે પૂર્વનાં પુણ્યનાં ફળ પ્રત્યક્ષ જણાય છે.





પ્રકરણ ૫ મું.

શિયલવતીનું વનવાસ જવું.

દોહરા.

પરમ જ્યોતિ પ્રકાશ કર, આદ ન જેનો અંત;
ચિદાનંદ અરિહંત ભાવક, શિવદાયી શુભમંત.
અંધકાર આઠે હર્યા, અશરીરી અર્હંત;
ગરીબ નિવાજ ગોડી ધણી, ભવભંજન ભગવંત.



આ પ્રમાણે મોક્ષમાં ગયેલા પાર્શ્વનાથ અરિહંત પ્રભુ જે સિદ્ધ ભગવાન થયેલા છે અને "ગોડી" અટકથી ઓળખાય છે તેમને તથા તિલક વિજય જે નેમ વિજયજીના ગુરૂ છે તેમને તથા સરસ્વતી દેવીને નમસ્કાર કરી તેમણે આગળ કહેલા રાસના અર્થને હું કહું છું.

શીલવતીને ત્યાગી સૌના દેખતાં દેશાવર ગયેલો પતિ દેવતાની સહાયથી અડધી રાત્રે ઓચિંતો આવી રૂતુસ્નાનથી ના-

હેલી ગર્ભ ધરવા યોગ્ય થયેલી, અને પતિ વિયોગમાં પોકાર કરતી રહેલીને અંદર જઇ સમજાવી નીશાનીની મુદ્રા આપી તેની સાથે સંભોગ કર્યો અને ગુપચુપ ચાલી ગયો. ફક્ત તે વખતે દ્વાર ઉઘાડતાં દાસી સિવાય બીજા કોઇએ તેને જોયો નહોતો. રાજકુમાર ગયા પછી શીલવતીએ ધરેલા ગર્ભથી તેનું તેજ વધવા લાગ્યું. આ પ્રમાણે ઉદાસીને બદલે હર્ષીત અને ગર્ભનાં ચિન્હોવાળી શીલવતીને જોઈ સાસુની દાસી જે છળકપટ સોધવામાં પ્રવીણ હતી તેણે સાસુને વાત કરી. એક વખત તે સખીઓ સાથે પોતાના આવાસમાં બેસી શાંત ચહેરે વાતચીત કરતી હતી ત્યાં સાસુએ ગુપચુપ જોઇ લીધી તેનામાં કંઈ પતિએ ત્યાગી દીધેલીનો શોક નથી તેમ પ્રકટ ગર્ભનાં ચિન્હો દીઠાં તેથી શીલવતી ઉપર તેની સાસુ રત્નાવલીને મનમાં શક ઉત્પન્ન થયો કે આ પતિએ સૌના દેખતાં ત્યાગીને પરદેશ ગયેલો છતાં પણ કયાંથી ગર્ભિણી થઇ! આવી રીતે તે દાસીદ્વારા સાસુની સખીઓને પણ ખબર થતાં સૌ તેને ઠપકો આપવા લાગ્યાં કે હવે તમારી સાત પેઢીની આબરૂ ગઈ. સાત ચોકી તેની સંભાળ માટે રાખવા છતાં કેવી રીતે પારકો પુરૂષ પેશી કુકર્મ કરી ગયો. રાજાના ઘરમાં પણ આવું કલંકિત કામ થાય તો પછી રઇયતનું તો શું કહેવું? કોઇક તો કહેવા લાગી કે મેં તમને કહ્યું નહોતું કે આવી નારને એકલી મુકવી નહીં, એમ સૌ ઠપકો તથા મહેણાં આપી સા-સુ ક્રોધી કરતાં હતાં, શીલવતીને પણ ગર્ભના પ્રભાવથી પ-

હેથે મહિને અંગનું ગૌરપણું વધ્યું. બીજે માસે હાથ, પગ, જંઘા સ્થુલ થયાં તેમ કંઠથી મધુરાં વચન નીકળવા લાગ્યાં; ત્રીજે માસે આંખો ભારે થવા લાગી ચોથે મહિને મંદ ગતિ થવા લાગી, ચાલતાં શ્વાસ ભરાવા લાગ્યો. પાંચમે માસે સ્તન ઉછળવા લાગ્યા. છઠે માસે દાસ દાસી સાથે નવા નવા ઢંગ કરી આનંદ પમાડવા લાગી, સાતમે માસે પાંડુરી કાયા થવા માંડી.

અન્ન પાણી ઉપરથી હવે રૂચી ઉઠવા માંડી. થોડા વખતમાં તો હવે તેને કોઇની સાથે બોલવું પણ ગમે નહિ તેવું થઈ ગયું. આ પ્રમાણે શીલવતીના અંગમાં થયેલો ફેરફાર તથા પ્રગટ ગર્ભ દેખાતો જોઈ સાસુ મનમાં બળવા લાગી તથા લોકમાં વધારે વાત ચાલવી થતાં આબરૂ જશે તેમ વિચારી પોતાના પતિ આગળ તે વાત કહી તેમની સલાહ માગી. વળી કહેવા લાગી કે:—

ભુજંગી.

હતી નામથી ગુણથી ભાગ્યશાળી,
ખરી શીળવંતી બની કેમ બાળી;
ગ્રહે આવીને શ્યામને દૂર કીધો,
કરી કૃત્ય આવું કુળે દાઘ દીધો.

હવે વહુએ આ પ્રમાણે કર્યું છે તેવું મારી દાસીએ તો શરૂવાતમાંજ મને કહ્યું હતું અને વાત તે વખતે દબાઈ પણ જાત. હવે શું કરવું તે મને સુઝતું નથી. કુળની લાજ કેમ રહેશે?

ભુજંગી.

હવે ભૂપતિ મુખથી એમ ભાખે,
કદી આંખ દુખે કાઢી કોણ નાંખે;
વળી બહાર કાઢે સૌ લોક જાણે,
રૂડું એથી છુપો એનો અંત આણે.

દોહરો.

પણ પૂછું હું વાત એ, સાચી છે કે જૂઠ;
સાહસ જો ઉન્મત કરે, આખર ઘરમાં લુંટ.

ત્યારે રાણી કહેવા લાગી કેઃ—

માલિની.

ઘડી ઘડી ઘડી પૂછો, વાત એ છેજ સાચી;
પ્રગટ પ્રગટ દીસે, ગર્ભના ચિન્હ વાચી.
અરરર એ દુષ્ટા, કોઈથી છૂપી રાચી;
પતિ દુઃખી કરી કાઢયો, હોય શું એહ કાચી.

આ પ્રમાણે સાંભળી રાજાને રોમે રોમે ક્રોધ વ્યાપી ગયો, અને બંને જણે છુપી રીતે શીલવતીને જોઇ રાજાની પણ ખાત્રી થઈ કે ગર્ભ રહેલોજ છે અને પુત્ર તો તેનું મોઢું પણ દેખવાને રાજી નહોતો અને તેને ત્યાગી આપણા દેખતાંજ દૂર દેશાવર છૂપો ગયો છે તેને આજે ઘણા દીવસ વીતી ગયા છે તો જરૂર આ હરામનો ગર્ભ રહેલ છે એમ ધારી હવે શું કરવું તે બંને જણા વીચાર કરવા લાગ્યા. પછી સાસુ વહુને પુછવા લાગી કે આ કેવી રીતે બન્યું ત્યારે શીલવતી

કહેવા લાગી કે આપના પુત્રશ્રીજ મને આ અર્થ કહેલ છે કારણ કે:—

ભુજંગી.

હતી મધ્ય નિશા છુપા એક આવ્યા,
કસે વશ ફરો મને દેવ લાવ્યા;
થતાં સંગમાં પુત્ર તું રત્ન પામે,
દઈને નિશાની ગયા દૂર ધામે.

સાસુએ નિશાની જોવાથી કંઈક તેનું સાચું માન્યું પણ પાછી આજુબાજુ નજર કરી જોતાં વસ્ત્રાભુષણની પોટલી તેના નામની જોઈ વીચારવા લાગી કે કોઈ દુરાચારી પુરૂષ આ લાલચ આપી તેને ભોળવી કુકર્મ કરી ગયો લાગે છે, અને નિશાની તો ગમે ત્યારે પ્રથમ છૂપી લેઈ લીધી હશે; તેમ દાસીને પણ દુરાચારીએ કંઈ આવી વાત જાહેર થવા દીધી નથી. આમ વીચારી ગુપચુપ રાજા પાસે જઈ કહેવા લાગી કે આ વહુને જીવતી રાખવાથી આબરૂ રહેવાની નથી માટે તમે એક સાપ ભયંકર મંગાવી વાસણમાં રખાવો કે તે લેવા મોકલતાં સાપ ડસતાં સઘળું સારૂં થશે તેથી સાપ મંગાવી તેની પાસે વાસણમાંથી વસ્તુ લાવવા મોકલી પણ તે સાપના બદલે શીલના પ્રભાવથી તેણે નવકાર ગણી હાથ ઘાલતાં ફુલની માળા નીકળી.

ભુજંગી.

કદી શીલ જો નારીનું હોય સાચું,
નહીં સિંહ પીડે આવે ફાડી ડાચું;

વળી સર્પ તો પુલની માળ થાયે,
સતિ નામથી રોગ ને શોક જાવે.

રાજા પણ પ્રત્યક્ષ ચમત્કાર પામી કહેવા લાગ્યો કે રેખરી એ સતી છે. તેનો પ્રભાવ પ્રબળ હોવાથી તે સાચે બોલે છે એમ મારી ખાત્રી થાય છે. તોપણ રાણી કહેવા લાગી કે એમાં પણ કોઈ જાતનું તેણે કપટ કર્યું હશે આવી વ રાખવાથી આપણી આબરૂ વધવાની નથી. તેમ તે બરબ લાગી વળી બહાર પણ અપવાદ થવા લાગ્યો જેથી રાજા સહન ન થવાથી છૂપી રીતે મારવા પત્નિની સલાહથી વછનાગ મંગાવી છૂપી રીતે ખવડાવ્યો તે પણ સતિત્વના પ્રભાવથી અમૃત તુલ્ય થયો જેથી તુરત ખાતાં સાથેજ પ્રાણ લે તેવો સોમલ મંગાવી તેલમાં ખવડાવ્યો તોપણ મારવાને બદલે શરીરને પુષ્ટિ કરવાવાળો થયો. તેથી રત્નાવળી રાણીએ વધારે દ્વેષ કરી ઉડતા પંખીના પ્રાણ હરે તથા જમીનપર ચાલતાં પ્રાણી સુંઘતાંજ પ્રાણ ગુમાવે તેવું કાલકુટ વિષ મંગાવી જાહેર રીતેજ સાસુએ શીલવતીને ખાવા આપ્યું. તે દેખી ઓળખીને પોતાનું મરણ વિના કારણે આવ્યું જાણી પોકારવા લાગી કે:-

ભુજંગી.

કીધાં કૃત્ય મેં પૂર્વમાં દુષ્ટ ભારે,
વિના વાંકમાં વ્હાલી જો સાસુ મારે;
ખરે કંથ ત્યાગી હવે કોણ વ્હારે ?
હવે રંક વાચા ઉરે કોણ ધારે ?

સાસુએ કાલકૂટ તેલમાં વધારી તેને કહ્યું કે આ ઔષધ ખાઓ. સતિએ જાણવા છતાં શીલનો પ્રભાવ દેખાડવા આણી અંતકાળે પણ દેવગુરૂનું સ્મરણ કરી મોઢામાં મુકતાં બોલી કેઃ—

ભુજંગી.

મને વાણી કે કાયથી કંથ મારો,
વિના ચંદ્રગુપ્ત કર્યો હોય પ્યારો;
ભલે વિષ મારો મુખે સત્ય ભાણું,
નહિ તો બચાવો કુળે લાજ રાખું.

આ પ્રમાણે કહી સૌના દેખતાં ખાધું તેથી અંગમાં જરા-વારમાં વિષ પ્રસર્યું પણ તેના પ્રાણ જવાને બદલે કાંતિ વધી રાજાને પણ માલુમ પડતાં હર્ષ પામી કહેવા લાગ્યો કેઃ—

દોહરા.

કુળે લાજ વધારતી, વહુ બહુ ગુણવાન;
કલંક કુડું તે ટાળતી, પામી લોકે માન.

આ પ્રમાણે સૌને સંતોષ થયો પણ પૂર્વભવની વૈરિણી સાસુ રત્નાવળીને તો જેમ જેમ આ સતિપણું પ્રત્યક્ષ બતાવતી ગઈ તેમ તેમ વધારે ક્રોધ વ્યાપતો હતો જેથી બોલી કેઃ—

દોહરો.

કુડ કપટ ભંડાર આ, બોલે મીઠા બોલ;
કૂળે કલંક ચડાવીઉં, કેમ વધે અમ તોલ.
સ્ત્રી ચરિત્ર જાણ્યા નહિ, કરતી કાંઇ ઉપાય;
મારી એહ મરે નહિ, કાળે વેષ કઢાય.

વ્હાલી હોય જો આપને, મૂકો પીયર સીમ;
કાળ સમી જોઇએ નહીં, ભયંકર એ છે ભીમ.

આ પ્રમાણે રાજા આગ્રહ કરી સતિને નિર્દયપણે ગર્ભવંતીના શું હાલ થશે તેવો વીચાર કર્યા વિનાજ તદન કાળાવેશે કાળા બેલની કાળી ગાડીમાં બેસાડી સુભટો પાસે તેના પીયરની સીમમાં મોકલવાની કાંઈ પણ ગુનો કર્યા વિના સતિને કલંક ચઢાવી ગામમાં ફજેત કરી. પાછી પીયરમાં કાળાવેશે કલંકીત દેખાવે પીયરમાં પણ ફજેતી કરવા માટેજ મોકલાતી જોઈ તે રોતી રોતી બોલતી હતી કેઃ-

પીતાજી આ કોપ તમે શું કર્યો.

અરે સાસુ મારી દયાને ધરો,
ખરે ન્યાય આનો હૈયે તો કરો;
પતિ ઘેર આવી ગયો છેતરી,
કરી વીનતી તો ઉરે ના ધરી.
નહીં પાય મૂકયો કદી આંગણે,
રહી ઝુરી રોજે દુઃખો એ ઘણે;
ગયા રાત દા'ડા વિલાપો તણા,
પછી કંથ આવ્યા કહું કેમ ના.
કહ્યું તોય ચા'વા થઇ આવજો,
વદે દેવવાણી વહી જાયજો;
જાણે દાસી મારી નીશાની વળી,
જુઓ આપ સામે નથી હું ચળી.

ખરે શીલ સાચું કરી સહાયતા,
તોયે કેમ કોપો ધરી વૈરતા.

આ પ્રમાણે ઘણું પણ કહેવા છતાં સાસુ સસરાએ બે સુભટો મોકલાવી રથમાં બેસાડી ગામ બહાર કઢાવી. ત્યારે કર્મનો દોષ જાણી મનને ધીરજ આપવા લાગી તે વખતે શીલવતીના દયામણા નિર્દોષ ચહેરાથી દયા ઉપજતાં તે સુભટો કહેવા લાગ્યા કેઃ—

આજ કેમ સેહશે ઉજેની રંડાપો.

કેવું અકૃત્ય અમારાથી થાયે, શું સતિને દુઃખ દેવાયે. કેવું૦
શું દિવ્ય દેવાંશી કાંતિ, સુખ જોવાથી થાતી શાંતિ,
ધિક્ક સગાંશું આણી ભ્રાંતિરે. કેવું૦
થયો નાગ જો ફુલની માળા, ઝેર દીધે જીવી બાળા;
હવે વ્યર્થ કરે સાસુ ચાળારે. હાય. કેવું૦
પતિ આપી નિશાની બતાવે, દાસી સાચી એ વાત જણાવે,
હવે સગાં શું જોઈ સતાવેરે. હાય. કેવું૦
કરી દુઃખ એકે દીને દીધું, ગુણી જને પ્રાયશ્ચિત લીધું,
સતિ સંતાપે નર્ક છે સીધુંરે. હાય. કેવું૦
ધિક ધિક છે જન્મ અમારો, હુકમ થયો અમોને નઠારો;
હવે દુખે મરવાનો વારોરે હાય. કેવું૦
જેવી સાધુ હત્યા છે બુરી, તેવી સતિ હત્યા પાપે પૂરી;
કહ્યા દાસ દમડાના અમે ઝુરીરે હાય. કેવું૦

વ્હાલી હોય જો આપને, મૂકો પીયર સીમ;
કાળ સમી જોઇએ નહીં, ભયંકર એ છે ભીમ.

આ પ્રમાણે રાજા આગ્રહ કરી સતિને નિર્દયપણે ગર્ભવંતીના શું હાલ થશે તેવો વીચાર કર્યા વિનાજ તદન કાળાવેશે કાળા બેલની કાળી ગાડીમાં બેસાડી સુભટો પાસે તેના પીયરની સીમમાં મોકલવાની કાંઈ પણ ગુનો કર્યા વિના સતિને કલંક ચઢાવી ગામમાં ફજેત કરી. પાછી પીયરમાં કાળાવેશે કલંકીત દેખાવે પીયરમાં પણ ફજેતી કરવા માટેજ મોકલાતી જોઈ તે રોતી રોતી બોલતી હતી કે:–

પીતાજી આ કોપ તમે શું કર્યો.

અરે સાસુ મારી દયાને ધરો,
ખરે ન્યાય આનો હૈયે તો કરો;
પતિ ઘેર આવી ગયો છેતરી,
કરી વીનતી તો ઉરે ના ધરી.
નહીં પાય મૂકયો કદી આંગણે,
રહી ઝુરી રોજે દુઃખો એ ઘણે;
ગયા રાત દા'ડા વિલાપો તણા,
પછી કંથ આવ્યા કહું કેમ ના.
કહ્યું તોય ચા'વા થઇ આવજો,
વદે દેવવાણી વહી જાયજો;
જાણે દાસી મારી નીશાની વળી,
જુઓ આપ સામે નથી હું ચળી.

અરે શીલ સાચું કરી સદ્દાયતા,
તોયે કેમ કોપો ધરી વૈરતા.

આ પ્રમાણે ઘણું પણ કહેવા છતાં સાચુ સસરાએ બે સુભટો મોકલાવી રથમાં બેસાડી ગામ બહાર કઢાવી. ત્યારે કર્મનો દોષ જાણી મનને ધીરજ આપવા લાગી તે વખતે શીલવતીના દયામણા નિર્દોષ ચહેરાથી દયા ઉપજતાં તે સુભટો કહેવા લાગ્યા કેઃ—

આજ કેમ સેહરો ઉજેની રંડાપો.

કેવું અકૃત્ય અમારાથી થાયે, શું સતિને દુઃખ દેવાયે. કેવું૦
શું દિવ્ય દેવાંશી કાંતિ, મુખ જેવાથી થાતી શાંતિ,
ધિક સગાંશું આણે ભ્રાંતિરે. કેવું૦
થયો નાગ જે ફુલની માળા, ઝેર દીધે જીવી બાળા;
હવે વ્યર્થ કરે સાસુ ચાળારે. હાય. કેવું૦
પતિ આપી નિશાની બતાવે, દાસી સાચી એ વાત જણાવે,
હવે સગાં શું જોઈ સતાવેરે. હાય. કેવું૦
કરી દુઃખ એકે દીને દીધું, ગુણી જને પ્રાયશ્ચિત લીધું,
સતિ સંતાપે નર્ક છે સીધુંરે. હાય. કેવું૦
ધિક ધિક છે જન્મ અમારો, હુકમ થયો અમોને નઠારો;
હવે દુખે મરવાનો વારોરે હાય. કેવું૦
જેવી સાધુ હત્યા છે બુરી, તેવી સતિ હત્યા પાપે પૂરી;
રહ્યા દાસ દમડાના અમે ઝુરીરે હાય. કેવું૦

પાસે જઇ મને માબાપ દીકરીની દયા લાવી ઘરમાં રાખે તો વિંટબણાની કથા ત્યાં કહું તમારા આગળ કહેવાથી તમે શું દુઃખ ટાળી શકશો ? જેથી એક સુભટે રાજાને ખબર આપી પણ રાજાએ સાંભળ્યું કેઃ—

કાળે કપડે આવી એ, આણી કૂળ કલંક;
પતિ વીરહે ગર્ભજ ધરી, આવી અબળા રંક.

ગમે તેટલી વહાલી દીકરી હોય પણ લોકમાં અપવાદના ભયથી એકદમ ક્રોધાવેશમાં આવેલા ભૂપતિએ લોકોએ ઘણુંએ તેનો પક્ષ તાણી સતિપણું બતાવી તેના ઉપર પ્યાર લાવી રાખવા વીનંતી કરી પણ કાંઇ મરજી ન બતાવી તેથી તેની માતા સૌભાગ્ય સુંદરીને તેના ઉપર દયા લાવવા લોકે કહ્યું પણ તેણે દયા ન બતાવી. રાજાને પૂછ્યું ત્યારે રાજાએ કહ્યું કે જો તે નિષ્કલંક હોત તો આવો કલંકીત વેષ આપી શા માટે સાસરીઆ અહીંઆં ધકેલત ? માટે કદી દયા લાવી આપણે તેને ઘેર પણ લાવીએ તો લોકો પરાણે રખાવનારજ પછવાડે નિંદા કરશે તથા તેમણે તજેલી વધુને દીકરી ગણી ઘરમાં રાખશું તો તેમને માઠું લાગી વિરોધ વધશે માટે કોઈ પણ પ્રકારે અત્રે લાવવી યોગ્ય ધારતો નથી. જેથી રાણી પણ તેમજ ના કહી ચાલી ગઈ, જેથી લોક તથા સુભટો થાકી શીલવતિ સતિને કહ્યું કે અહીં તમને તિરસ્કારથી રહેવું તે જરાપણ સુખદાયક નથી તેમ રાજાના કોપથી તમને રાખવાને પણ કોઇ સમર્થ નથી; માટે દક્ષિણ દીશામાં ચાલ્યાં જાઓ

આ પ્રમાણે આગ્રહને કોણે પણ નિરસ્ત કરીને જેર્ડ કરી રોતા લાગી પણ તેનાં કંઇ કરાર વગે તેમ નહીં તું, પેટ જન્મેલું પુત્રરત્ન નહોતું પણ ગર્ભની પીડામાં "ન હૈ. હાલ મજુરી" તેમ "મજુરી વિના પેટનું ભરવું મુશ્કેલ" નાગર ગુજરાતનું અર્થ તથા તેની પ્રસ્તાવની ચીતા જેવી રોની રોની પણ આપવાની શક્તિ નહીં છતાં કર્મના દોષ કરવી આગવી ચાલની આગળ નથી. પરણેલી પત્નીને પ્રીતમ વિના બીજો કોઇ આશ્રય નથી અને તે આશ્રય ન આપતાં કઠણીન કરી છૂપો ભાગી ગયો તેથી તેનાજ ઉપરજ ચારેવાટે ભાગી આવતાં ચાલતાં ચાલતાં બોલી કેઃ—

અબળાને એકલી જંગલમાં મહાવનારા, અલ્પ દ્રી સ્વાદને માટે આપી રાતે એકલા આવી ફસાવનારા, કયા છતાં પણ સગાંને જાહેર ન થઇ ધાંધામાં નાંખનારા હે મારા નાથ! તમે વિદેશમાં રહ્યા શું વીચારતા હશો કે આ અબળા કયાં અને કેવા કષ્ણમાં પડી ઝુરતી હશે? વળી તમે શું વીચાર પણ નહીં કીધો હોય કે પરણીને પ્રેમદાનું મોં પણ જોયું લેયું નથી તેમ કહી દીલાસાનો પત્ર પણ મને કે સાસુ સસરાને લખ્યો નહોતો તેમ એવા દેવ કયાં રસ્તામાં પડયા છે કે વિદેશથી ક્ષણમાં લાવી એકદમ સંસારસુખ અપાવી પાછા હજારો કોશ મુકી દે. લોકમાં આવી વાત કેમ મનાય? તમે આપેલી મુદ્રાની નિશાની પણ કોઇ રીતે ચોરાવી લીધેલી પ્રથમની હશે, તેમ તે રદ ગઇ, દાસી પણ દુષિત થઈ. હવે સાપની

માની સાસુએ સાપ મંગાવી વિષ આપી મારવા ચાહ્યું પણ
કર્મમાં દુઃખ ભોગવવું લખેલું તે અંત કેમ આવે ? જેથી ન
હારતાં સાસુએ કપટીને કલંકીત કહી સસરાને શીખવી કાળે
વેશે પીયર મોકલી. માબાપે પણ આ સાંભળી ન્યાય કર્યો વિ
નાજ મને પેસવા ન દીધી. જેથી ચાલવાનો માહાવરો નહિ
ને ગર્ભનો પ્રસવ સમય નજીક આવ્યાથી ચલાતું નથી. અરે
હવે મારી તથા આ ગર્ભની શી સ્થિતિ થશે મેં પૂર્વે ખરેખ
મહા અઘોર કૃત્યો કર્યાંજ હશે. સદ્‌ગુરૂની વાણી હવે ખરેખ
મળે છે હવે કોને શરણે જાઉં ?

બનજારા.

હવે નાથ દયા તુમે લાવો, અહીં આવી અબળાને બચાવો
કયાં સુધીજ દુઃખ સહાવો. હવે ?
મેં કડવું વચન ન કીધું, ન સાસુને દુઃખજ દીધું;
ત્યારે કોપ કીધો કેમ આ'વો. હવે૦
કાંઝી નાયક કહું શું તમને, ધૈર્ય રહે કયાં સુધી મનને;
દેખી વીપરીત રોજ બનાવો. હવે૦
પૂર્વ ભવે મેં પાપજ કીધાં, સાધુ સતિને આળજ દીધાં;
જેથી રહ્યો ન કોઇપર દાવો. હવે૦
જાળ કરોળીયાની તોડી, પાંખથી કરી માંખી મેં ખોડી;
એવી હિંસાનાં ફળ જણાવો. હવે૦
જ્ઞાન આશાતના મેં કીધી, હાંસી ધર્મની કરી મજા લીધી
કે પૂર્વ કુશીલનો પુરાવો. હવે૦

ઉપણુ નરે માંખી દર પૂર્યાં, જુ કીડ માકણને ચુર્યાં;
પાપે પૂરો થયો જે ભરાવો. હવે૦
પશુ પક્ષી રાખ્યાં ઘેરે, દીધું ખાવા ન તેને વેરે;
વળી દીધો શોકય દુખાવો. હવે૦
એવાં કીધાં કુકર્મ અનેકે, ફળો તેનાં અહીં એમ દેખે;
માફી માગું હવે તો છોડાવો. હવે૦
આંખે આંસુ તો નહિ આવે, છાતી શોકે કરીને ભરાવે;
શરણે રાખી તુમે લો લ્હાવો. હવે૦

કાંઝીનાયકને તેનો કોમળ ચહેરો, લોહી વીનાનું સુકું હાડકાંના માળા જેવું હાડપીંજરનું ખોખું, તથા દીવ્યકાંન્તિ છતાં પણ પેટ ભરવાની ભ્રાન્તિવાળી જોઇ તથા તેની કરૂણાર-સીક વાતનો એકેક શબ્દ તેના હૃદયમાં ઉતરતાં છાતીએ ઘા માફક લાગતો હતો જેથી તે બોલ્યો કે હે બેન ! તું ખુશીથી અમારી સાથે રહે તારૂં તથા તારા ગર્ભનું રક્ષણ સારી રીતે થશે અને તારા પુણ્યોદયથી તારા સ્વામીનાથનો પણ મીલાપ થઇ જશે. આ પ્રમાણે ગર્ભ પ્રસવના નજીક દીવસ આવે છે પણ હજુ કર્મોનો ભવાડો પૂરો ભજવાયો નહોતો જેથી શી-લવતીના શોકથી છવાયલા નિસ્તેજ ચહેરાપર પણ પૂર્વની દી-વ્યકાંન્તિનો પ્રકાશ તથા ખુબસુરત અંગના ભાગો ગર્ભવાળી છતાં પણ મનોહર લાગતા હોવાથી કાંઝીનાયકના પુત્ર આખુંદ-ની બુદ્ધિ બગડી તે મનમાં વીચાર કરતો હતો કે—

દોહરો.

મળી પુણ્યથી માનિતી, ઘર બેઠે જો એહ;
પ્રસવે પુત્ર પછી કરૂં, સફળી મારી દેહ.

ઉદ્યાનકારની હવેલી નજીક આવતી જોઈ પોતે કયાં છાના સિધો તેની પાછળ ખબર કાઢવા આવનારને માલુમ પડે માટે વિખરી નીચે મુદ્રા હતી તેમાં મોટી શિલા હતી તેની નજે પોતાની પાસે પીછુરો પ્રથમ જે મુદ્રા પતિના નામની આપેલી હતી તે મૂકી. તેવામાં સિંહ પણ ગર્જના કરતો ગુંજે આકાશમાં ઉછળતો તેને આખીજ ખાઇ જવા આકાશમાં કુદી નજીક આવતાં સતિ તો સ્તબ્ધજ થઈ ગઈ. પણ નજીક રહેલી પર્વતની ગંધર્વ જાતિની દેવીનું આસન સતિના સંકટ ટાળવા માટેજ કંપતું જાણી એકદમ ત્યાં આવી તે સુસ્થિત દેવની દેવાંગના અને શાસનની રક્ષક હોવાથી સતિ પાસે આવી તેથી સિંહ તો એકદમ ભાગી ગયો અને સતિને સાવધ કરી તેને પગે લાગી દેવી બોલી કે હે માતાજી! તમારા જેવી અખંડ શીલપાલક સતિના ચરણમાં શીષ નમાવી સ્પર્શથી હું પવિત્ર થઇહું માટે આપ કોઇ વાતનો ખેદ ન કરો, સૌ સારાં વાનાં થશે જેથી શીલવતીએ હિંમત લાવીને પૂછયું કે હવે પતિનો મીલાપ કયારે થશે ત્યારે જવાબ મળ્યો કેઃ—

દોહરો.

વરસ દશનો છે હજુ, તારે પતિ વિયોગ;
આગે સુખ મળશે ઘણું, ભોગવશો બહુ ભોગ.

એમ કહી દેવી સીધો રસ્તો બતાવી ધીરજ આપી ફરીથી સતિને નમસ્કાર કરી પોતાના સ્થાનકે ગઈ. સતિ પણ ધીરજ રાખી આગળ વધતાં શ્રીપુર નામે નગર નજીક આવવા લાગ્યું,

જ્યાં શ્રીષેણ નામનો રાજા રાજ્ય કરે છે, શ્રીસેના નામે પટ-
રાણી છે, તેની કુખે માનવતી કન્યા ઉત્પન્ન થયેલી છે તે મા-
તપીતાને ઘણી વહાલી છે; આ નગરમાં ચોરાશી ચોટામાં ધુમ
વેપાર ચાલતો હતો અઢારે વર્ણ પોતાના ધંધામાં પ્રવીણ
હતી. ઉપદ્રવનું નામ નહોતું જેથી સૌનાં મોઢાં હસતાંજ હતાં.
તે શહેરમાં વસ્તીનો વિસ્તાર ઘણો હતો મંદીર, માળ, ગોખ
જાળીયાંનો તોટો નહોતો તેની નજીકમાં જળપૂરી નદી નિર્મળ
નીરથી ભરેલી વહે છે; ત્યાં આગળ આવી નદીના કીનારે
ઓળખાણ વિના ક્યાં જવું એમ વીમાસણ કરતી ઉદાસ થઇ
બેઠી છે ત્યાં આગળ કોઇની સાથે પ્રેમ કરીને બોલવાનું પણ
નહોતું, તે ડરતી હતી કે રખેને કોઈ દુષ્ટ પુરૂષ શીલ ખંડ-
નની જાળમાં ફસાવી જાય તેથી ગુપચુપ બેઠેલી હતી તેવામાં
ઉમાનામની વેશ્યા સાહેલીઓ સાથે ત્યાં આવી લાગી તે શી-
લવતીનું અથાગ રૂપ, દીવ્ય કાંતિ, સુસ્થિત અંગના ભાગો
જોઈ ઉત્સાહ પામી એકદમ પાસે જઈ મોટા માનથી આદર-
સત્કાર સહીત મીઠા વચને બોલી કે અરે દીકરી ! આવા
દુઃખમાં તું કેમ આવી છે ? તું ક્યાં રહે છે તેથી તેને કોઇ
ભાગ્યશાળી શ્રીમંતની સ્ત્રી ધારીને કહેવા લાગી કે હે માતા !
મને ઘેર એકલી મૂકી પતિ પરદેશ ગયો, પીયર જતાં રસ્તામાં
આવું તોફાન થયું હવે મારે શું કરવું તે શોચમાં બેઠીછું તેને
દીકરી તરીકે ગણી વેશ્યા તેને સારા વાહનમાં બેસડાવી ઘેર
લઈ જઈ સારા આવાસમાં રાખી કહેવા લાગી કે સુખેથી ખા

છપીને દીવસ નિર્ગમન કરો ચિંતાને હરો તમારો પતિ અહીંજ આવી મળશે. આંપ્રમાણે આશ્રય મળવાથી શીલવતીનો આનંદ માતો નહોતો પણ થોડા વખતમાં ત્યાં અધમ પુરૂષો આવતા જોઇ પારખી લીધું કે આ લાવનાર વેશ્યા છે, તેની દુષ્ટ બુદ્ધિ છે તો શીલનું રક્ષણ કરવું અહીં દુર્લભ થશે તો પણ અનાથ હોવાથી તેમ હાલ તુર્ત ગર્ભ પ્રસવ સમય હોવાથી કંઇ જવાય તેમ નહોતું તેથી પશ્ચાત્તાપ કરી રહીને ત્યાં પુત્રને જન્મ આપ્યો

દોહરો.

પુરણ માસે પ્રસવીયો, નંદન નયના નંદ;
દેખી વિહસ્યાં નયન જુગ, રૂપે કરી રવિચંદ.

આ પ્રમાણે પુત્રરત્નને જન્મ આપી તેની શુચીક્રીયા વીગેરે તેને હાથમાં લઈ આનંદ પામતી બાળરત્નને બારમે દીવસે લઇ બારમા દીવસનું સ્નાન કરવા જવા માટે તૈયાર થઇ. વેશ્યાને પુત્ર સોંપી તે નદી તરફ જવા લાગી; વેશ્યા તેના જવા પછી પાપ પ્રવેશ થયેલી તે વીચારવા લાગી કે આ પુત્ર રત્ન જેવો હોવાથી તેની ખટપટમાં જો તેની માતા પડશે તો પછી તેનું રૂપ નષ્ટથઈ જશે તો પછી આપણી મોટી આશાઓ હવામાં ઉડી જશે માટે પ્રથમ એ બાળકનો નાશ કરવું કે પાછળથી તેને સમજાવવી મુશ્કેલ નથી. તેમ આપણું કામ પણ પાર પડવામાં વિલંબ ન થાય આ અપ્સરા સરખી કોઈ યૌવન વયની રાજકુમારી પતિના વિયોગે અહીં ઓચીંતા રત્નરૂપ આપણને મળી છે; જેથી યોગ્ય વખતે રોજના સવા

લાખ દીનાર ઘેર બેઠે એ સુંદરીના પ્રતાપથી મંદીરમાં ઢગલો થશે જેથી આપણે તો એજ કમાતો કુંવર છે એમ વીચારી દાસીને આપ્યો દાસી પણ વેશ્યાના મંદીરમાં રહી તેનું દુષ્ટ અનાજ ખાઇ તેવીજ બુદ્ધિવાળી કંઈ પણ બોલ્યા વિના વેશ્યાએ મારવા આપેલો પુત્ર લેઇ ચાલી; પણ પુત્રનો તેજસ્વી ચહેરો કમળ જેવું વિકસ્વર વદન અષ્ટમીના ચંદ્ર સરખું કપાળ જોઈ પુત્રના પુણ્યથી દાસીની મતિ રસ્તે ચાલતાં સુધરી ગઈ તેથી વીચાર કરવા લાગી કે–

ભુજંગી.

કરી દુષ્ટ કર્મો, થઈ દાસી ડુબે;
વળી પાપ સંગી, મળી વેશ્યા મૂળે.
રૂડો પુત્ર મારે થશે જન્મ ધુળે,
સદા રોવવું રોગથી ચિંત સૂળે.
અરે ધિક્ક વેશ્યા ધન ચાહનારી,
અરે ધિક્ક મુને પાપે સહાયકારી.
વળી ગર્ભમાં હોત જો આત મારૂં,
[illegible] કૃત્ય ના બાળને મારનારૂં.

હજુ સુધી કંઈ બગડયું નથી વેશ્યા શું કરી [illegible] છે? [illegible] નાશ કર્યાથી પાછું [illegible] દુનિયામાં આવવું [illegible] છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] દુનિયામાં [illegible]? [illegible] [illegible]

એને ખાતથી કર્યો મહત્વ ભર્યો હશે ? તેમ આ કિંમતભર્યું કન્-
ટેવ બાળકને અનાથ કરતી તેને અહીં જૂઠના પાપથી દાસી-
પણું પામેલી વધામણાં વેશ્યાની દુરાચારી જીંદગીમાં મહાપ-
કારી થઈ આધાર આપ્યો તો કહી ચુપ શું તો હવે તેથી પણ
અધમમાં અધમ, નીચમાં નીચ આચરણ કરીને શી દશા
પામીશ ? માટે હવે તો જેમ તેમ કરી આ બાળકને ઉત્તમ
કોઈ જગ્યાએ મૂકી તેના પુણ્ય ઉપર તેને છોડી દઉં અનાથ બાળ
શરણે આવેલીને સહાય આપવાને બદલે તેના પ્રાણથી પણ વધારે
વહાલો બાળક રક્ષક તરીકે આવી સોંપ્યો તેને મરાવનાર દુષ્ટ
વેશ્યાને કરેલો વખાણ ધિક્કાર હો ! ! તથા જ્યારે એ ઘેર આવશે
ત્યારે પુત્રની ચોરાયાની કે નાશ થવાની ખબર સાંભળશે ત્યારે
તેને શું થશે ? તેવો વિચાર કરતાં કોમળ હૃદયમાં કરૂણા આવતાં
રોતી રોતી તે બાળકને સારી રીતે રાખવા તથા કોઈ સારો મા-
ણસ તેને પાળવા લેઇ જાય તેવા સારા ભાવથી સારૂં સ્થાન
શોધતી તે દાસી કામદેવના મંદીર નજીક આવી; નિર્ભય સ્થળ
જોઇ બીલાડી વીગેરે તેનો ઘાત ન કરે માટે ત્યાં પડેલા
સુગંધી પુષ્પોના ઢગલામાં તે બાળકને ગુપ્તપણે છુપાવી દીધો
ઉત્તમ જીવે પોતાના સ્પર્શથી પણ દુષ્ટ વેશ્યાની હલકી દાસીને
પણ કોમળહૃદયવાળી કરી દીધી તો તેવા નરરત્નના વચનથી
કે તેની સેવાથી શું ઉત્તમ ફળ સજ્જન ન મેળવી શકે ? તેમ
બાળક અનાથ છતાં પણ તેનું ભાગ્ય અનાથ નહોતુ, દાસી જતી
વખતે દેવને કહેવા લાગી કેઃ—

દોહરો.

કરજોડી વિનતી કરૂં, રક્ષા કરજો બાળ;
મેં તો તમને સોંપીયો, થાજો દીન દયાળ.

એમ કહી દાસી ચુપ ચુપ ઘેર આવી અને વેશ્યાએ જવાબ આપ્યો કે નિઃશંકપણે તમે રહો તેને મારવાવાળું શિવાય કોણ બીજું જગતમાં છે? આમ વેશ્યાને સમજાવી શીલવતી નદી કીનારે જઈ પોતાનાં ભુષણો એક બાજુ રાખી પડાં બદલી નહાવા માટે જેવી નદીમાં ઉતરે છે તેવી નાહતાં તાં દૂરથી પોતાના ભુષણ તરફ નજર કરતાં વડના ઝાડપરથી વિકરાળ વાંદરો નીચે ઉતરી પોતાના કંઠમાંથી કાઢેલો એક હાર લેઈ પાછો ઝાડની ડાળપર ચડી તેમાંથી ઉત્તમ મોતીને એક તોડીને જ્યાં ઉડું જળ છે ત્યાં નાંખવા લાગ્યો જેથી નાહ નાહતાં બોલવા લાગી કે—

દોહરો.

કેમ ધન ખોવો માહરૂં, તુમે છો પશુરાજ;
અબળાના નિર્વાહમાં, એ છે સબળું સાજ.

એથી દેવ વાનરરૂપે આવેલો કહેવા લાગ્યો કે—

દોહરા.

ચિંતા નહી બાળક તણી, મોતી રાખે જીવ;
બાળક એકલું મુકતાં, કેમજ માને શીવ.

જેથી સ્ત્રી કહેવા લાગી કે—

જીવ થકી વહાલો અધિક, બોલ માં કુડા બોલ;
વાતજ કાને સાંભળી, લાગે તીરજ તોલ.

પાછો વાનરે જવાબ આપ્યો કે—

ધાતુ સાત સેહામણી, મંદીર ધન પર હાથ;
ભોજન નંદન ભામિની, વીસરે થાય વિઘાત.

જેથી સ્ત્રીને સમજાયું કે વેશ્યાને બાળ સોંપી હું આવી છું તે શીખામણ આપવા આવેલ છે માટે નમ્ર થઈ તેની વાતપર લક્ષ આપવા લાગી ત્યારે તે બોલ્યો કે જન્મતી વખતે તને તેના મુખમાંથી અમુલ્ય રત્ન મળ્યાં છે તે રત્નનો તને જેવો ચાહ છે તેથી અધિક ચાહ રાખી કોઈનો પણ ભરોંસો કર્યાં વિના પુત્ર રત્નનેજ સાચવી રાખજે તો તને ઘણું સુખ તે બાળક આપશે. પણ મળેલું ચિંતામણી રત્ન કાગડો ઉડાવતાં ખોવા માફક તેં પુત્ર રત્ન સોંપ્યોં તે સારૂં નથી કર્યું એમ કહી હાર આપી વાંદર ગુમ થઈ ગયો. આ વાત સાંભળી હૃદયમાં શીખામણ આવી પણ બાળકને કુશળ હશે કે કેમ તે વિચારમાં ગભરાયલી બહાવરી બની જેમ તેમ સ્નાન કરી કપડાં પહેરી બાળકની ચિંતા કરતી વેશ્યાને ઘેર આવી; બાળકને આજુબાજુ જોવા લાગી અને વેશ્યાને પૂછયું કે મારો પુત્ર કયાં છે ? ત્યારે વેશ્યા તો જાણે કંઈ જાણતીજ નથી અથવા તેનાં વચન સાંભળવામાં તદન બેહરીજ છે તેમ બની મૌન રહી ગઇ પણ દાસી શીખવ્યા પ્રમાણે બોલી ઉઠી કે બિલાડી આવી તે માંસનો લોચો જાણીને ઝુંટવી લેઈ ગઇ તેનો પત્તો નથી.

તરવારના ઘાથી જેમ કોમળ કેળ કપાઇ જમીનપર પડે તેમ હાયપીટ કરતી શીલવતી જમીનપર પડી અને થોડીવારે સાવચેત થતાં રડવા લાગી કે—

ભુજંગી.

દીલાસો હતો પુત્રનો દુંખમાંહી,
ગયો માતને છોડીને તુંજ કયાંહી;
દગો દઈ મુને નાથજી આપ ચાલ્યા,
ઢળ્યો પુંખને હાથ તો વ્યર્થ બાળ્યા.

મર્મની કહાણી કયાં કહું ? એકવાર દગો દીધેલા પતિના વિશ્વાસપર ભૂલી છુપો ગર્ભ ધારણ પુત્રરત્ન લેવાના બાને કીધો અને ફરી દગો દઈ તેમણે મોઢું દેખાડયું નથી. પુત્ર પ્રસવ્યા પહેલાંજ દુરાચારિણીનું કલંક વહોરી સાસરામાંથી બહાર નીકળવું પડયું, કલંકિત વેશે પીયર જતાં તિરસ્કાર થયો. આખરે સઘળું દુઃખ વેઠીને પણ પુત્ર રત્નની આશા ઉપર જીવતી હતી. અરે પુત્ર તું પણ દુઃખમાં વધારો કરવા દગો દેઇ કયાં ગયો ? ખરે પુંખ ખાવાના લાલચે કોમળ હાથમાં અગ્નિથી પુંખ લીધા પણ હાથ બળ્યા અને છેવટે ખાધા પહેલાં ઢળીને તે વ્યર્થ થયા તેવો મારો હાલ આજે થયો છે. પણ હે પુત્ર તારો શું દોષ ? હુંજ નિર્ભાગિણી કમ અકલ કે અનાથ બાળકને અજાણ્યા ઘરના અજાણ્યા માણસોના વિશ્વાસે મૂકી ચાલી ગઇ. અરે તારા પિતા કદી મળશે ત્યારે પૂછશે કે પુત્ર કયાં છે? ત્યારે હું શું જવાબ આપીશ. હું કેવી ભોળી કે તને એકલો

ભાગ્યો ? અરેરે ! તારા વિના આત્માને શું જરા પણ ચેન પડ-
નાર છે ? અરે આ દુઃખની દુહાઈ પણ ક્યાં કરૂં ? નિરખી
આ કોટીમાં મોઢું ઘાલીને શું જોવા મારા હાલ થયા છે.
અહાહા ! કેવા કષ્ટમાં તારા વિયોગપર મેં દીવસો કાઢ્યા
છે ! અઘોર કાળી રાત્રી, કાંટાથી ભરેલો અરણ્યપથ ચોકાંન
કરીને ખાલી આલી થાળનાં પણ રત્ન પેટમાં લાગી હજુ
સુધી જીવતી રહી છું. લોકોનાં કેવાં કેવાં નિંદા ભરેલાં વચન
સાંભળી સાંભળી ભાન ખોયું છે. અરે પુત્ર મેં તારા માટે
શું બાકી રાખ્યું હતું કે આવી પતિએ, સગાંએ, વહાલાંએ,
સખીઓએ તજેલી નિરાધાર માતાને તજીને જવું તને સારૂં
લાગ્યું છે ? અરે વેશ્યા મેં તારૂં શું બગાડ્યું હતું કે મારા
પુત્ર રત્નને ગુમાવી દીધો ? ખરે, મારી આ સઘળી લોલુપતા
અર્થેજ છે. તમે તો નિમિત્ત માત્ર છો. મેં પૂર્વે મહા અઘોર
કૃત્ય કીધાં હશે તેનાં ફળજ હું ભોગવું છું.

દોહરો.

બાળ હત્યા કીધી હશે, કે થાંપણનો નાશ;
વળી જિન ભુવણ ચોરતાં, પામું આવો ત્રાસ.

વળી ધર્મ ભૂલી રોવા લાગી કે હે પુત્ર ? તારે જો મારી
પાસે રહેવું નહોતું તો ઉદરેજ શા માટે આવ્યો ? તારા વિના
મને ક્ષણ પણ વરસો જેવી થશે. માટે હે પુત્ર હવે તારી મા-
તાની દયા લાવી તુર્ત હાજર થા. તારા પીતાના કુળમાં તું
દીપકસમાન પ્રકાશ કરનાર એમ વિયોગી થઈ ક્યાં જતો ર-

હીશ? આ પ્રમાણે સઘળું ઘરનું કામ છોડી ખાવું પીવું તજી દીધું. તેને ધર્મનો લેશ કે દયા જેના દિલમાં અંશ પણ નહોતી તેવી વેશ્યા કહેવા લાગી કે હવે આવાં વિલાપનાં વચન બંધ કરી ઘર ધંધે લાગો, એવા પોકાર કરેથી કંઈ પુત્ર મળવાનો નથી અને અહીં તને જોઇએ તેટલા પુત્ર રત્નો પ્રાપ્ત થશે. આવું વચન સાંભળી તેને શક ઉપજ્યો કે રખેને આ અધમે જાણી જોઇને નાશ કરાવ્યો કે છુપાવ્યો હોય, એથી બહુ ઉદાશી થઈ; ત્યારે પાછું વેશ્યા બોલી કેઃ—

દોહરો.

પુત્રી ધીરજ રાખ તું, કર ચિંતા નવ દીલ;
મન ગમતા માણસ થકી, સુત મળે વણ ઢીલ.

તેનું હવે પ્રગટ પાપ જોઈ સતિ શીલવતી બોલી કેઃ—

દોહરો.

રવિ ઉગે જો પશ્ચિમે, અગ્નિ શીતલ થાય;
તોપણ શીલ મૂકું નહિ, ભલે જીવ આ જાય.
ફાંસો નાંખું કંઠમાં, કે કરશું આપઘાત;
કુશીલ તુમ વાસે રહો, મુજ નવ રૂચે વાત.

આ પ્રમાણે વેશ્યાને તીરસ્કાર કરી ધમકાવીને નીકળી. વેશ્યાએ પણ વીચાર્યું કે પાણીપોશીને બંધ કરીશ, અને પિંડ ભેળવવા તેને કોઈ પુરૂષ સોંપીશ તો આપઘાત કરી પ્રાણ આપશે તો મને નાહક પૈસાના તથા સીપાઈના ફાંસામાં આવવું પડશે તેમ ધારી ચુપચુપ ઘરમાં પેસી ગઈ. શીલવંતી નીકળી

નગરમાં ફરતાં ફરતાં શ્રી દત્ત નામે શેઠના ઘર આગળ આવી છે તેને દુઃખી તથા એકલી નિરાધાર જાણી શેઠે બોલાવી આદરસત્કાર કરી તેની આવી દશા કેમ થઇ તે પૂછયું. ત્યારે બધી વાત કહી પણ રાજાની પુત્રી તથા રાજપુત્રની વહુ છે તેવી વાત ન કહેતાં વહેવારીયાનું નામ દીધું. શેઠ પણ તેની કરૂણારસિક કથા સાંભળી કહેવા લાગ્યો કે જેનું મોહું ભાગ્ય છે તેના ઘેરેજ કુળને પવિત્ર કરનારી સતિ જન્મ લે છે. બંને પક્ષના કુળના કલંકને તથા પાપને નાશ કરનારી તેવી ઉત્તમ કન્યાઓજ છે.

ભુજંગી.

વળી શીલ જો પાળતાં દુઃખ આવે,
કીધાં દુષ્ટ કર્મો પ્હેલાં એ જણાવે;
નહીં સાચને આંચ તો લાગનારી,
સતિ પૂજ્યે પામવા સુખ ભારી.

પતંગનો રંગ ઉડી જાય પણ મજીઠનો લાલચોળ રંગ કદાપી ઉડી જતો નથી. તેમ અધમ સ્ત્રી કદાચ કષ્ટથી કંટાળે પણ સતિ સ્ત્રી કદાપી શીલ પાળવામાં દુઃખ આવતાં ધીરજ છોડતી નથી. જેમ રેશમની ગાંઠ છુટે નહિ, પટોળીપર પડેલી ભાત કપડું ફાટતાં સુધી પણ નીકળે નહિ, તેમ સતિ પ્રાણ ત્યાગતાં સુધી પણ શીલ મૂકતી નથી. દોરી બળી જાવ તોપણ આમળો મૂકતી નથી. ચંદન ઘસાઇ ચુરો થઈ બળીને પણ સુગંધી છોડતું નથી. તેમ સત્યવાદી સાચને છોડતા નથી. ઘેર ઘેર ભટકનારી, દુખમાં કંટાળનારી, કુશીલને સેવ-

હતો તે પોતાને મળેલું અપાર ધન પરમાર્થમાં વાપરીનેજ સાર્થક માનતો હતો અને ગરીબ અનાથનો વાલી હતો.

લક્ષ્મીવતી નામની સ્ત્રી પુત્ર વિના પૈસો તથા રિદ્ધિ છતાં દુઃખ માની પુત્ર પ્રાપ્તિ માટે તેજ યક્ષ મંદિરમાં આવી સેવા કરતી હતી. ફળફુલ ચડાવી નમસ્કારપૂર્વક અંતે એજ માગતી હતી કે હે દેવ ? પુત્રીપર પ્રસન્ન થઇ તે પુત્ર આપો. આ પ્રમાણે રોજના ધારા પ્રમાણે જ્યારે યક્ષ દેવને પૂજવા માટે ફુલ લેવા વાડીમાં ગઇ ત્યારે એક પણ શ્રેષ્ટ ફુલ સાંપડયું નહિ. તે વીચારતી હતી કે તાજાં ફુલ કયાં ગયાં ? તેવામાં પુષ્પનો પુંજ તાજો નજરે પડયો જેથી ત્યાં જઈ ફુલ લેતાં ફુલમાંથી પુંડરીક કમળ જેવો તેજસ્વી બાળક તુર્તનો જન્મેલો મળી આવ્યો જેથી દેવે પ્રસન્ન થઈ વિના કષ્ટેજ સાક્ષાત પુત્ર આપેલો માની તેનો ઉપકાર હૈયામાં ધારતી કપડામાં બાળકને ગુપચુપ વીંટાળી દેવને નમસ્કાર કરી ઘેર આવી શેઠને કહ્યું. શેઠે પણ સમયસુચકતા વાપરી વધાઇ તથા વાજાં વગડાવી કહ્યું કે ગુપ્તપણે શેઠાણીને ઘરમાં ગુપ્ત ગર્ભ હતો તે દેવ કૃપાથી પ્રસવ્યો છે તેમ ઘણુ દાન દેઈ ગરીબોને તથા ભાટચારણોને સંતોષ્યા તથા તે બાળકની બાર દીવસ સુધીની જન્મ મહોત્સવ ક્રીયા કરી સુર્ય ચંદ્રનાં દર્શન કરાવી છઠે દીવસે ધર્મ જાગરિકા કરી, સ્ત્રીઓને હરખ ઉપજાવ્યો. બારમે દીવસે ગુચી કરાવી તથા સૌ સગાંવહાલાં, મિત્ર, નાતિજાતિ કુટુંબને જમવા બોલાવી તેનું રત્નગુપ્ત નામ પાડયું. આ પ્રમાણે શેઠ શેઠાણીને પુત્ર મળવાથી અને દીન અનાથ

અપંગોને દાન, માન, આશ્રય મળવાથી સૌને આનંદ વર્તી રહ્યો હતો અને તે પુત્રના પનોતાં પગલાંથી શેઠાણીને ગર્ભ રહ્યો જેથી તેના ઉપર ચાહ સૌનો વધતો ગયો તેમ તે પુત્ર પણ બીજના ચંદ્રની કળા પ્રમાણે દીવસે દીવસે તેજસ્વી થવા લાગ્યો તે પ્રમાણે રમાડનારને આનંદ આપતો હૃદયમાંથી ઘડી પણ ન વીસરાતો બાળક પાંચ વરસનો થયો ત્યારે લાડકવાયા પુત્રને ભણુવા નિશાળે મોકલ્યો. બાળક પણ ગુરૂને તો સાક્ષી માત્રજ રાખી ભાષા, ગણીત, છંદ, લેખાં, સંસારીક જ્ઞાન પ્રાપ્ત કરવાની સાથે ધર્મ શાસ્ત્રમાં પણ તેની વિશાળ બુદ્ધિ પ્રવેશ કરવા લાગી તથા ભણુવાના વખ્ત શીવાય રમવા જતા બાળ ક્રીડામાં છોકરાઓમાં પોતેજ રાજા બની ગામ વિગેરે બક્ષીસ આપવા લાગ્યો. દુષ્ટોને ત્રાસ દેખાડવા લાગ્યો. પછી લાડકવાયા નાનકડાનો લગ્નનો લાહવો લેવાને નવ વરસનો થતાં પરણાવી દીધો અને યોગ્ય ઉમર થતાં પરણેલી બે શેઠની બે કન્યા સાથે ધર્મ અર્થ સંસાર સુખ યોગ્ય વખતે અનુભવી આનંદ પામવા લાગ્યો.

શ્રીષેણ રાજા આ નગરીમાં રાજ કરતો હતો. તેણે એક જોશી ત્યાં આવેલો જોઈ પોતાની રાજકન્યા કોને વરશે તેવું નમીને પૂછતાં તેણે કહ્યું કે શીલવતી સતિનો નાથ તેજ તમારો પણ જમાઇ થશે. અને તે મહીમાવંત રાજપુત્ર સવા વરસે અત્રે આવશે. તે સાંભળી આનંદ પામી તે જોશીને ઘણુ ધન આપી સંતોષ્યો. એક દીવસે તે રાજાની સભામાં પોતાનો

[illegible] આવી કહેવા લાગ્યો કે [illegible] રહેલી [illegible] [illegible] એવું યોગ્ય થઈ લડવા માટે આવે છે માટે તૈયારી કરો. [illegible] સાંભળી ગભરાઈને [illegible] [illegible] રાજા હારી ગયો અને નાસી [illegible] અને પોતાની [illegible]

[illegible]

સ્થાનો આશરો, ત્યાં ગર્ભ પ્રગટ્યો, પુત્ર જન્મતાં બારરત્ન તેના મુખમાંથી નીકળ્યાં, એકલો મુકી નફાવા જતાં વેશ્યાએ બાળ મરાવા દાસીને સોંપ્યો, દાસીએ કામદેવના મંદીરમાં મૂક્યો ત્યાંથી દેવસહાયથી શેઠના ત્યાં ઉછર્યો, રાજાને મદદ કરી બહાદુરી બતાવી, પાંચ ગામની બક્ષીસ, શેઠને નવો થયેલો પુત્ર રત્નગુપ્ત નામ પડ્યું, વિગેરેમાં સમજવાનું એ છે કે એ પુણ્યની પ્રબળતાથી આશ્રય આવી મળે છે, તથા સતીને વેશ્યાનો ઝઘડો, તેનું શીલ રાખવા નીકળી જવું, બીજા કોઇ ધર્મી શેઠનો મળેલો આશ્રય ત્યાં ધર્મનું આદરવું, તપશ્ચર્યામાં તથા જિનપૂજા ગુરૂ સેવામાં દાન દેવામાં તત્પર થવું, તથા પુત્ર ગામમાં છતાં પણ પૂરૂં પુણ્ય પ્રગટ થયેલું ન હોવાથી ફક્ત નામ સાંભળીને પણ આનંદ પામે છે. જોશીએ રાજાને પુત્રીનો વર શીલવતી પતિ શ્રેષ્ઠ રાજપુત્ર મળવો કહેલો જાણી આનંદ થયેલો છે. આમાં પણ આખરે શીલવતીનું સતિત્વ ઉદય આવી સારૂં ઠેકાણું મળી ધર્મ થાય છે અને પુત્રનું પુણ્ય પણ પુર્વનું પ્રત્યક્ષ દેખાય છે કે જ્યાં જાય ત્યાં શ્રેષ્ટ કાર્ય કરી માન પામે છે.





પ્રકરણ છઠું.

પતિનો શીલવતી સાથેનો મીલાપ.

દોહરો.

સર્વ રિદ્ધિ ને સંપદા, પામે નર ભરપૂર;
ગોડીશ્વર ધિંગો ધણી, જેણે રાખ્યો ઉર.



જેની સેવાથી ચિંતામણી રત્ન સમાન ઈચ્છાનું પૂરાવું તથા કામવલ્લી માફક કીર્તિનું વધવું થાય છે, તથા સરસ્વતી દેવીના પ્રસાદથી વચનમાં રસ આવે કે સાંભળનારને હૈયામાં રૂચે તેમ સદગુરૂના આશ્રયથી સંસાર સમુદ્ર તરાય છે. તેથી તે સર્વને નમસ્કાર કરી તિલકવિજય ગુરૂને સ્મરણ કરી નેમવિજય આગળ અધિકાર કહે છે.

શીલવતીનો પતિ ચંદ્રગુપ્ત ભરૂચમાં બેઠેલો નવ સ્ત્રીઓ સાથે સંસાર સુખ ભોગવતો દીવસ ગુજારે છે, તેવામાં એક દિવસ મહેલમાં બેઠે બેઠે શીલવતી યાદ આવી. જેથી વિચાર્યું

કે હવે તેની ખબર લેઈ પ્રગટપણે તેની સાથે પ્રેમ બતાવી તેને સુખી કરૂં. કહ્યું છે કે—

ભુજંગી.

કહી સ્નેહ જો હોય તો ચિત્તમાંહી,
સદા સાંભરે સેજમાં નિંદ નાંહી;
ભલે જો ફરે રાન કે અન્ય દેશે,
ઉરે આવતાં જીવ તો ત્યાંજ રે'શે.

ચંદ્રગુપ્તને પણ એક વખત શીલવતી નામ યાદ આવ્યું કે તેના સદ્ગુણો હરઘડી યાદ આવી તેના વિના તેને સઘળું શૂન્ય લાગવા માંડયું. જેનામાં ચિત્ત લાગ્યું તેનું નામ પણ પ્રથમ હર્ષ ઉપજાવે છે, તેને પણ તેમજ થયું.

દોહરો.

મન મળ્યાં તન ઉલ્હસ્યું, ખીલ્યાં નયન ચકોર;
અધરે આતુરતા કરી, કરતો મદન અઠોર.

પણ નામ સાંભળવાથી આનંદ શરૂવાતમાં થયો, પણ ત્યાર પછી તે સુખ આપનારી સતિ પાસે ન હોવાથી ખાવું પીવું તથા ઇચ્છિત વસ્તુના ઉપયોગમાં સ્વાદ મળવો દુર્લભ થઈ પડયો. શું ઓછાશ પડે છે એમ વિચારની નવે સ્ત્રીઓ તેની આજ્ઞા ઉઠાવી સેવા કરવા તૈયાર હોવા છતાં પણ સુખ કે સંતોષ તેને મળતો નહોતો. રાજદીવસ ઠીકઠરનીઓ દેવામાં આવતી હતી પણ તેને નજરે ન દેખવાથી આખાપણ ઉપર પણ અરૂચી થઈ ગઈ. એથી સ્ત્રીઓએ [illegible] ઠીકઠરની

હકીકત કહી; તેમ ત્રિલોચનાને તેના પિતા પાસે રજા મોકલી. વિનયી પુત્રીનાં મધુર વચનમાં પણ વિદેશ વાત સાંભળી પિતા માતાને અધિક ઉદાસી થઈ પણ પુત્રી સાસરેજ શોભે તેમ જાણી તેને શીખામણ આપવા માંડી કે—

દોહરો.

દ્રવ્ય ખરચી શુભ ક્ષેત્રમાં, કરજે સ્વામી સેવ;
સાસુ સસરો સેવજે, માની તેને દેવ.

ભુજંગી.

જહું ત્યાં મળે કંથની અન્ય નારી,
કુડા દ્વેષથી થાય ત્યાં ક્લેશ ભારી;
સદી સંકટો ચાલજે ચાલ સારી,
વધે આબરૂ દૂર એકે હમારી.

આ પ્રમાણે શીખામણ આપી ૬૦૦૦ હાથી, ૭૬૦૦૦ ઘોડા, અઢળક દ્રવ્ય તથા વિના ગણત્રીનું પાયદળ આપી સતીબ્યા-કુમારે પણ શુભ મુહુર્તે પ્રયાણ કરી ચાલવા માંડયું. ત્યારે ત્રિલોચનાનાં માતપિતા છેટે દૂર લગી આંસુ લાવી [illegible] આવ્યાં. કુમારે રસ્તામાં આવેલા ભૂપતિઓને પ્રણામ કરાવી પોતાના પ્રતાપથી નમાવી તેમની બેટીને અંગીકાર કરી પોતાના દેશની સીમમાં આવી પિતાને સમાચાર મોકલી જ-ણાવ્યા, પિતાએ પણ પુત્રને યોગ્ય આવતો સાંભળી તથા વિદેશમાં વિજય મેળવી રિદ્ધિ પરિવાર સાથે આવેલો જાણી મોટી ધામધુમથી તેને નગરમાં લાવવા આરંભ કર્યું. ઘણે વરસે પિ-

પાના રાજાનો વારસ વિજય મેળવી આવેલો જાણી નગરના લોકને પણ હર્ષની બાકી નહોતી; તેથી તેમણે પણ હાટ ઘર શણગાર્યા, ઠામ ઠામ તોરણ બંધાયાં, જરી અંબેરાતનાં વસ્ત્ર પથરાયાં, સોહાગણ સ્ત્રીઓ મોતીઓથી વધાવવા લાગી. કુમાર પણ ધામધુમથી આવ્યા છતાં પણ મિત્રો સાથે સુખદુઃખની વાત કરવાની છતાં પણ પ્રથમ માતપીતાને વિનયપૂર્વક નમ્યો. આ વખતે આખા શહેરમાં આનંદ ઓચ્છવવર્તી વાજાં તથા મંગળીક ગીતો ગવાયાની ધામધુમ થઈ રહી હતી. સઘળાંનું ચિત્ત કુમારને જોવા તથા ધામધુમની મજા જોવામાં લાગ્યું હતું. માતપિતાને પુત્રની રિદ્ધિ તથા નવી વહુઓને આદરસત્કાર આપવામાં મન લાગી રહ્યું હતું, ત્યારે ચંદ્રગુપ્તને તો પોતાની વહાલી શીલવતીની શોધનુંજ કામ હતું તેને અંતઃપુરમાં જઈ પૂછયું તેમ આજુબાજુ તપાસવા લાગ્યો, પણ ત્યાં કંઇ સમાચાર મળ્યા નહી તેમ તેને નજરે પણ જોઈ નહિ. તેથી તેને મનમાં વીચાર આવ્યો કે અત્રેથી સગાંના કંટાળાથી ક્લેશ પામી પીયર ચાલી ગઈ હશે. તેવામાં એક ખુણામાં શીલવતીની દાસી ચુપચુપ બેઠેલી રડતી ઉદાસ ચેહરે જોવામાં આવી. તેની પાસે જઇ પોતાની પ્રિયતમાના સમાચાર પૂછ્યા. ત્યારે શીલવતીનું દુઃખ જે નજરે જોયેલું, તિરસ્કારો સાંભળેલા યાદ આવતાં પોતાના અંગ ઉપરજ વેહાવાની માફક તે દાસીનું હૈયું ભરાઇ આવ્યું અને રોતી રોતી ગદગદ સ્વરે તે શીલવતીના સમાચાર સઘળા ચંદ્રગુપ્તને કહ્યા. ગર્ભપ્રવેશથી માંડીને ગર્ભ પ્રગટ થયા પછી કલંકિણી, દુરાચારિણી વિગેરે કહી મા-

રવાને સાપ પકડાવ્યો તે ફુલની માળા થતાં વિષ ખવડાવી તે અમૃત થતાં અનેક ઉપાયો કરવા છતાં મારવાને બદલે તેજ વધતું જોઇ કપટી કહી સ્ત્રી ચરિત્રવાળી દુ:શીલ આચરનારી કહી અપમાન આપી સસરાને પરાણે હા પડાવી કાળા વેશે લોકની અરજ કે શીલવતીની કશી વાત ન સાંભળતાં સુભટે સાથે પીયર તરફ મોકલાવી. તમારી આપેલી નિશાનીથી જરા વાત સાચી મનાત, પણ પોટલીમાં નવાં દિવ્ય આભુષણ વસ્ત્ર જોઇ તેની લાલચમાં કુકર્મ કરાવ્યાનો દોષ મૂકયો, તથા જતી વખતે હૃદયને વિધીં નાખે તેવાં મર્મ વચન કહી ત્રાસ પમાડી બુરા હાલે અહીંથી કાઢેલી છે. એક એક શબ્દ સાંભળતાં કુમારને રૂંવે રૂંવે ક્રોધ વ્યાપતો હતો તથા શીલવતીને પડેલ દુ:ખથી કાળજું વીંધાતું હતું, તેથી જેમ તેમ સઘળી વાત સાંભળી એકદમ માતાપીતા પાસે જઈ કહ્યું–મારી સ્ત્રી મને મેળવી આપો; નહિ તો હું તેના વિયોગમાં અગ્નિમાં બળી આપઘાત કરીશ. જેથી માબાપ બોલ્યાં કે તે પાપિણીનું નામ મૂકી દો તેનાથી પણ શ્રેષ્ટ રાજકુમારી તને પરણાવું. કારણકે તેનું નામ સાંભળતાં તેણે કરેલા કુકર્મથી લજ્જા આવે છે જેથી નિરાશ થઈ માતાને ઠપકો દેવા લાગ્યો કે હે માતા—

ભૂજંગી.

સતિ વાત ના સાંભળી આળ દીધું,
થવા સાચી તેણે આપ્યું વિષ પીધું;
તો એ દુ:ખ દેવા તેને બ્હાર કાઢી,

અરે માત તારી બુદ્ધિ ક્યાંય ગઈ,
શી ટેવ આવી બીજાને દુઃખવી,
કરી આવું આપને તો અજાણ્યો,
કરી દુઃખ સહાવે દેવે તે અન્યાયી,
અરે તાત દીલે દયા કેમ નાવી.
અરે હું હતો મૂર્ખમાં મંદ બુદ્ધિ,
ગુણોને વીચારી નહિ લીધી શુદ્ધિ;
તમે માત પિતા હતા અજાણ્યા,
કરી ભૂલ તેથી થયા અજાણ્યા.

હે માત પિતા! હવે હું શું કરીને ધીરજ ધરૂં. તમે તેને કંઇ પણ ખરી ખાતરી કર્યો વિના કે મને પૂછયા વિના તેને બહાર કાઢી એકને દગો દીધો ત્યારે બીજાને શું સુખ આપનારો થયો! તે ગરીબડી સતીને પરણીને શરૂઆતથી મેં મંદ બુદ્ધિએ દુઃખ દીધું, પાછળથી તમારો આશય તેને હતો તે તમોએ તીરસ્કાર કરી કલંક દેઇ રાત્રે કપટે બહાર કાઢી. તે ગર્ભવંતીના શું બુરા હાલ થયા હશે? અરેરે! તમે કોઇપર કટક શા માટે ચલાવ્યું? રાજકુમાર જે ભોળા દીલનો હતો તેને મૂર્છા પામતો જોઇ માતા સચેતન કરી દીલાસો આપવા લાગી, તોપણ જે પ્રથમ શીલવતીના ગુણો વીસરી જતા તે હવે વારંવાર યાદ આવતા હતા. ત્યારે તે બોલતો હતો કે શીલવતી હવે તું કેવી રીતે મળીશ? ત્યારે આગે બાળેલાં ઝાડોને કેવી રીતે કુંપળ ફુટશે? એમ કહી તાત તેને દીલાસો

આપવા લાગ્યો. તોપણ માતપિતાના દીલાસાને ધ્યાનમાં ન આણતાં હાથ જોડી કહેવા લાગ્યો કે,—

દોહરા.

માત તાત મુને દીઓ, આગ્ના જવા વિદેશ;
વાટ ન જોશો માહરી, ખબર ન લેશો લેશ.
માત ન જાણો જનમીઓ, પિતા ન કે'શો પુત;
નારી ન જાણો નાથકું, કોઈ ન લેશો શુદ્ધ.
ક્યાં હાં નવ શોધતું, હૃદય વાસિણી શુભ;
સજ્જન વિણ શું સુખ મળે, પાડું ક્યાં જઈ બુમ.

એમ કહી ફેરથી બોલ્યો કે:—

ગુણ અવગુણ જાણે નહિ, ધિક ધિક માનવ દેહ;
શોધે તેની જવું ખરે, હોકટ દીધો છેહ.

એકલોજ કોઈનો સાથ કર્યા વિના, કોઈની વીનંતી કર્યા કર્યા વીનાજ સતિ શીલવતીની શોધમાં જવા નીકળ્યો. તે વખતે [illegible] તેને રાખવા અશક્ત થઈ પડ્યાં. કુમાર ચાલતાં ચાલતાં [illegible] જ્યાં [illegible] શીલવતીના સમાચાર લોકને પૂછ્યા. ત્યાં [illegible] શીલવતીના [illegible] શીલવતીના [illegible] [illegible]

કહ્યું કે એવી દુષ્ટ આચરણ આચરેલી મારી પુત્રી વિના તમારે શું અટકી પડ્યું છે? કારણ કે તમારા માતપિતાએ તેને કાળે કપટે અહીં કલંક ચડાવી મોકલી, તે સરોવર ઉપર આવી અમને કહેવરાવ્યું પણ તમારા પિતાના ડરથી કલંક ચડેલી તે અમે કેવી રીતે રાખીએ? અને તમારે પણ તેના વિના પણ ઘણી નવી પરણેલી સુંદરીઓથી સુખ મળશે માટે તેની મમતા મુકી દો અને નવી નારી પરણો. ત્યારે રાજકુમાર બોલ્યો કેઃ—

દોહરા.

પ્રાણથકી વહાલી અતિ, તે મુજ નવ વીસરાય;
તે વિના શું જીવવું, પળ પણ ના છોડાય.
સતિ ગુણથી શોભિતી, દીધું વ્યર્થ કલંક;
સાસુ સસરો કાઢતાં, ખરે દુઃખી એ રંક.
વ્હાલી જન્મ આપતાં, આવી આશરે આંહી;
વાત તુમે નવ સાંભળી, કાઢી તેને કયાંહી.

જેથી માતા પિતાને શીલવતીના સદગુણો કુંવરની પાસે સાંભળી પસ્તાવા સાથે આનંદ થયો. તેથી રાજા કહેવા લાગ્યો કે અમે ખરેજ નિર્ભાગી છીએ કે તે પરણ્યા પહેલાં સદા વિનયથી વર્તી અમને સુખ આપનારી થઇ હતી તથા પાછળથી લોકો મારફતે તેની સત્ય વાત સાંભળવા અમને ઘણું કહ્યું હતું. પણ અમે ફક્ત કાળાવેશથી કંટાળેલા તેની વાત સાંભળવા વિના કાઢી છે એમ કહી રાજકુમારને દીલાસો આપી

[illegible] થાય છે? જ્યારે તે બરોબર જાગ્યો ત્યારે લોકો નમસ્કાર કરી કહેવા લાગ્યા કે અમારા નગરનો શ્રીપેણ રાજા ઘણુ દિવસથી પુત્ર વિના મરણ પામ્યો છે તેથી મંત્રીની સલાહથી પંચદિવ્ય પ્રગટાવીને ત્રણ દીવસથી ફેરવીએ છીએ; [illegible] અમારા મનોરથ પૂર્ણ થયા છે માટે આપ ગજ ઉપર બેસો. [illegible] નારીઓ મંગળીક ગીત ગાવા લાગી. વાજીં

આપ્યા પછી માતાને રત્ન મળ્યાં હશે તે રત્નના સ્થાને તેની શોધ થશે તેમ ધારી ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે રાજાને રત્નની જોડી જોઇએ છે માટે પોતાની પાસે જે રત્ન હોય તે લઇ આવવાં. તેથી પોતાની પાસે એક છે તેનું બીજું શોધી લેશે. રાજાના હુકમ પ્રમાણે સૌ લોકો પોતાના ઘરમાં જે રત્ન હતાં તે લઈ ગયા પણ તે જોડી મળી નહીં, જેથી રાજા ઘણો ઉદાસ થયો. તેના મનમાં આવ્યું કે સ્ત્રી આ નગરમાં નથી. જો હોત તો રત્ન આવ્યા વિના રહેત નહીં; જેથી ગામમાં બે મોટા શેઠ જેમાં શ્રીદત્ત શીલવતીનો પાળક પીતા હતો અને પદ્મદત્ત જે રત્નસુંદરીનો પાળક પિતા હતો, તે બંનેને બોલાવી કહ્યું કે આ રત્નની જોડ લાવો નહીં તો તમારો કાળ આવ્યો સમજજો; તોપણ રાજાને શાંત પાડવા કહ્યું કે અમે ગમે ત્યાંથી તેની જોડ લાવી આપીશું એમ કહી તેઓ ઉઠયા. મનમાં વીચારતા હતા કે રાજા આપણું ધન લેવાને ઇચ્છે છે. એમ ધન મગાય નહીં અને જો જોડીનું રત્ન ન મળ્યું તો પ્રાણ લેવાની ધમકી આપી ધન લઇ લેશે. વળી રાજાએ પણ કહ્યું હતું કે ભલે ગમે તેટલું દ્રવ્ય માગે તોપણ રત્ન લાવજો. આ પ્રમાણે રાજાનો હુકમ થયાથી શ્રીદત્ત શેઠ ઘેરઘેર જઈ ઝવેરીને પૂછે છે કે ભાઇ કોઇ પણ રત્ન હોય તો બતાવો, ભલે તમારી ખુશી હોય તે કીંમત લો. અનેક રત્ન દેશપરદેશનાં ત્યાં આવેલાં જોયાં પણ તેની જોડી મળતી નથી જેથી ઉદાસ થઇ ગયો છે તેથી અન્ન પણ ભાવતું નથી, વાત પણ

કરવી ગમતી નથી; જેથી શીલવતી પાળક પિતા પાસે આવી કહેવા લાગી કે આપને શું સંકટ આવ્યું છે તે કહો, તેથી શેઠ બોલ્યો કે–

દોહરો.

પર્વત સમ દુઃખ આવીઉ, સહી તે કેમ શકાય;
જોડી રત્ન મળે નહિ, આખર પ્રાણુજ જાય.

જેથી શીલવતીએ પુત્રના જન્મ વખતે મેળવેલાં બાર રત્નમાંથી એક લાવી આપ્યું જેથી જોડી મળી ત્યારે શેઠને હિંમત આવી હર્ષ થતાં બોલી ઉઠયો કેઃ–

દોહરો.

આશા પૂરી અમતણી, ચિંતા ટાળી આજ;
દીકરી જીવો સુખમાં, રહે સુર્યને રાજ.

જેથી મન ગમતું દ્રવ્ય હવે મળશે તેમ ધારી સર્વ વહેવારીયાને બોલાવી સાથે લેઇ રાજા પાસે ગયો. રાજાએ પણ રત્ન જોડી મેળવી હર્ષ પામી તે રત્નને લીધું. શેઠને દ્રવ્ય આપી સંતોપી કર્યો. સૌ ઘેર ગયા. બીજે દીવસે પાછો ઢંઢેરા પીટાવ્યો કે પરદેશણ સુવાન જેના ઘરમાં હોય તેણે રાજાને જાહેર કરવું. તેના મનમાં ઉમેદ હતી કે રત્નની આપનાર શીલવતીજ મળી આવશે. હવે ગામમાં ઢંઢેરા પીટાતાં સૌ માંહોમાંહે વીચારવા લાગ્યા કે ભાઈ રાજનો હુકમ બરોબર પાળજો નહિ તો વ્યર્થ પ્રાણ જશે, અને વળી રાજા કહે છે કે જે પરદેશણ રાજા પસંદ કરશે તેના વાલીને વાંચ્છિત દ્રવ્ય મળશે; જેથી સૌ

લોક પોતાના ઘેરે જે દાસી વિગેરે આવેલ તે બતાવી આગળ પણ રાજાને કોઇ પણ પસંદ ન આવી. શીલવતીના પાલક પીતા શ્રીદત્તને લાગ્યું કે કોઇ દુષ્ટે આશા ઘરની ખુબી વાત રાજા આગળ કહી મારી લાજ લેવા વીચાર કર્યો છે જેથી એથમ જ રાજા આગળ જઇ કહ્યું કે હે મહારાજ, પરદેશથી કોઇ બેન, ભાણેજ દીકરી આવી હોય તેને કેવી રીતે લાવીએ? તેના મનમાં હતું કે રાજા ના પાડશે પણ રાજાએ તો કહ્યું કેઃ—

પરદેશીને ઓટકી, પાલક આદુરી હોય;
તે લાવો તમ મુજ કને, રખે ભૂલતા કોય.

જેથી વધારે ઉદાશ થઈ શેઠ ઘેર આવ્યો. તે વખતે ગામ-માં વાત થતી હતી કે આ લોક રાજ હુકમ પ્રમાણે જઇ આ-વ્યા પણ રાજા કોઇને પસંદ કરતો નથી. જેથી શ્રીદત્ત એકલોજ બાકી રહેવાથી પોતે સાથે વહેવારીયાઓને લેઇ ગયો અને રાજાને ખુલ્લેખુલ્લું કહ્યું કે હે મહારાજ? આપને જો અમારી લક્ષ્મી જોઈએ તો ભલે લઈ લો, પણ અમે તમારી પ્રજા તેને ત્યાં રહેલી કે આવેલી દુઃખવાળી સ્ત્રીને અમે આશ્રય આપી દીકરી કરી રાખી હોય તે કેવી રીતે આપીએ? પરસ્ત્રીના તો આપ રક્ષણ કરનાર છો એમ અનેક પ્રકારે શીલવતીને રાખવા રાજાને સમજાવ્યો પણ રાજા તો હઠ પકડી બેઠો હતો જેથી મહાજનને ચોખ્ખું કહ્યું કેઃ—

અહીં લાવો જલદી તમે, પરદેશી જે નાર;
હાંસી અહીં જાણો નહીં, ફોગટ દુઃખ ખમનાર;

સસરો સતાની કાળે વેશે, હું પીયરમાં મૂકાણી; ંહા.
સઘળે ઠેકાણે અપમાન પામી, આવી ડુંગરની પાસે,
સુકી નીશાની શિલા હેઠે, રાણી શ્રીહસ્તે ઉદ્ધારસે; ંહા.
કુપા નાઠા પીયુજી મારા, ગઢક્યા તમે લીધા,
અવગુણમાં નથી કંઈ અધુરા, દગા અમોને દીધા; ંહા.

હે નાથ! તમારા ધ્યાનમાંજ મારા દીવસ રાત્રિ પૂરાં થયાં છે પણ નવી નવી નારીના નાથ થવાવાળાને કેવી રીતે યાદ આવું?

હું શું વધારે કહું? અહીં નદી કીનારે પરદેશી તરીકે આવી ત્યારે વેશ્યાએ દીકરી કરી ઘેર આણી. પ્રથમથી તો કોઇ ભાગ્યવાન શેઠાણી જાણી પણ તેના ઘરના આચરણ જોઈ વેશ્યા જાણી, પણ આશ્રય વીના ગર્ભવંતીને જવું ક્યાં? તેથી ત્યાં બાળકને જન્મ આપ્યો. બારમે દિવસે વેશ્યાને બાળ સોંપી ન્હાવા ગઈ. વેશ્યાએ દુષ્ટ બુદ્ધિથી મને તેના જેવી દુરાચરણી કરવા બાળકને મરાવા દાસીને સોંપ્યો. તે ઉમા વેશ્યાનું કપટ નદીપર નહાતાં વડનાપર બેઠેલા વાંદરાએ કહેતાં ગભરાતી ઉતાવળી ઘેર આવી, પણ બાળક ન દીઠો અને તેની સાથે પુત્રની ખટપટ થઇ, તથા તેનું દુષ્કૃત્ય તથા કુચાલથી કંટાળી હું એકલી આવી શેઠને ત્યાં રહી. એમ રોતી રોતી પીયુને ઓળંભા દેતી હતી. વહેવારીયા પણ આશ્ચર્ય પામી ગયા, બંનેને ધણી ધણીઆણી તરીકે ઓળખ્યાં તેથી સૌ આનંદ પામ્યા. પણ પુત્ર વિના સઘળું અંધારૂં હતું જેથી ઉમા વેશ્યાને રાજ-

એ તુર્ત બોલાવી મંગાવી અને પુત્ર માગ્યો. વેશ્યા તો રાજાનો હુકમ આવતાંજ કંપવા લાગી જેથી આવી રાજા આગળ બોલી કે હે મહારાજ! મેં દુષ્ટાએ તો દાસીને મારવા આપ્યો હતો. તમારાં પુણ્ય હશે તો જીવતો હશે; જેથી દાસીને બોલાવી. દાસીએ હર્ષ પામી કહી દીધું કે મેં માર્યા વિના કામદેવને દહેરે મૂકેલો હતો. જેથી વેશ્યાનાં નાક કાન કાપી ગામ બહાર કાઢી મૂકી અને દાસીનું દાસપણું દૂર કરી સારૂં ઇનામ આપી ખુશી કરી. હવે વસુદત્તને બોલાવી માન આપી પૂછ્યું કે તમારે પોતાના પુત્ર કેટલા છે તે સાચું કહો? જેથી માતા પિતા રાજા ગુરૂને દેવ આગળ સત્યજ બોલવાની નીતિ યાદ લાવી તથા જુઠું બોલતાં પકડાતાં પ્રાણ જવાના ભયથી સાચું કહ્યું કે મારી સ્ત્રીને પુત્ર ન હોવાથી કામદેવના દેહરામાંથી એક દીવસ પૂજા કરવા જતાં ફુલના પુંજમાંથી એક પુત્ર મળી આવ્યો છે જેના પગલાંથી મારે ઘરે બીજો પુત્ર જન્મ્યો છે. જેથી રત્નગુપ્ત કુમારને બોલાવ્યો. રત્નગુપ્તે પિતાને ઓળખી પ્રણામ કર્યો, તે વખતે લોકને રાજાએ પૂછ્યું કે તે મહાપુણ્યશાળી છે. તેના ગુણ હું શું કહું તેના માતપીતાને ધન્ય છે. એમ લોકે કહ્યા પછી પુત્ર તેની સાચી માતાને પાછો સોંપ્યો. રાજાએ પ્રેમે પાંચ ગામ બક્ષીસ કર્યાં. આ વખતે માતા પિતા પુત્ર ત્રણે જણે મનમાં આનંદની સીમા રહી નહોતી. રાજાએ પણ તેઓને [illegible] [illegible] પુરૂષોને પ્રેમપર કાયમ કર્યો, દીવાન વગેરે [illegible] તથા વસુદત્તને નગરશેઠ વગેરે ઠરાવ્યા, તથા વસુ-

અને ત્યાં પણ દાસદાસીને તથા દીકરીના પુત્રને પણ ઘણાં
પ્રેમ બતાવ્યાં.

આ પ્રમાણે ચંદ્રગુપ્ત રાજા તેના ઉપકારનો બદલો વાળી રાજ સભામાં બેઠો. તેવામાં એક દીવસ ભીમસેન રાજાનો દૂત રાજ દરબારમાં આવ્યો હતો તેનો દૂત આવી કહેવા લાગ્યો કે હે નરવર! ભીમસેન રાજા આપને સલામ કહી કહેવરાવે છે કે તેની પાડોશમાં પલ્લીપતિ દશરથ રાજા અને બહુરૂપ છે તેઓ ભીમસેન રાજાની આજ્ઞા માનતા નથી, માટે તેમની સાથે લડવા જતાં આપની મદદ માગે છે. તેથી ચંદ્રગુપ્તે તેનું વચન માની લડવાની તૈયારી કરી. બે પલ્લીપતિ પણ ભીમસેન સામા લડવા આવ્યા. સુભટો લડવામાંજ મરણ માની હાથમાં આવ્યું તે હથીયાર ગ્રહી પરસ્પર જોરાજોર મારવા માંડયા, હાથીઓ ગર્જારવ કરવા માંડયા, ઘોડાઓ હોંખારવા લાગ્યા, રથોના ઝણઝણાટ થવા લાગ્યા, બાણોના ટંકાર થવા લાગ્યા, મરેલા બાહુબળ બતાવવા લાગ્યા, પાકેલા ફળોની માફક ધડાધડ ને ફડાફડ ઘા લાગી તડાતડ શીર જમીનપર પડવા લાગ્યાં; પલ્લીપતિઓનું જોર ઘણું જોઇ ભીમસેનના સુભટો નરમ પડવા લાગ્યા. ત્યારે ચંદ્રગુપ્ત પોતે તલવાર લઇ સામો આવ્યો, ભયંકર યુદ્ધ થયું, લોહીની નદીઓ વહેવા લાગી, કોઇનો હાથ, કોઇનો પગ, કોઈનું ધડ, કોઈનું માથું પગમાં અથડાવા લાગ્યાં; કોઈ અધમુઆ થએલાં અશક્ત પડેલા ઉઠવાની શક્તિ નહીં છતાં મારો મારોના પોકાર કરી રહ્યા હતા. કાયરની

વિયોગમાં વિડંબના કરાવનારી જાણી તેની મમતા મૂકો; પરનિંદા પરિહરો; પરનિંદા એ પારકાના ગુણાનુરાગને હણી કજીઆ ક્લેશ વધારી દુર્ગતિમાં લઈ જાય છે, છકાયની રક્ષા કરો; યતનાથી ન વર્તતાં વિના કારણે અનર્થ દંડ કરનાર નરક નિગોદનાં દુઃખ ભોગવે છે; વાહાલાં વાહાલાં ગણી તેમની માયા જાળમાં લપટાઈ તેમના વાસ્તે કપટ કરનાર સ્ત્રીવેદ બાંધે છે અને માયા, મમતા, મોહની એ ત્રણે પાપનાં મૂળ છે તેમને નાશ કરો. શોભીતાં રત્નો પણ સહેજ વારમાં મળે છે અને પાછાં જતાં રહે છે માટે હોય તો મમતા ન કરો; ન હોય તો ખેદ ન કરો; સઘળું પૂર્વના પુણ્યને આધીન છે; પરદારા સેવવી તે પરલોકમાં દુર્ગતિ આપનાર અને આલોકમાં ધન શક્તિ અને આબરૂનો નાશ કરનાર છે. માતા, પીતા, સ્ત્રી, ભાઈ, કુટુંબ, કબીલો મિત્રને પોતાના માની તેને પોષવા કીધેલાં પાપ પોતાનેજ ભોગવવાં પડે છે અને સૌ સૌનો સંબંધ પૂરો કરી છુટાં પડી જાય છે; ઝાડપર રાત્રે મળેલાં પક્ષી સવાર થતાં દૂર ઉડી જાય છે, તેમ આ સંસારમાં મેળો મળી વીખુટાં પડે છે. ચાર ગતિમાં કીધેલાં પુણ્ય પાપ ભોગવવા લેણું દેવું ચુકાવવા સુખ દુઃખ દેવા ભેગાં થયેલાંમાં સ્નેહ ક્યાં સુધી ટકે? પોતાનું આયુષ્ય પુરૂં થયે સૌ છુટાં પડે છે. તેમ સમજી રાજાઓ પણ રાજકુટુંબ, રિદ્ધિનો મોહ છોડી અસાર સંસારમાં સારરૂપ ધર્મને સેવી અચળ સુખ લેવા વૈરાગ્ય પામી દીક્ષા લેઈ મોક્ષ પદવી પામ્યા છે. દીક્ષા લેઈ દુષ્કર્મો જે દુઃખને દેનાર છે તેમને દહન કરવા તપશ્ચર્યા

આદરે છે અને ઇંદ્રી કબજામાં લેઇ બાહ્ય અભ્યંતર રિદ્ધિ તથા ક્રોધાદિ પરિગ્રહની ગ્રંથી છોડે છે જેથી નિગ્રંથ કહેવાય છે. જે જિનેશ્વરનો ધર્મ આદરે છે તેજ મોક્ષ સુખને પામે છે આ પ્રમાણે રાજા, રાણી તથા સર્વ દેશના સાંભળી આનંદ પામી ચિત્તમાં તેનો વિચાર કરવા લાગ્યા. પછી ચંદ્રગુપ્ત રાજાએ શીલવતી સતિ છતાં શા માટે દુઃખ પામી તે પૂછતાં ભવ્ય જીવોના ઉપકાર માટે કેવળજ્ઞાનવડે તેના પૂર્વ ભવની કથા કહેવા માંડી.

ભરતક્ષેત્રમાં ભદીલપુરી નગરીમાં ધનદનામે રાજા રાજ્ય કરતો હતો, તેની પટરાણી પદ્માવતી સઘળી કળામાં પ્રવીણ હતી; તેની કુખે કામલતા પુત્રી જન્મી; તેને શંખપુરીના ધનંજય રાજા સાથે પરણાવી; તે બંનેનું જોડું કામદેવ રતિ માફક સંસાર સુખ ભોગવતાં હતાં; તે રાણીને હરિષેણા, ચંદ્રાવલી તથા મેઘમાળા ત્રણ સખીઓ હતી. તેમાં ચંદ્રાવલી સાથે કામલતાને ઘણી પ્રીતિ હતી. એક વખત તે શહેરમાં એક સાધવી ગુણના ધરા સમાન ઉત્કૃષ્ટ શીલની પાલનારી તપ જપ સંજમમાં પૂરી, ક્ષમાવંત ત્યાં આવી તેની પાસે કુમારી ભણવા ગઈ. જીવવીચાર, નવતત્વ, પ્રતિક્રમણ વિગેરે ભણાવતી સાધ્વીને હાંસીમાં ઉડાવનારી કામલતા વિવિધ પ્રકારે નિંદા કરી પાપનો પિંડ ભરતી હતી. તેની સખીઓ સાધ્વીની સેવા કરતી જોઇ તે કહેવા લાગી કે તે તો મહા કપટી છે, વેષને લજાવે છે, અને તેની સોબત કરનારી તમે પાપીણીઓ છો; એમ કામ-

ભાઇ સંયમ આદરી સારી રીતે પાળીને શીલવતીની કુખે પુત્રપણે ઉપન્યો. ગુણમાં ગંભીર એવો કામલતાનો મામો ગુણસાગર ધર્મ કરી મરીને કાંઝીનાયક થયો. શ્રીદત્ત શેઠ તથા શ્રીદત્તા શેઠાણી પૂર્વભવનાં કામલતાનાં માતાપીતા હતાં, જેણે બીજા ભવમાં પુત્રી તરીકે રાખી હતી; અને લક્ષ્મીવતી તથા વસુદત્ત શેઠ પૂર્વભવના માતાપીતા હતાં જેણે રત્નગુપ્તને ઉછેર્યો; આ પ્રમાણે ત્યાં હાજર રહેલાંને પોતાનો પૂર્વભવ સાંભળતાં જેને જેનો સંબંધ હતો તે મૂર્છા આવી જાતિસ્મરણ જ્ઞાન પામી સાક્ષાત દેખવા લાગ્યાં જેથી ધર્મપર ઘણી શ્રદ્ધા થઈ.

કામલતાનો ભાઇ નાનપણથી સત્યભાષી અને ધર્મી હતો તેથી રત્નગુપ્ત તરીકે જન્મી મુખમાંથી રત્ન નીકળતાં હતાં. રાજા ધનંજયનો શેવક શેઠને મારનારો મરીને કામદત્ત થયો, જેણે સમુદ્રમાં તમને નાંખ્યા. આ પ્રમાણે સર્વ અંધકાર કેવળી ભગવાને કહી મનના સંદેહ ટાળ્યા તથા જાતિ સ્મરણ જ્ઞાનથી ખાત્રી થતાં હાથ જોડી મહીપતિ વૈરાગ્ય પામેલો બોલવા લાગ્યો કે હે ભગવાન્! અમને તારો, અને તુર્ત ચંદ્રગુપ્ત રાજાએ રત્નગુપ્તને તિલકાપુરીનું પણ રાજ્ય સોંપ્યું તથા બીજા છ બંધુઓને તેના હાથ નીચે રાખ્યા. રાજસભા સમક્ષ સૌને ભલામણ કરેલી હોવાથી સૌ લોક તેની આણ માનવા લાગ્યા. રાણીઓએ પણ રાજાની આજ્ઞાથી સર્વેએ કર્મ સમુહને કાપવા દીક્ષા લીધી અને પંચાંગી સિદ્ધાંતને ભણવા લાગી.


સૌભાગ્યસુંદરી સહીત દીક્ષા લીધી, ઉત્કૃષ્ટ તપસ્યા કરવા માંડી. ચંદ્રગુપ્ત રાજર્ષિને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું, આઠે કર્મનો ક્ષય કરી મોક્ષમાં ગયા. શીલવતી પણ સાધવીઓ સાથે વીચરતી શમદમ શીલ ગુણથી શોભીતી, વૃતોના અતિચારને ટાળતી, પુર્વના દુષ્કર્મોને તોડવા તેણે અઘોર તપશ્યા કરવા માંડી. જિનેશ્વરના વચનને હૈયામાં રૂચાવી, પાપને પખાળી, શીલવૃતની નવવાડ પૂરેપૂરી પાળતી, ક્રોધાદિક શત્રુને જીતી કામવૃતિને નાશ કરતી, સમતા રસમાં ઝીલવા લાગી. ઉપશમ સંવરમાં આગેવાન થઈ બાવીશ પરીસહને સહન કરી સમકીતરૂપી પાણીથી નિર્મળ થવા લાગી; ગુરૂણી પાસે જ્ઞાન ભણતી, મમતાનો ત્યાગ કરતી, મનવચન કાયાના પાપયોગ ટાળી આત્મા નિર્મળ રાખતી હતી. ગુરૂણીની સેવામાં ક્રીયા વિનય વૈયાવચ્ચ પૂર્ણપણે કરતાં કેવળજ્ઞાન પામી ત્રણ જગતમાં યશસ્વી પદવી પામી; દેવે મહોત્સવ કરી તેના ગુણ ગાયા. પાછળથી કેવળજ્ઞાન પામેલી રત્નગુપ્ત કુમારનો ઉદ્ધાર કરવા તિલકાપુરી ગઈ ત્યાં કેવળીની દેશના સાંભળી અવસર આવેલો જાણી રત્નગુપ્ત કુમાર પણ રાજ્ય છોડી દીક્ષા લેઇ ગુરૂની શિક્ષા માની આઠે કર્મ ખપાવી મોક્ષમાં ગયા. અહીં શીલવતી પણ આયુષ પુરૂં થતાં પાછળ રહેલાં અઘાની કર્મ પણ ખપાવી મોક્ષમાં પહોંચી.

વસુદેવ હિંડમાં તથા બીજા ગ્રંથોમાં શીલવતીનો અધિકાર જોઇ તેના શીલગુણની પ્રશંસા કરવા માટે, પોતાના તથા ભવ્ય જીવોના પ્રતિબોધ માટે રાસરૂપે અધિકાર કહેનાર શ્રી નેમવિજયજી છેવટે કહે છે કે ચોરાશીગચ્છમાં શિરોમણિ ત-

પગચ્છમાં વિજયરત્નસુરીંદના વખતમાં સંવત સતરસોના અખાત્રીજે રચ્યો છે તેમાં કંઇ ઓછું વધતું જિનાજ્ઞા વિરૂદ્ધ કહેવાયું હોય તો મિચ્છામિદુક્કડં–

જે આ કથા સાંભળશે કહેશે તે આદરી તે આખરે શીલવૃત અખંડ પાળી મોક્ષે જશે.

સંવત ઓગણી પાંસઠે, શુદ બીજ થાવરવાર;
હર્ષ શિષ્ય માણેક કહે, સુગદ્ય બંધે સાર.
મંદ મતિ છે માહરી, થઈ હોય જો ભૂલ;
સજ્જન સૌ સુધારજો, વૈદ મીટાવે શૂળ.
કલમશરા ખાનદેશમાં, સંભવ જિનવર દેવ;
સંઘતણા સુપસાયથી, કીધી શીલવતી સેવ.
પાલણપુરમાં જન્મ લૈ, દીક્ષા મુંબઈ શહેર;
ચોમાસું છઠું થશે, દેવગુરૂની મ્હેર.
રાસ બંધ રસના રસિક, વાંચે જન વિદ્વાન;
સ્થુળ બુદ્ધિ માટે કરી, પામો જગમાં માન.



અમારી ઑફીસે મળતાં પુસ્તકો.

સદ્બોધચિંતામણી તથા ગુણમાળા........રૂ. ૦-૨-૦.

જેમાંની ગુણમાળા માટે પૂજ્યવર્ય શ્રી બુદ્ધિસાગર મહારાજે ઉચ્ચ અભિપ્રાય આપેલો છે.

સકામ નિર્જરા અને નારી હિતશિક્ષા........રૂ. ૦-૨-૦.

સ્ત્રીઓને ખાસ વાંચવા લાયક ઉત્તમ શૈલીથી લખાયેલ આ પુસ્તક છે. એના કર્તા મુનિ માણેકની કલમથી કોઈ અજાણ્યું નથી.

તા. ક. બન્ને સાથે લેનારને ત્રણ આના.

સતિ શિયલવતી...............................રૂ. ૦-૪-૦.

ચાર માસ જેવી ટુંક મુદતમાં જેની પ્રથમ આવૃત્તિ ખલાસ થઈ તેજ તેની લોકપ્રિયતા સાબીત કરી આપે છે. કસ્તુરીની સુવાસ ઢંકાઈ રહેજ નહીં. ખાસ મનન કરવા યોગ્ય સ્ત્રી તથા પુરૂષોનાં સાંકડાં મગજ ઉપર મજબુત નીતિ (morality) ની છાપ બેસાડનાર આજ પુસ્તક છે.

માણેકમાળા...છપાય છે.

પ્રથમ આવૃત્તિ ખલાસ થઇ છે.

શ્રી જૈન મિત્ર મંડળસભા.
માંડળ.
તા. વીરમગામ.